અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

16 MARCH-2026 MONDAY | Vol. : 17 | Issue : 252 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

રાજસ્થાનમાં બોમ્બ બ્લાસ્ટ માટે પાકિસ્તાનથી IED મોકલવામાં આવ્યું

4

ચીન પાંચ વર્ષમાં હથિયારોની આયાત 72 ટકા ઘટાડીને આત્મનિર્ભર બન્યું

6

IPL 2026 પહેલા દિલ્હી કેપિટલ્સને મોટો ફટકો: દિગ્ગજ મેન્ટર કેવિન પીટરસને ટીમનો સાથ છોડ્યો!

7


ઘર ખરીદવાથી લઈને વિદેશમાં ફરવા સુધી... 1 એપ્રિલથી ટેક્સ સંબંધિત 7 મોટા નિયમ બદલાશે

## UAEમાં ભારતીય જહાજ પર ઓઈલ ભરતી વખતે હુમલો

### ભારત સરકારે કહ્યું- કર્મચારીઓ સુરક્ષિત, શિપ રવાના થઈ ગયું, ઈઝરાયલ પર ઈરાનનો મિસાઈલ એટેક



**તેહરાન, તા.15**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે 16મો દિવસ છે. આ કારણોસર ખાડી દેશોમાંથી ઓઈલ લાવવામાં જહાજોને મુશ્કેલી પડી રહી છે. ભારત સરકારના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના જણાવ્યા અનુસાર, શનિવારે UAE ના 'ફુજૈરાહ ઓઈલ ટર્મિનલ' પર હુમલો થયો હતો. આ દરમિયાન ભારતીય ધ્વજ ધરાવતું જહાજ 'જગ લાડકી' ત્યાં ઓઈલ ભરી રહ્યું હતું.

જહાજ પર સવાર તમામ ભારતીય સ્ટાફ સુરક્ષિત છે. જહાજે લગભગ 80,800 મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ લોડ કર્યું અને હવે તે સુરક્ષિત રીતે ભારત તરફ રવાના થઈ ગયું છે.

બીજી તરફ, રવિવારે ઈરાને ઈઝરાયલ પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મિસાઈલના ટુકડા પડવાથી તે ઈમારતને નુકસાન થયું છે જ્યાં અમેરિકી રાજદ્વારીઓ કામ કરે છે. જોકે એ જણાવવામાં આવ્યું નથી કે આ ઈમારત કયા શહેરમાં છે. ઈઝરાયલમાં અમેરિકાનું દૂતાવાસ યરૂશલમમાં છે અને તેલ અવીવમાં પણ તેની એક મોટી ઓફિસ છે. ઈરાને રવિવારે આ યુદ્ધમાં પહેલીવાર ઈઝરાયલ પર 'સેજિલ બેલેસ્ટિક મિસાઈલ' છોડી છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ જણાવ્યું છે કે ઈઝરાયલના સૈન્ય અને ડિફેન્સ ફેસિલિટીને નિશાન બનાવવામાં આવ્યા છે. આ એક સોલિડ ફ્યુઅલ વાળી સ્ટ્રેટેજિક મિસાઈલ છે, જે 2000-2500 કિલોમીટર સુધી હુમલો કરી શકે છે. તે મહત્વના સૈન્ય અને કમાન્ડ સેન્ટર્સ પર સચોટ નિશાન સાધી શકે છે.

UAE ના રક્ષામંત્રાલયે જણાવ્યું છે કે તેના ડિફેન્સ સિસ્ટમે આજે ઈરાન તરફથી આવેલી 4 બેલેસ્ટિક મિસાઈલ અને 6 ડ્રોનને તોડી પાડ્યા છે.

મંત્રાલયે એમ પણ કહ્યું કે 28 ફેબ્રુઆરીથી અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન અત્યાર સુધીમાં UAE માં કુલ 298 બેલેસ્ટિક મિસાઈલ, 15 ક્રૂઝ મિસાઈલ અને 1,606 ડ્રોનને અટકાવવામાં આવ્યા છે.

પોપ લિયોએ કહ્યું છે કે મિડલ ઈસ્ટમાં સ્થિતિ ખૂબ જ ખરાબ છે અને યુદ્ધને તાત્કાલિક રોકવું જોઈએ. તેમણે તમામ પક્ષોને વાતચીત શરૂ કરવા અને હિંસા બંધ કરવા માટે અપીલ કરી છે.

પોપ લિયોએ કહ્યું કે છેલ્લા બે અઠવાડિયામાં હજારો લોકો માર્યા ગયા છે અને ઘણા લોકો પોતાનું ઘર છોડવા માટે મજબૂર થયા છે. તેમણે તે લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે જેમણે સ્કૂલ, હોસ્પિટલ અને ઘરો પર થયેલા હુમલાઓમાં પોતાના પરિવારના સભ્યો ગુમાવ્યા છે.

નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરે કહ્યું છે કે ઈરાનમાં યુદ્ધ વધી રહ્યું છે અને અમેરિકા તેમજ ઈઝરાયલની સૈન્ય યોજના સ્પષ્ટ દેખાતી નથી. તેમણે એમ પણ કહ્યું કે નોર્વેમાં કોઈ પણ પરમાણુ હથિયાર રાખવામાં આવશે નહીં.

તેમણે ઈરાન પર ઈઝરાયલના હુમલાઓની ટીકા કરી અને કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ છે. તેમણે ઈઝરાયલને 'આક્રમક દેશ' ગણાવ્યો. નોર્વેએ એવી પણ ચેતવણી આપી છે કે આ યુદ્ધ પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાને જોખમમાં મૂકી રહ્યું છે.

ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે, ઈઝરાયલે ઈમરજન્સી સૈન્ય ખર્ચ માટે 2.6 અબજ શેકેલ (આશરે 74,430 કરોડ) નું બજેટ મંજૂર કર્યું છે. આ બજેટનો ઉપયોગ સુરક્ષા માટેની ખરીદી અને તાત્કાલિક જરૂરી જરૂરિયાતો પૂરી કરવા માટે કરવામાં આવશે.

નાણા મંત્રાલયના દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે યુદ્ધના ખર્ચને કારણે આ વધારાનું બજેટ જરૂરી હતું. આ અંતર્ગત શસ્ત્રોની ખરીદી, આધુનિક હથિયાર પ્રણાલી અને જરૂરી યુદ્ધ સામગ્રીનો પુરવઠો પૂરો પાડવામાં આવશે. આ બજેટ દેશના કુલ $222 અબજના બજેટમાંથી ફાળવવામાં આવશે, જેને સરકારે 12 માર્ચના રોજ મંજૂર કર્યું હતું.

ઈરાનના વરિષ્ઠ અધિકારી અલી લરીજાનીએ દાવો કર્યો છે કે જેફ્રી એપસ્ટીન સાથે જોડાયેલા કેટલાક લોકો 2001ના 9/11 (વર્લ્ડ ટ્રેડ સેન્ટર) જેવા હુમલા કરાવવાનું કાવતરું ઘડી રહ્યા છે.

તેમણે કહ્યું કે તેનો આરોપ ઈરાન પર નાખવાનો પ્રયાસ કરવામાં આવી શકે છે. ઈરાન આવા કોઈ પણ આતંકવાદી હુમલાનું સમર્થન કરતું નથી અને તેને અમેરિકાની જનતા સાથે કોઈ યુદ્ધ નથી. નોંધનીય છે કે જેફ્રી એપસ્ટીને 2019માં જેલમાં આત્મહત્યા કરી લીધી હતી. તેના પર સગીર વયની છોકરીઓના જાતીય શોષણના આરોપ હતા. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટે છેલ્લા કેટલાક મહિનામાં એપસ્ટીન સાથે જોડાયેલી ઘણી ફાઈલો જાહેર કરી છે. તેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સહિત વિશ્વભરના ઘણા હાઈ પ્રોફાઈલ લોકોના નામ છે. બીજી તરફ, 2001માં 11 સપ્ટેમ્બરના રોજ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો થયો હતો, જેમાં હજારો લોકો માર્યા ગયા હતા. આ ઘટનાને આતંકી જૂથ અલ-કાયદાના સરગના ઓસામા બિન લાદેને અંજામ આપ્યો હતો.

## નેપાળમાં 7 ભારતીય શ્રદ્ધાળુઓનાં મોત: મનકામના મંદિરથી પરત ફરતી બસ 200 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી, ડ્રાઈવર બચી ગયો....

**કાઠમંડુ, તા.15**


નેપાળના ગંડકી પ્રાંતના ગોરખા જિલ્લામાં શનિવારે રાત્રે ભારતીય યાત્રાળુઓથી ભરેલી એક બસ ખીણમાં પડી ગઈ. તેમાં 7 લોકોના મોત થયા છે, જ્યારે 7 ઘાયલ છે. યાત્રાળુઓ મનકામના મંદિરથી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, શ્રદ્ધાળુઓને લઈ જતી એક બસ મનકામના મંદિરથી પરત ફરી રહી હતી, ત્યારે રસ્તા પરથી સરકીને 200 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી.

અકસ્માતમાં ઘાયલ 7 યાત્રાળુઓને ભરતપુર સ્થિત ચિતવન મેડિકલ કોલેજમાં સારવાર માટે મોકલવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર બસમાં એક ડઝનથી વધુ યાત્રાળુઓ સવાર હતા.

પ્રશાસન અનુસાર, બસ મનકામના મંદિરથી તનહુન જિલ્લાના અંબુખૈરેની વિસ્તાર તરફ જઈ રહી હતી. ઘટના બાદ મોડી રાત સુધી બચાવ કામગીરી ચાલુ રહી. પોલીસે જણાવ્યું કે અકસ્માતના અન્ય કારણોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

ગોરખા જિલ્લા ટ્રાફિક પોલીસ અધિકારી સૂરજ આર્યલે જણાવ્યું કે મૃતકોમાં બે મહિલાઓ અને પાંચ પુરુષોનો સમાવેશ થાય છે. બધા ભારતીય નાગરિક હતા.



જિલ્લા પોલીસ પ્રમુખ ભરત બહાદુર બીકે મુજબ મૃતકોની ઓળખ મુથુ કુમાર (58), અનામાલિક (58), મીનાક્ષી (59), શિવગામી (53), વિજયલ (57), મીના (58) અને તમિલરસી (60) તરીકે થઈ છે.

હિમાલયન ટાઈમ્સ અનુસાર, ઈલેક્ટ્રિક બસનો ડ્રાઈવર સુરક્ષિત બચી ગયો, જ્યારે તેનો આસીસ્ટન્ટ આ અકસ્માતમાં ઘાયલ થયો છે.

વર્લ્ડ બેંકના એક અભ્યાસ મુજબ નેપાળમાં માર્ગ અકસ્માતોથી થતું આર્થિક નુકસાન 2007 પછી ત્રણ ગણું વધી ગયું છે અને હવે તે દેશના કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP)ના લગભગ 1.5% જેટલું છે.

વર્લ્ડ બેંક અનુસાર, નેપાળમાં માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામનારાઓમાં 70% થી વધુ રાહદારીઓ, સાયકલ સવારો અને મોટરસાયકલ સવાર જેવા હોય છે.

આ પહેલા 23 ફેબ્રુઆરીના રોજ નેપાળના ધાદિંગ જિલ્લામાં એક પ્રવાસી બસ 200 મીટર ઊંડી ખીણમાં પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં 19 લોકોના મોત થયા હતા, જ્યારે 25 લોકો ઘાયલ થયા હતા. બસ પોખરાથી કાઠમંડુ જઈ રહી હતી અને તેમાં 44 લોકો સવાર હતા.

મૃતકોમાં 24 વર્ષનો બ્રિટિશ નાગરિક, 40 વર્ષની ચીની મહિલા અને 32 વર્ષનો ભારતીય પુરુષ પણ સામેલ છે. નેપાળમાં પહાડી વિસ્તારોમાં સાંકડા અને ખરાબ રસ્તાઓને કારણે માર્ગ અકસ્માતો સામાન્ય છે.

નેપાળનો મોટાભાગનો વિસ્તાર પહાડી અને દુર્ગમ છે. રસ્તાઓની બાજુમાં ઊંડી ખીણો અને ઢોળાવ હોય છે. નાની ભૂલ કે ખરાબ હવામાનમાં વાહનો રસ્તા પરથી સરકી શકે છે, તેથી માર્ગ અકસ્માતો વધુ થાય છે.

નેપાળના ઘણા વિસ્તારોમાં રસ્તાઓ સાંકડા, વળાંકવાળા અને યોગ્ય રીતે વિકસિત નથી. ઘણી જગ્યાએ સુરક્ષા દિવાલો કે રેલિંગ પણ હોતી નથી. આનાથી બસ કે કાર પડવાનું જોખમ વધી જાય છે.

નેપાળમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડે છે, જેના કારણે ભૂસ્ખલન અને પૂરની ઘટનાઓ વધી જાય છે. પહાડોમાં માટી ધસી પડવાથી રસ્તાઓ તૂટી જાય છે અને વાહનો અકસ્માતનો ભોગ બને છે.

નેપાળ ભૂકંપની દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારમાં આવે છે. જમીનની અસ્થિરતા અને પહાડી ઢોળાવ પણ અકસ્માતોની શક્યતા વધારે છે.

## ભાજપે ઓડિશાથી 82 ધારાસભ્યોને પારાદીપ મોકલ્યા: કોંગ્રેસના 8 ધારાસભ્યો બેંગલુરુમાં રોકાયા

**ભુવનેશ્વર, તા.15**

ઓડિશામાં 16 માર્ચે યોજાનારી રાજ્યસભા ચૂંટણી પહેલાં ભાજપે તેના 82 ધારાસભ્યોને પારાદીપ મોકલી દીધા છે. પાર્ટીએ પ્રદેશ અધ્યક્ષ મનમોહન સામલ, સાંસદ સુજીત કુમાર અને અપક્ષ ઉમેદવાર દિલીપ રાયના સમર્થનમાં રણનીતિ બનાવવા માટે આ પગલું ભર્યું છે.

શનિવારે સાંજે ભુવનેશ્વરમાં આવેલા ભાજપ મુખ્યાલયમાં બેઠક બાદ મંત્રીઓ અને ધારાસભ્યો બે લક્ઝરી બસોમાં પારાદીપ જવા રવાના થયા. પાર્ટીના સૂત્રો અનુસાર, તમામ ધારાસભ્યો પારાદીપમાં દિલીપ રાયની હોટલમાં રોકાશે. આ પહેલાં કોંગ્રેસે પણ તેના આઠ ધારાસભ્યોને બેંગલુરુના વન્ડરલા રિસોર્ટ મોકલ્યા હતા. ઓડિશાની ચાર રાજ્યસભા બેઠકો પર ચૂંટણી યોજાઈ રહી છે, જેમાં ભાજપને બે અને બીજેડીને એક બેઠક મળવાની સંભાવના છે.

ચોથી બેઠક માટે ભાજપ અને બીજેડીના ઉમેદવાર વચ્ચે મુકાબલો થશે. રાજ્યસભાની 37 બેઠકો માટે 10 રાજ્યોમાં 16 માર્ચે ચૂંટણી યોજાશે અને તે જ દિવસે સાંજે 5 વાગ્યે મતગણતરી થશે. ખાદ્ય



પુરવઠા મંત્રી કેસી પાત્રા અને કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદને જણાવ્યું હતું કે 16 માર્ચના રાજ્યસભા ચૂંટણીમાં ભાજપને ચારમાંથી ત્રણ બેઠકો જીતવાનો વિશ્વાસ છે અને મત અમાન્ય ન થાય તે માટે ધારાસભ્યોને પારાદીપમાં તાલીમ આપવામાં આવશે. ભાજપે ડેપ્યુટી ચીફ વ્હીપ પીકે દેબને મતદાન માટે અધિકૃત એજન્ટ બનાવ્યા છે. તે જ સમયે, ઓડિશા વિધાનસભામાં શનિવારે મોક ડ્રિલ પણ યોજાઈ હતી, કારણ કે 147 સભ્યોના ગૃહમાં 84 ધારાસભ્યો પ્રથમ વખત ચૂંટાયા છે, તેથી તાલીમ જરૂરી માનવામાં આવી હતી. BJDએ સંતૃપ્ત મિશ્રાને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે, અને BJP એ આગામી રાજ્યસભા ચૂંટણીઓ માટે ઓડિશા પાર્ટી પ્રમુખ મનમોહન સામલ અને સુજીત કુમારના નામની જાહેરાત કરી છે. બીજુ જનતા દળે ગુરુવારે પાર્ટીના તમામ ધારાસભ્યો માટે 'થ્રી-લાઈન વ્હીપ' જારી કર્યો. તેમાં ધારાસભ્યોને નિર્દેશ આપવામાં આવ્યો કે તેઓ ભુવનેશ્વરમાં યોજાનારી પાર્ટીની બેઠકોમાં ફરજિયાતપણે હાજર રહે. ધારાસભ્યોને કહેવામાં આવ્યું છે કે તેઓ 13 અને 14 માર્ચના રોજ નવીન નિવાસ પહોંચી જાય.

બીજેડી અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકે પણ પાર્ટી ધારાસભ્યોની બેઠક બોલાવી હતી. તેમણે ભાજપ પર હોર્સ ટ્રેડિંગના પ્રયાસનો આરોપ લગાવ્યો છે. પટનાયકે આ પહેલા પાર્ટી ધારાસભ્યોને ત્રણ લાઈનનો વ્હીપ જારી કરીને તેમને 13 અને 14 માર્ચે તાલીમ કાર્યક્રમમાં ફરજિયાતપણે હાજર રહેવા જણાવ્યું હતું. રાજ્યસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને હોર્સ ટ્રેડિંગનો ડર સતાવી રહ્યો છે. હરિયાણામાં 2 રાજ્યસભા બેઠકો ખાલી થઈ રહી છે. ચંદીગઢમાં વિરોધ પક્ષના નેતા ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ ધારાસભ્યોને લંચ પર બોલાવ્યા. સૂત્રો અનુસાર, આ ધારાસભ્યોને 5 જોડી કપડાં સાથે લાવવા માટે કહેવામાં આવ્યું હતું.

## 950નો બાટલો રૂ.3500માં મળે છે: ગેસ એજન્સીઓ પર સવારે 4 વાગ્યાથી લાઈનો લાગી, સુરતમાં રેલવે સ્ટેશને ભીડ, લોકો વતનની વાટ પકડી.....

**નવી દિલ્હી, તા.15**

અમેરિકા-ઈઝરાયેલના ઈરાન સાથેના યુદ્ધને કારણે દેશમાં LPG સંકટ વધી ગયું છે. મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ-ચંદીગઢ, હરિયાણા અને રાજસ્થાન સહિતના અન્ય રાજ્યોમાં સિલિન્ડર માટે સવારથી જ ગેસ એજન્સીઓ અને ગોડાઉન પર લાઈનો લાગી ગઈ છે. LPG સંકટને કારણે ગેસ સિલિન્ડરની કાળાબજારી પણ વધી ગઈ છે. 950 રૂપિયામાં મળતો ગેસ સિલિન્ડર 3500 રૂપિયામાં અને 2 હજાર રૂપિયાનો કોમર્શિયલ સિલિન્ડર બ્લેકમાં 5 હજાર રૂપિયામાં વેચાઈ રહ્યો છે.

મિડલ ઈસ્ટમાં વધતા યુદ્ધનાં તણાવથી રાંધણ ગેસનો પુરવઠો પ્રભાવિત થયો છે, તેને કારણે હવે સુરતમાં વસતા પરપ્રાંતીય શ્રમિકોની હાલત રોજબરોજનાં ગેસ વપરાશને લઈને કટોકટી ભરી બની ગઈ છે. ગેસની બોટલો કાળા બજારમાં ચારથી પાંચ ઘણા ભાવે વેચાઈ રહી છે, જે શ્રમિકોને કોઈ કાળે પરવડે તેવું નથી. ગેસ સંકડ વચ્ચે હવે તેમની ધીરજનાં બાણ ખુટી જતાં અને કોરોનાકાળ જેવી



સ્થિતિ ન સર્જાય તેવા ડરથી પરપ્રાંતિઓ વતનની વાટ પકડી રહ્યાં છે. આજે 15 માર્ચે રેલવે સ્ટેશન પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

લોકો LPG માટે સંઘર્ષ કરી રહ્યા છે. ઘરના રસોડામાં ચૂલા પણ સળગી રહ્યા નથી. ગેસ ગોડાઉનની બહાર લાઈનો લાગી રહી છે. CNG-LPG સ્ટેશન પર પણ આવી જ સ્થિતિ છે. ઓટોની એક-એક કિલોમીટર લાંબી લાઈનો લાગી રહી છે. લોકોને આખી રાત સ્ટેશનની બહાર વિતાવવી પડે છે, છતાં તેમને પૂરતું LPG મળતો નથી. પંજાબ-ચંદીગઢમાં ગેસ સંકટ યથાવત છે. લોકો સવારે સાડા 4 વાગ્યાથી જ લાઈનમાં લાગેલા છે. અમૃતસરમાં અફરાતફરીનો માહોલ રહ્યો. જલંધરમાં પણ એજન્સીઓની બહાર ભીડ જોવા મળી. બીજી તરફ, ચંદીગઢમાં પોલીસની દેખરેખ હેઠળ સિલિન્ડર મળી રહ્યા છે.

રસોઈ ગેસ (LPG) નું સંકટ વધતું જઈ રહ્યું છે. નાના બાળકો હોય કે વૃદ્ધો, બધા કલાકો સુધી લાઈનમાં ઊભા છે. 8 કલાક આકરા તડકામાં ઊભા રહ્યા પછી પણ સિલિન્ડર મળી રહ્યું નથી. 6 દિવસથી 50 હજારથી વધુ હોટલ અને રેસ્ટોરન્ટને કોમર્શિયલ સિલિન્ડર મળ્યા નથી. હોટલ-રેસ્ટોરન્ટમાં સિલિન્ડરમાં ગેસ પુરો થઈ ગયો છે. તેથી ત્યાં મેનૂ બદલાયું છે. ઘણી લારીઓ પણ બંધ થઈ ગઈ છે. ગેસ સિલિન્ડરની અછત વચ્ચે અચાનક હવે ડીઝલની માંગ વધી ગઈ છે. ગ્રાહકો જરૂરિયાત કરતાં વધુ ડીઝલનો સ્ટોક કરી રહ્યા છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રશાસને પેટ્રોલ-ડીઝલના પુરવઠા પર નજર રાખવાનું શરૂ કરી દીધું છે. બધા પેટ્રોલ પંપ સંચાલકોને નિર્દેશ આપ્યા છે કે પેટ્રોલ, ડીઝલ અને સીએનજીનો પર્યાપ્ત પુરવઠો સુનિશ્ચિત કરે અને કોઈપણ ગ્રાહકને જરૂરિયાત કરતાં વધુ તેલ ન આપે. જો તમારા ઘરમાં પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) કનેક્શન છે, તો હવે તમારે તમારું LPG સિલિન્ડર સરેન્ડર કરવું પડશે. દેશમાં વધતા ગેસ સંકટ વચ્ચે પેટ્રોલિયમ મંત્રાલયે સપ્લાયના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે.

નવા આદેશ મુજબ, PNG યુઝર્સને ન તો નવું LPG કનેક્શન મળશે અને ન તો જૂનો સિલિન્ડર રિફિલ થશે. સરકારે આ પહેલા સપ્લાયને લઈને 9 દિવસમાં 3 વખત નવા નિયમો જાહેર કર્યા છે.

જો તમારા ઘરમાં પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) કનેક્શન છે, તો હવે તમારે તમારો LPG સિલિન્ડર સરેન્ડર કરવો પડશે. દેશમાં ઘેરાતા ગેસ સંકટ વચ્ચે પેટ્રોલિયમ મંત્રાલયે સપ્લાયના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે.

નવા આદેશ મુજબ, PNG યુઝર્સને ન તો નવું LPG કનેક્શન મળશે અને ન તો જૂનો સિલિન્ડર રિફિલ થશે. સરકાર આ પહેલા સપ્લાયને લઈને 9 દિવસમાં 3 વાર નવા નિયમો જાહેર કરી ચૂકી છે.

6 માર્ચ: ઘરેલું LPG બુકિંગ માટે લોક-ઈન પિરિયડ 21 દિવસનો કરવામાં આવ્યો. 9 માર્ચ: માગ વધવાને કારણે શહેરોમાં લોક-ઈન પિરિયડ વધારીને 25 દિવસનો કરવામાં આવ્યો. 12 માર્ચ: ગ્રામીણ વિસ્તારોમાં સિલિન્ડર બુક કરવાનો ગેપ 45 દિવસનો કરવામાં આવ્યો.

નવા નિયમો તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયા છે. સરકાર ઈચ્છે છે કે જેમની પાસે PNG નો વિકલ્પ છે, તેઓ સિલિન્ડર છોડી દે જેથી સિલિન્ડર તે લોકો સુધી પહોંચી શકે જેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી. શનિવારે જાહેર કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે જેમની પાસે બંને કનેક્શન છે, તેઓ તરત જ નજીકના LPG ડિસ્ટ્રીબ્યુટર અથવા કંપનીના પોર્ટલ પર જઈને કનેક્શન સરન્ડર કરે. સરન્ડર કરવા પર દંડ લાગશે નહીં, પરંતુ નિયમ તોડવા પર કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.




# મંદિર બંધ થતા જ કમ્પાઉન્ડમાં દારૂ ગાંજાની મહેફિલ: અમદાવાદનું મહાદેવ મંદિર પરિસર ને ગાર્ડન અસામાજિક તત્વોનો અડ્ડો?



**અમદાવાદ, તા.15**

અમદાવાદ શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલા રામેશ્વર મંદિરના કમ્પાઉન્ડમાં મંદિર બંધ થયા બાદ અસામાજિક તત્વો દારૂ, ગાંજા અને ચરસની મહેફીલ માણતા હોવાના મંદિર ટ્રસ્ટ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે.

ટ્રસ્ટે એવો પણ આક્ષેપ કર્યો છે કે, ભગવાનના ધામમાં બેસીને જ અસામાજિક તત્વો જુગાર પણ રમે છે. આ અંગે મંદિર ટ્રસ્ટ દ્વારા ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપવામાં આવી છે. જેને લઈને પોલીસ દ્વારા હાલ આ મામલે કાર્યવાહી ચાલી રહી હોવાનું જણાવવામાં આવ્યું છે.

મળતી વિગત અનુસાર, ઘાટલોડિયામાં આવેલા રામેશ્વર મહાદેવ મંદિરના રામેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા ઘાટલોડિયા પોલીસ સ્ટેશનના પીઆઈને અરજી પણ આપવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, રામેશ્વર મહાદેવનું મંદિર તથા અમુલનો બગીચો વર્ષોથી સ્થાપિત છે. બગીચાનું સંચાલન અમુલ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

અરજી મુજબ, બપોરના સુમસામ સમયે 12:30થી 04:30 તથા રાત્રે 8:30થી આખી રાતના સમયગાળામાં અસામાજિક તત્વો દ્વારા મંદિરના પગથિયા ઉપર બેસીને ગાંજો, ચરસ, ધૂમ્રપાન તથા દારૂ જેવા પદાર્થોનું સેવન કરવામાં આવતું હોય છે. અભદ્ર ભાષા બોલે છે. જેનો વીડિયો પણ છે. મંદિરના પગથિયાં પર પાન મસાલા ખાઈને પિચકારી મારી ગંદકી પણ કરવામાં આવી રહી છે.

મહાદેવ મંદિરના રામેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં બે અરજી કરવામાં આવી છે.જેમાં મંદિર અને બગીચાની આસપાસ પોલીસ પેટ્રોલિંગ અને કાર્યવાહીની માંગણી કરવામાં આવી છે.

ઘાટલોડિયા પોલીસ સ્ટેશનના પીઆઈ સી. જી. જોશીએ જણાવ્યું હતું કે, મંદિર તરફથી અરજી મળ્યા બાદ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. મંદિર આસપાસ કાયમી પોલીસનો પોઈન્ટ પણ મૂકવામાં આવશે. મંદિર દ્વારા કરવામાં આવેલી અરજી પર ત્વરિત પગલા લેવામાં આવ્યા છે.

# અમદાવાદમાં છરો લઈ તલવારની જેમ ફેરવી યુવતીએ બેફામ ગાળો ભાંડી

## દેશી દારૂના અડ્ડાઓ મામલે પાડોશીઓ વચ્ચેના ઝઘડામાં તોફાન મચાવી દીધું, પોલીસે તપાસ હાથ ધરી

**અમદાવાદ, તા.15**

અમદાવાદમાં દિન પ્રતિદિન અસામાજિક તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. શહેરના અમરાઈવાડી વિસ્તારની પૂનમ શેઠની ચાલીનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં એક યુવતી દ્વારા છરા જેવું હથિયાર બતાવવામાં આવી રહ્યું છે.

પાડોશીઓ વચ્ચેના ઝઘડાની અદાવતમાં બે થી ત્રણ સગીરા સહિતની યુવતી દ્વારા બોલાચાલી કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે હાલ અમરાઈવાડી પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.

અમદાવાદમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ જોવા મળી રહી છે દિન પ્રતિદિન જાહેરમાં મારામારીના બનાવો વધી રહ્યા છે. લાકડીઓ, દંડા અને તલવાર જેવા ઘાતક હથિયારો પર પ્રતિબંધ હોવા છતાં પણ જાહેર રોડ ઉપર મારામારીના બનાવો ઘટી રહ્યા નથી.

આ વીડિયોમાં બે યુવતીઓ દ્વારા બોલાચાલી કરવામાં આવી રહી છે. તેમજ એક યુવતી દ્વારા હાથમાં છરા જેવું હથિયાર બતાવવામાં આવી રહ્યું છે. આ મામલે અમરાઈવાડી પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમરાઈવાડીના સંજય ચોક વિસ્તાર પાસે આવેલી ચાલીનો આ વિડિયો છે. જેમાં બે પાડોશીઓ વચ્ચે ઝઘડો થયો હોવાથી તેની અદાવતમાં થયેલી બોલાચાલીમાં છરા જેવું હથિયાર બતાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

આ મામલે નોંધાયેલી પોલીસ ફરિયાદ મુજબ, અમરાઈવાડીના ભીલવાડા વિસ્તારમાં સંજય ચોક પાસે આવેલી પૂનમ શેઠની ચાલીમાં ઉષાબેન પટેલ રહે છે. તેમનો નાનો દીકરો દીપક ઉર્ફે લીંબુ છે, જે પત્ની દિવ્યાબેન સાથે રહે છે. બે મહિના પહેલા તેના દીકરા દીપક તથા તેના મિત્ર અનિશ સાથે ચાલીમાં રહેતા ગંગારામ ગોસ્વામીને તેના મિત્રો સાથે મારામારી થઈ હતી.

14 માર્ચના રોજ રાત્રે દિવ્યા ઉષાબેનના ઘરે આવી હતી. જે સમયે રાત્રે ૯ વાગ્યાની આજુબાજુ તેમની ચાલીમાં રહેતા ગંગારામભાઈની ભત્રીજી તેમજ



અન્ય ત્રણ મહિલાઓ ઘરની બહાર આવીને અગાઉના ઝઘડાની અદાવત રાખી જેમ ફાવે તેમ ગાળો બોલી મારામારી કરવા લાગ્યા હતા. જેના પગલે ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો.

ત્યાર બાદ ઘર બહાર નહીં નીકળવાનું કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે અમરાવાડી પોલીસ દ્વારા ગુનો નોંધી આરોપીઓને પકડવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. જોકે અમરાઈવાડી પોલીસ દ્વારા ફરિયાદમાં ક્યાંય પણ દેશી દારૂ અડ્ડાઓ ચાલવા મુદ્દે ઝઘડા અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

સંજય ચોક વિસ્તારમાં રહેતી એક મહિલા દ્વારા ચારથી પાંચ યુવતીઓ વિરુદ્ધમાં અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપવામાં આવેલી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે અમે પરિવાર સાથે રહીએ છીએ અને અમારી ચાલીમાં અસામાજિક પ્રવૃત્તિઓ ચાલે છે. એક વ્યક્તિ દ્વારા દેશી દારૂનો અડ્ડો ચલાવવામાં આવે છે. જેના વિરુદ્ધમાં અમે બોલતા તેમના પરિવારની મહિલાઓ દ્વારા બોલાચાલી કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી છે.

આ સમગ્ર મામલે હાલ અમરાઈવાડી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. દેશી દારૂના અડ્ડા ચાલતા હોવા બાબતે બોલાચાલી થયો હોવાનું જાણવા મળ્યું છે જોકે આ સમગ્ર મામલે હાલ પોલીસે પણ એક વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરી હોવાનું સામે આવ્યું છે. 3 માર્ચની રાત્રે અમદાવાદના નોબલનગર વિસ્તારમાં ધ્રુજારી કંપાવી દે એવી ઘટના સામે આવી હતી. ચાર શખસો લાકડીઓ વડે બે મહિલા અને પુરુષ પર તૂટી પડ્યા હતા. બાઈકો પર આવેલા શખસો લાકડીઓ વડે એક વ્યક્તિને માર મારતા હતા, જેને બચાવવા માટે બે મહિલાઓ વચ્ચે આવી હતી. મહિલા યુવકને બચાવી રહી હતી છતાં પણ ચારેય યુવકો બેફામ લાકડીઓ વરસાવી રહ્યા હતા.

આ મામલે સરદારનગર પોલીસ અને એરપોર્ટ પોલીસ હદનો નિર્ણય લઈ શકી નહીં. છેવટે એરપોર્ટ પોલીસ સ્ટેશનની હદ નક્કી થતા પોલીસે જયેશ રબારી, જયસુભાઈ અને પરેશ રબારી વિરૂદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. તો અન્ય એક બનાવમાં અમદાવાદના સરદારનગર વિસ્તારમાં આવેલા છારાનગરમાં ગઈકાલે(3 માર્ચ) મોડી રાત્રે લૂંટ વિથ મર્ડરની ઘટના બની હતી. છારાનગરના ફ્રી કોલોનીમાં રહેતા વૃદ્ધાના ઘરમાં ઘૂસી અજાણ્યા શખ્સો દ્વારા લૂંટ ચલાવી અને હત્યા કરવામાં આવી હતી. સ્થાનિક વ્યક્તિને જાણ થતા તેમણે પરિવારજનોને અને પોલીસને જાણ કરી હતી. સરદારનગર પોલીસ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી, જ્યાં મહિલાની પગ બાંધેલી ઉઘી પડેલી લાશ જોવા મળી હતી.

## રાજ્યમાં શિક્ષણના સર્વાંગી વિકાસ માટે 63,184 કરોડનું સર્વાધિક બજેટ

# 500થી વધુ સંખ્યા ધરાવતી શાળાઓમાં 1,141 વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરાશે



**ગાંધીનગર, તા.06**

વિધાનસભા ખાતે વર્ષ ૨૦૨૬-૨૭ માટેની શિક્ષણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર ચર્ચા કરતાં શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ સાથે રાજ્યનો શિક્ષણ વિભાગ નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યો છે.

તેમણે કહ્યું કે માનવ નિર્માણ અને વિકાસના પાયા મજબૂત કરવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલી ૬૩,૧૮૪ કરોડની સર્વાધિક અંદાજપત્રીય માંગણીઓ એ માત્ર આંકડાકીય જોગવાઈ નથી, પરંતુ લાખો વિદ્યાર્થીઓના સપનાઓને સાકાર કરવાનું મહત્ત્વનું માધ્યમ છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં કરવામાં આવેલા ક્રાંતિકારી સુધારા વિશે વાત કરતાં ડૉ. વાજાએ કહ્યું કે, રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ જેવા અભિયાનોને કારણે વર્ષ ૧૯૯૫માં જે ડ્રોપ આઉટ રેશિયો ૫૧.૨૨ ટકા હતો, તે ઘટીને ૨.૩૫ ટકા જેટલો નીચો આવ્યો છે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ હેઠળ રાજ્યની શાળાઓને સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ લેબોરેટરી અને આધુનિક લાઈબ્રેરીથી સજ્જ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૫-૨૬માં બાલવાટિકા અને ધોરણ-૧માં કુલ ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે, જે સરકારી શિક્ષણ પરના વધતા વિશ્વાસનું પ્રતીક છે. શિક્ષકોની ઘટ પૂરી કરવા માટે વર્ષ ૨૦૧૦ થી ૨૦૨૩ સુધીમાં કુલ ૫૮,૮૦૧ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી છે.

## રાજ્ય અને જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા

# વર્ષ 2025 દરમિયાન અનુક્રમે 1,670 અને 12,920 કેસના નિકાલ કરાયા

## સરકારે ગ્રાહકોને લગતી ફરિયાદો માટે શરુ કરેલી હેલ્પલાઈન દ્વારા 22,700થી વધુ લોકોને મળ્યું માર્ગદર્શન

**ગાંધીનગર, તા.06**

એક જાગૃત ગ્રાહક સશક્ત સમાજ અને વિશ્વસનીય બજાર વ્યવસ્થાનો આધાર છે. વિશ્વભરમાં ગ્રાહકોને તેમના અધિકારો વિશે માહિતગાર કરવા માટે દર વર્ષે 15મી માર્ચના રોજ 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર ગ્રાહકોના અધિકારોનું રક્ષણ થાય અને તેમને સુરક્ષિત ઉત્પાદનો ઉપલબ્ધ થાય તે માટે સતત કાર્ય કરી રહી છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ગ્રાહકોની ફરિયાદોનું ઝડપી અને અસરકારક નિવારણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે. વર્ષ 2025ની વાત કરીએ તો, રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન તથા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા અનુક્રમે 1,670 અને 12,920 કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ગ્રાહકોને તેમના અધિકારો વિશે શિક્ષિત કરવા અને રાજ્યમાં ન્યાયી વેપાર પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે નોંધપાત્ર પગલાં લીધાં છે. રાષ્ટ્રીય સ્તરે ઓનલાઈન પોર્ટલ- ઈ જાગૃતિ અને 1915 હેલ્પલાઈન ઉપરાંત, રાજ્ય સ્તરે ગ્રાહકોને લગતી ફરિયાદો માટે રાજ્ય સરકારનો હેલ્પ લાઈન નંબર 14437 કાર્યરત છે, જેમાં ગ્રાહકોને લગતી ફરિયાદો અંગે તેઓને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે. આ હેલ્પલાઈન ઑક્ટોબર 2024થી શરૂ કરવામાં આવેલ છે, જે અંતર્ગત આજ દિન સુધીમાં 22,700થી વધુ ગ્રાહકોને મદદ પૂરી પાડવામાં આવી છે.

## વર્ષ 2026-27ના અંદાજપત્રમાં

# શ્રમ અને રોજગાર વિભાગનું 2,902 કરોડનું ઐતિહાસિક બજેટ

**ગાંધીનગર, તા.06**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સરકારે રાજ્યના યુવાનોને કૌશલ્યબદ્ધ કરવા અને શ્રમિકોના સર્વાંગી ઉત્થાન માટે કમર કસી છે. વર્ષ 2026-27ના અંદાજપત્રમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે 2,902 કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આ બજેટને 'વિકસિત ભારત @ 2047'ના વિઝનને સાકાર કરનારું ગણાવ્યું છે.

રાજ્યના યુવાનોની રોજગારક્ષમતા વધારવા માટે 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' અંતર્ગત 226 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ITI શિક્ષણને આધુનિક બનાવવા માટે 'PM-સેતુ યોજના' હેઠળ 200



કરોડના ખર્ચે હબ-એન્ડ-સ્પોક મોડલ વિકસાવાશે. ખાસ કરીને દીકરીઓને ટેકનિકલ શિક્ષણમાં પ્રોત્સાહિત કરવા 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના' અમલી બનાવાઈ છે, જેમાં 1 વર્ષના કોર્સ માટે 15,000 અને 2 વર્ષના કોર્સ માટે 24,000ની આર્થિક સહાય અપાશે.

## શાળાઓને ગેસની વ્યવસ્થા માટે કલેક્ટરોને તાકીદ

# બાળકોનું ભોજન નહીં અટકે : PM પોષણ યોજનાના કમિશનરનો આદેશ

**બાલવાટિકાથી ધોરણ 8 સુધીના બાળકોને નિયમિત ભોજન પહોંચાડવું એ રાજ્ય સરકારની કાનૂની બાંહેધરીરૂપ ફરજ છે**

**અમદાવાદ, તા.06**

મિડલ ઈસ્ટમાં યુદ્ધના કારણે ઊભી થયેલી એલપીજી ગેસની અછતની સીધી અસર શાળાઓના મધ્યાહન ભોજન પર ન પડે તે માટે રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે.

પીએમ પોષણ યોજનાના કમિશનરે તમામ જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરોને પત્ર લખીને શાળાઓ અને સેન્ટ્રલાઈઝ્ડ કિચન માટે ગેસનો પુરવઠો કોઈપણ અવરોધ વિના અને પ્રાથમિકતાના ધોરણે પૂરો પાડવા સૂચના આપી છે.પીએમ પોષણ યોજનાના સંયુક્ત કમિશનર એન.એસ. ગુપ્તા દ્વારા ૧૩મી માર્ચ ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ યોજના રાષ્ટ્રીય ખાદ્ય



સુરક્ષા અધિનિયમ (દ્રગ્હજીછ) ૨૦૧૩ અંતર્ગત આવે છે. બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના બાળકોને નિયમિત ભોજન પહોંચાડવું એ રાજ્ય સરકારની કાનૂની બાંહેધરીરૂપ ફરજ છે. આથી, કોઈપણ સંજોગોમાં શાળાઓમાં રસોઈ બંધ થવી જોઈએ નહીં.

પરિપત્રમાં જણાવાયું છે કે, રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટેનું ભોજન એલપીજી સિલિન્ડર પર રાંધવામાં આવે છે, જ્યારે એનજીઓ સંચાલિત શાળાઓમાં સેન્ટ્રલાઈઝ્ડ કિચન મારફતે ભોજન તૈયાર થાય છે. વૈશ્વિક અસ્થિરતાને કારણે ગેસ સપ્લાયમાં અડચણો આવી રહી છે, ત્યારે ગેસ એજન્સીઓને પીએમ પોષણ યોજનાના કેન્દ્રોને અગ્રતા આપવા આદેશ અપાયો છે. જિલ્લા પુરવઠા અધિકારીઓને ગેસ પુરવઠો સુનિશ્ચિત કરવા જવાબદારી સોંપવામાં આવી છે. સેન્ટ્રલાઈઝ્ડ કિચન માટે જરૂરી ઈંધણના જથ્થામાં કોઈ વિઘ્ન ન પડે તે જોવાની તાકીદ કરી છે.

આ ગંભીર મુદ્દે શિક્ષણ વિભાગ અને અન્ન તથા નાગરિક પુરવઠા વિભાગના નાયબ સચિવોને પણ જાણ કરવામાં આવી છે.

## 5 વર્ષમાં મફત અનાજના વિતરણમાં 5.23 લાખ ટનનો વધારો

# ગુજરાતના વિકાસ મોડલનું વરવું સ્વરૂપ : દરેક જિલ્લામાં ગ્રાહકો માટે સ્થપાશે સમાધાન કેન્દ્રો

**ગાંધીનગર, તા.06**

વિધાનસભામાં આજે અન્ન-નાગરિક પુરવઠા વિભાગની બજેટ માંગણી સામે કોંગ્રેસના ધારાસભ્યએ કાપ દરખાસ્ત મુકતા સરકાર સામે આકરા પ્રહારો કરી જણાવ્યું કે રાજ્યમાં મફત અનાજ વિતરણમાં પાંચ વર્ષમાં લાભ લેનારા 41 લાખ લોકો વધ્યા છે.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સરકારના વિકાસ મોડલને વિકાસશીલ ગરીબનું મોડલ ગણાવીને કહ્યું કે 2021-22માં 3.41 કરોડ લોકોએ રાજ્યમાં મફત અનાજ વિતરણનો લાભ લીધો હતો અને 2025-26માં 3.82 કરોડ લોકો લાભ લેવા નોંધાયા હતા. જેમાં 75.29 લાખ કુટુંબો છે. આમ પાંચ વર્ષમાં 41 લાખ લોકો વધ્યા છે. 2020 કરતા 2025માં 523816 ટન વધુ મફત અનાજ વિતરણ થયું છે. રાજ્યની 100 ટકા વસ્તીમાં 55 ટકા વસ્તી મફત અનાજ મેળવે છે. 45 ટકા લાભ નથી લેતા. જ્યારે સરકારે બચાવમાં કહ્યું કે કોંગ્રેસના આંકડા ખોટા છે. દેશમાં કુલ 80 કરોડ લાભાર્થી છે ત્યારે રાજ્યમાં 2024માં 3.34 કરોડ લાભાર્થી નોંધાયા છે. 3.83 કરોડ સુધી લાભાર્થી પહોંચી શકે છે.

રાજ્યમાં તુવેરદાળ, ચણા અને ખાંડના વિતરણમાં પારદર્શિતા લાવવા તથા ગ્રાહકોની ફરિયાદો ઘટાડવા માટે સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે મુજબ હવે આ વસ્તુઓનું વિતરણ છૂટકને બદલે 1 કિલોગ્રામના પ્રમાણિત પેકિંગમાં કરવામાં આવશે. આ અંગે વિધાનસભામાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું કે, જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલા 17,000થી વધુ વાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

## રાંધણ ગેસમાં ચારેબાજુ વકરેલી કાળાબજારી..!

# થરાદમાં રસ્તા પર 'વિરોધના રોટલા' કોંગ્રેસની મહિલા કાર્યકરોનો હલ્લાબોલ

**થરાદ, તા.06**

દેશમાં સતત વધતી જતી મોંઘવારી અને રાંધણ ગેસના આસમાને પહોંચેલા ભાવો તેમજ તેની અછતના વિરોધમાં આજે થરાદ ખાતે કોંગ્રેસ સમિતિ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું કોંગ્રેસના આગેવાનો અને મહિલા કાર્યકરોએ રસ્તા પર ઉતરી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. જે બાદ કોંગી કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. આ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના નેતાઓએ આરોપ કર્યો હતો કે, દેશમાં સામાન્ય જનતાને પૂરતા



પ્રમાણમાં ગેસના બાટલા મળી રહ્યા નથી. જ્યાં ગેસ ઉપલબ્ધ છે ત્યાં કાળાબજારી થઈ રહી છે અને ગરીબ તથા મધ્યમ વર્ગના પરિવારોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. વિરોધનું મુખ્ય આકર્ષણ મહિલા કાર્યકરોનો આક્રમક અંદાજ રહ્યો હતો,મહિલાઓએ રસ્તાની વચ્ચે લાકડા ભેગા કરી ચૂલો સળગાવ્યો હતો અને તેના પર રોટલા ઘડીને વધતી મોંઘવારી સામે પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. મહિલાઓએ જણાવ્યું હતું કે મોંઘવારીના કારણે હવે ગેસ પર રસોઈ કરવી સામાન્ય માણસ માટે અશક્ય બની ગઈ છે. બીજી તરફ એવો પણ મુદ્દો ચર્ચાયો હતો કે કોંગ્રેસ કે કોઈ પણ પક્ષ જાહેર રસ્તા પર વિરોધ કાર્યક્રમ કરતાં હોવાથી સામાન્ય નાગરિકોને ઘણી અગવડતા ભોગવવી પડે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# રાજસ્થાનમાં બોમ્બ બ્લાસ્ટ માટે પાકિસ્તાનથી IED મોકલવામાં આવ્યું

**■ 4 દિવસ સુધી આરોપીઓ વિસ્ફોટકોની રાહ જોતા રહ્યા, 3 જગ્યાએ બ્લાસ્ટનું ષડયંત્ર**

**જયપુર, તા.06**

રાજસ્થાનમાં બોમ્બ વિસ્ફોટ માટે પાકિસ્તાની આતંકવાદી શહઝાદ ભટ્ટીએ ષડયંત્ર રચ્યું હતું. બોર્ડર વિસ્તારના જિલ્લા હનુમાનગઢમાં આતંકવાદીએ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) પણ પહોંચાડી દીધું હતું.

આરડીએક્સ પહોંચવામાં વિલંબ થતાં આતંકવાદી ષડયંત્ર નિષ્ફળ ગયું. આ ખુલાસો હરિયાણાના અંબાલામાં 2 કિલો આરડીએક્સ, આઈઈડી અને વિસ્ફોટક સામગ્રી સાથે પકડાયેલા ત્રણ આરોપીઓની પૂછપરછમાં થયો છે.

તેમાંથી એક આરોપી અજમેરનો રહેવાસી છે. સૂત્રો અનુસાર, આતંકવાદી શહઝાદ ભટ્ટીના ઈશારે ડ્રોન દ્વારા અમૃતસરમાં આરડીએક્સ અને અન્ય સામાન મોકલવામાં આવ્યો હતો.

સુરક્ષા એજન્સીના સૂત્રો અનુસાર, આરોપીઓએ પૂછપરછમાં ઘણી ચોંકાવનારી માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે પાકિસ્તાનથી મોકલેલા આરડીએક્સથી પ્રથમ બ્લાસ્ટ હનુમાનગઢમાં કરવાનો હતો.

ચાર દિવસ સુધી આઈઈડી હનુમાનગઢમાં જ રહ્યું, પરંતુ આરડીએક્સ ન પહોંચતા તેને પાછું મંગાવી લેવામાં આવ્યું. ત્યારબાદ એક અઠવાડિયા સુધી હરિયાણા, પંજાબ, દિલ્હી અને ચંદીગઢના ઘણા વિસ્તારોની રેકી કરીને વીડિયો મોકલવામાં આવ્યા, જેથી નવો ટાર્ગેટ નક્કી કરી શકાય.



અંતિમ ટાર્ગેટ તરીકે આતંકી શહઝાદ ભટ્ટીએ ત્રણેય આરોપીઓને એક દિવસ પહેલા અંબાલાના ત્રણ ટાર્ગેટ જણાવ્યા અને કહ્યું કે તેમાંથી એક જગ્યાએ વિસ્ફોટ કરવાનો છે.

આ ટાર્ગેટ હતા - મુલાનાનું માતા બાલા સુંદરી મંદિર, જ્યાં ચૈત્ર નવરાત્રીમાં હજારો લોકોની ભીડ પહોંચે છે. બીજો ટાર્ગેટ અંબાલાના એક મોટા નેતાનું ઘર અને ત્રીજો ટાર્ગેટ સૈન્ય ક્ષેત્ર તોપખાનામાં સ્થિત એક સૈન્ય ઠેકાણું હતું.

આ અંગેની જાણકારી પોલીસે શનિવારે અદાલતને આપી. અદાલતે આરોપીઓને પૂછપરછ માટે 7 દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા છે.

પોલીસ સૂત્રો અનુસાર આરોપીઓએ જણાવ્યું છે કે તેમને લાગી રહ્યું હતું કે તેમનો ટાર્ગેટ મુલાનાનું માતા બાલા સુંદરી મંદિર હશે, પરંતુ શુક્રવારે સવારે શહઝાદ ભટ્ટીએ તેમને તોપખાના વિસ્તારમાં વિસ્ફોટક અને આઈઈડી લઈ જઈને બ્લાસ્ટ કરવાનું કહ્યું.

આતંકી ભટ્ટીના ઈશારે આરોપીઓ પેશન પ્રો મોટરસાઈકલ પર વિસ્ફોટક, આઈઈડી, બેટરી, ટાઈમર અને ડેટોનેટર લઈને અંબાલા કેન્ટ તરફ નીકળ્યા હતા.

પરંતુ તેમની આ ષડયંત્રની જાણ લાંબા સમયથી શહઝાદ ભટ્ટીને રડાર પર રાખેલી એસટીએફની ટીમને થઈ ગઈ. ટીમે રસ્તામાં નાકાબંધી કરીને તેમને પકડી લીધા.

આરોપીઓ પાસેથી પોલીસે 4 મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. જે સમયે તેમને પકડવામાં આવ્યા, તે સમયે આઈઈડી સક્રિય હતું અને તેને પ્રેશર રિલીઝ સ્વીચ સાથે જોડવામાં આવ્યું હતું, જેનાથી તે ગમે ત્યારે ફાટી શકે તેમ હતું.

બોમ્બ નિરોધક દળ ઘટનાસ્થળે પહોંચીને ટિફિનમાં ફીટ કરેલા આ બોમ્બને નિષ્ક્રિય કર્યો. પકડાયેલા આરોપીઓમાં અજમેરનો રહેવાસી અલી અકબર ઉર્ફે બાબુ પુત્ર મોહમ્મદ રમઝાન પણ છે.

અંબાલામાં લગભગ 2 કિલો RDX મળી આવવાના મામલે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે હરિયાણા પોલીસ પાસેથી રિપોર્ટ માંગ્યો છે. આ સાથે NIAએ પણ હરિયાણા પોલીસ પાસેથી આ સંદર્ભમાં માહિતી માંગી છે.

તેનાથી એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે ટૂંક સમયમાં આ મામલે NIAની એન્ટ્રી થઈ શકે છે અને તપાસ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા NIAને સોંપવામાં આવી શકે છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે ફેબ્રુઆરી 2026માં આતંકવાદી શહઝાદ ભટ્ટીએ પાકિસ્તાનથી ડ્રોન દ્વારા RDXનો જથ્થો પંજાબના એક અજાણ્યા સ્થળે પડાવ્યો. ત્યાંથી આ વિસ્ફોટક અમૃતસરમાં મોટી ... વિસ્તારમાં રહેતા મખનદીપ પાસે પહોંચ્યો.

મખનદીપે અમૃતસર રેલવે સ્ટેશન પાસે ભાડાના રૂમમાં બેટરી, ડેટોનેટર અને ટાઈમર લગાવીને ટિફિન બોમ્બ તૈયાર કર્યો. આ પછી આ વિસ્ફોટક જંગબીર સિંહને સોંપવામાં આવ્યો.

નિષ્ણાતોના મતે RDXનો ઉપયોગ આતંકવાદીઓ મોટા પાયે વિનાશ માટે કરે છે. સામાન્ય રીતે ભીડવાળા વિસ્તારોને નિશાન બનાવવામાં આવે છે, જેથી વધુમાં વધુ જાનહાનિ થઈ શકે.

લગભગ 2 કિલો આરડીએક્સથી કોઈ સાર્વજનિક સ્થળે વિસ્ફોટ થવા પર 100 થી 200 મીટરના દાયરામાં ભારે તબાહી મચી શકે છે અને ઘણા લોકોનો જીવ જઈ શકે છે. તેથી સુરક્ષા એજન્સીઓ આ મામલાને ખૂબ ગંભીરતાથી તપાસી રહી છે.

---

### એડમિશન પ્રવેશ પરીક્ષાથી થાય છે: દિલ્હી યુનિવર્સિટી

# દિલ્હી યુનિવર્સિટીમાં ઇન્ટરવ્યુથી વિદ્યાર્થીઓને બહાર કાઢે છે: રાહુલ

## દિલ્હી યુનિવર્સિટીએ રાહુલ ગાંધીના નિવેદનને ફગાવી દીધું

**નવી દિલ્હી, તા.06**

દિલ્હી યુનિવર્સિટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના તે નિવેદનને ફગાવી દીધું છે, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે યુનિવર્સિટીમાં ઈન્ટરવ્યુ દ્વારા વિદ્યાર્થીઓને બહાર કરવામાં આવે છે. યુનિવર્સિટીએ કહ્યું કે રાહુલ નિવેદન આપતા પહેલા તથ્યોની તપાસ કરે. DUમાં એડમિશન કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET)ના સ્કોરના આધારે મેરિટથી થાય છે. મોટાભાગના કોર્સમાં ઈન્ટરવ્યુ પ્રક્રિયાનો ભાગ નથી. રાહુલ ગાંધીએ શુક્રવારે લખનઉમાં બહુજન સમાજ પાર્ટીના સંસ્થાપક કાંશીરામની જયંતી પર



આયોજિત સંવિધાન સંમેલન કાર્યક્રમમાં કહ્યું હતું કે દિલ્હી યુનિવર્સિટી ઈન્ટરવ્યુનો ઉપયોગ વિદ્યાર્થીઓને બહાર કરવા માટે કરે છે. દિલ્હી યુનિવર્સિટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે યુનિવર્સિટીની પ્રમાણભૂત પ્રવેશ પ્રક્રિયામાં મોટાભાગના અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે ઈન્ટરવ્યુનો સમાવેશ થતો નથી. પ્રવેશ સંપૂર્ણપણે CUET સ્કોરના આધારે પારદર્શક રીતે આપવામાં આવે છે. યુનિવર્સિટીએ જણાવ્યું કે જો રાહુલ ગાંધીનો ઈશારો ફેકલ્ટી ભરતી તરફ હતો, તો તાજેતરના સમયમાં તમામ કેટેગરીમાં હજારો શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. DUએ રાહુલ ગાંધીના નિવેદન પર વાંધો ઉઠાવતા કહ્યું કે આ પ્રકારની ટિપ્પણીઓથી યુનિવર્સિટીનું વાતાવરણ ખરાબ થાય છે.

---

### સંભલના CO પર અસદુદ્દીન ઓવૈસી ભડક્યા

# આ દેશ કોઈના બાપનો નથી જે અમને ક્યાંય જવા માટે કહી રહ્યા છે: ઓવૈસી

**હૈદરાબાદ, તા.06**

ઉત્તર પ્રદેશના સંભલમાં તહેનાત CO કુલદીપ કુમારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તેઓ જુમ્માની નમાઝ (શુક્રવારની નમાઝ) અંગે કડક સૂચનાઓ આપી રહ્યા છે. તેમણે કહ્યું કે, જે લોકો ઈરાનના સમર્થનમાં પ્રોટેસ્ટ કરશે અથવા રસ્તા અરાજકતા ફેલાવશે તેમનો પોલીસ 'યોગ્ય ઈલાજ' કરશે.

જે લોકો ઈરાન માટે દુ:ખી થઈ રહ્યા છે તેમણે સીધા ઈરાન જતું રહેવું જોઈએ. હાલમાં CO કુલદીપ કુમારના આ નિવેદન



બાદ રાજકારણ ગરમાયું છે. AIMIMના ચીફ અસદુદ્દીન ઓવૈસીએ પણ COના નિવેદનની આકરી ટીકા કરી અને તેમના પર ભડક્યાં છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, 'આ દેશ કોઈના બારનો નથી જે અમને ક્યાંય જવા માટે કહી રહ્યા છે.' તમને જણાવી દઈએ કે, એક જાહેર રેલીને સંબોધિત કરતા અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, 'મેં પણ સંભલ COનો વીડિયો જોયો છે. તેમાં તેઓ શાંતિ સમિતિની બેઠકમાં મુસ્લિમોને પોલીસ સ્ટેશનમાં બોલાવે છે અને ઈરાનનું નામ લઈને ધમકાવે છે. શું આ દેશ તેમના (CO)ના બાપનો છે? દેશ બંધારણથી ચાલશે કે કોઈના શબ્દોથી?' ઓવૈસીના મતે સંભલ CO બેન્જામિન નેતન્યાહૂની 'બોલી' બોલી રહ્યા છે. શું ગેરંટી છે કે જો કાલે ઈઝરાયલના સમર્થનમાં રેલી કાઢવામાં આવશે તો તેઓ તેને રોકી દેશે? તેના બદલે તે જય-જયના નારા લગાવશે. આ દેશમાં વાણીની સ્વતંત્રતા છે, કાયદો પણ છે, તો પછી શા માટે કોઈના અધિકારો છીનવાઈ રહ્યા છે?

---

### પંજાબમાં લાઈનમાં ઉભા રહેલા વૃદ્ધનું મોત

# કેન્દ્ર સરકારના દાવા છતાં પણ દેશભરમાં એલપીજીની અછત સર્જાતા નાસભાગ...

## તમિલનાડુમાં 400 સહિત દેશભરમાં કાળાબજારિયા પાસેથી સંખ્યાબંધ એલપીજી સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા, પાંચની ધરપકડ પણ કરવામાં આવી

**હૈદરાબાદ, તા.06**

**નવી દિલ્હી, તા.06**

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલતું યુદ્ધ હાલ અટકવાની કોઈ સંભાવના દેખાતી નથી ત્યારે ભારતમાં રાંધણ ગેસની ભારે અછત વર્તાઈ રહી છે. એલપીજીનો પર્યાપ્ત જથ્થો હોવાના દાવા વચ્ચે લોકોએ ઘરેલુ રાંધણ ગેસ ખરીદવા માટે એજન્સીઓની બહાર લાઈનો લગાવી છે. આવા સમયે દેશમાં પંજાબના બરનાલા જિલ્લામાં એલપીજી સિલિન્ડરની લાઈનમાં ઊભા રહેલા એક વૃદ્ધનું મોત થતા ભારે હોબાળો મચી ગયો હતો. બીજીબાજુ ક્રૂડ ઓઈલના ભાવમાં જંગી ઊછાળાના કારણે દેશમાં ઓઈલ કંપનીઓને દૈનિક રૂ. ૨,૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું હોવાના અહેવાલ આવ્યા છે, જે એલપીજી પછી હવે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાના સંકેત આપે છે. મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર થઈ ગયા છે, જેના કારણે ભારતીય ઓઈલ કંપનીઓની ચિંતા વધી ગઈ છે. અમેરિકા અને ઈરાનના યુદ્ધના પગલે એલપીજીના ભાવમાં તુરતં વધારો કરી દેવાયો હતો, પરંતુ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો કરાયો નહોતો જ્યારે છેલ્લા ૧૫ દિવસમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૩૦ ટકાથી વધુનો ઊછાળો આવ્યો છે. આવા સમયે એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે સરકારી ઓઈલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમને ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવની સરખામણીમાં ઓછી કિંમતે પેટ્રોલ અને ડીઝલનું વેચાણ કરવાના કારણે દૈનિક રૂ. ૨,૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. ભારતમાં હાલ સરેરાશ પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર રૂ. ૯૪.૭૭થી રૂ. ૧૦૫.૪૧ વચ્ચે છે જ્યારે ડીઝલનો ભાવ રૂ. ૮૭.૬૭થી રૂ. ૯૨.૦૨ વચ્ચે છે. બ્રોકરેજ કંપની સિસ્ટેમેટિક્સના રિપોર્ટ મુજબ આ ભાવે પેટ્રોલ વેચતા કંપનીઓને અંદાજે પ્રતિ લીટર રૂ. ૨૦ અને ડીઝલ પર રૂ. ૪૫નું નુકસાન થઈ રહ્યું છે.

---

# મુખ્યમંત્રી નીતિશની સુરક્ષામાં મોટી ચૂક: હેલિપેડમાં બળદ ઘૂસતા દોડધામ મચી

## બચવા માટે એક પોલીસકર્મી ફાયર બ્રિગેડની ગાડી ઉપર ચઢી ગયો અંતે બળદને બહાર ભગાડ્યો

**બેગુસરાય, તા.06**

બેગુસરાયમાં CM નીતિશની સુરક્ષામાં મોટી ચૂક જોવા મળી. સમૃદ્ધિ યાત્રા અંતર્ગત CM થોડીવારમાં જે હેલિપેડ પર ઉતરવાના છે ત્યાં એક બળદ ઘૂસી ગયો. બળદે ત્યાં હાજર પોલીસકર્મીઓને દોડાવ્યા. બચવા માટે એક પોલીસકર્મી ફાયર બ્રિગેડની ગાડી ઉપર ચઢી ગયો. આનાથી ત્યાં અફરાતફરી મચી ગઈ. બળદને બહાર ભગાડ્યો. મુખ્યમંત્રી નીતિશ કુમારની ત્રીજા તબક્કાની સમૃદ્ધિ યાત્રાનો આજે છેલ્લો દિવસ છે. CM આજે બેગુસરાય અને પછી શેખપુર જશે. આ દરમિયાન તેઓ બંને જિલ્લાઓમાં લગભગ 630 કરોડ રૂપિયાની અલગ-અલગ



યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. CM નીતિશ સૌથી પહેલા બેગુસરાય પહોંચશે અને ફેક્ટરીઓનું અવલોકન કરશે. ત્યારબાદ અધિકારીઓ સાથે વિકાસ યોજનાઓની સમીક્ષા કરશે. અહીંથી તેઓ શેખપુરા જશે. બપોરે લગભગ 3 વાગ્યે પટના પરત ફરશે. મુખ્યમંત્રી અહીં કુલ 330 કરોડ રૂપિયાની 402 યોજનાઓમાંથી 118.67 કરોડ રૂપિયાની 190 પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે, જ્યારે 211.97 કરોડ રૂપિયાની 212 પરિયોજનાઓનું ઉદ્ઘાટન પણ કરશે. આ સાથે તેઓ બિયાડા કેમ્પસમાં કેમ્પા કોલા ફેક્ટરીનો શિલાન્યાસ પણ કરશે. બીઆઈએડીએ કેમ્પસમાં બનાવેલા હેલિપેડ પર હેલિકોપ્ટરથી ઉતર્યા બાદ મુખ્યમંત્રી નિર્માણાધીન મેડિકલ કોલેજની સાથે-સાથે કેમ્પસમાં ચાલી રહેલી વિવિધ ફેક્ટરીઓનું નિરીક્ષણ કરશે.

---

### રોષે ભરાયેલા મજૂરોએ પ્લાન્ટ પરિસરમાં તોડફોડ કરી આગ લગાવી

# સિંગરૌલીમાં અદાણી પાવર પ્લાન્ટમાં હોબાળો: મજૂરનું તબિયત લથડતા મોત

**સિંગરૌલી, તા.06**

સિંગરૌલી જિલ્લાના માડા પોલીસ સ્ટેશન વિસ્તારના બધૌરા સ્થિત અદાણી પાવર પ્લાન્ટમાં શનિવારે સવારે એક મજૂરના મોત બાદ ભારે હોબાળો થયો. ગુસ્સે થયેલા મજૂરોએ પ્લાન્ટ પરિસરમાં તોડફોડ કરી આગ લગાડી દીધી. સામે આવેલા વીડિયોમાં દૂરથી કાળા ધુમાડાના ગોટેગોટા દેખાઈ રહ્યા છે. પ્લાન્ટની અંદર એક સાઈટ નીચે પણ આગ લાગેલી છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ઘટનાસ્થળે ભારે પોલીસ અને વહીવટી અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, પ્લાન્ટમાં કામ કરતા મજૂર લલ્લન સિંહનું શુક્રવારે મોડી રાત્રે અચાનક તબિયત લથડતા મૃત્યુ થયું હતું. મૃતક મૂળરૂપે ઝારખંડના ગઢવા જિલ્લાનો રહેવાસી હતો અને લાંબા સમયથી આ જ પ્લાન્ટમાં કામ કરી રહ્યો હતો. મજૂરના



મોતની ખબર ફેલાતા જ સાથી મજૂરોમાં આક્રોશ ફેલાઈ ગયો. તેમણે મૃતદેહ છુપાવવાનો આરોપ લગાવીને હોબાળો શરૂ કર્યો. એવું પણ કહેવાય છે કે એવી અફવા પણ ફેલાઈ હતી કે મજૂર લલ્લનનું ઊંચાઈ પરથી પડી જવાને કારણે મૃત્યુ થયું છે. કંપની મેનેજમેન્ટ અને જિલ્લા પ્રશાસનનો દાવો છે કે મજૂરનું મૃત્યુ મોડી રાત્રે હાર્ટ એટેકથી થયું. કંપનીની અંદર સ્થિતિ તણાવપૂર્ણ છે. મજૂરોએ એક ડઝનથી વધુ વાહનોને નુકસાન પહોંચાડ્યું અને પલટાવી દીધા. પોલીસ ચોકી પ્રભારીની ગાડીમાં પણ તોડફોડ કરી. પાવર પ્લાન્ટની અંદર મજૂરો નિષ્પક્ષ તપાસ અને સાથી મજૂરના મૃત્યુનું કારણ સ્પષ્ટ કરવાની માગ કરી રહ્યા હતા. તેના પર વહીવટી તંત્રએ તેમને ખાતરી આપી છે કે સમગ્ર મામલાની નિષ્પક્ષ રીતે તપાસ થશે. જો કોઈ દોષિત જણાશે તો તેના પર કાર્યવાહી કરવામાં આવશે. જો મેનેજમેન્ટ તરફથી કોઈ બેદરકારી થઈ હશે તો તેની પણ તપાસ થશે. આ પછી મજૂરો શાંત થયા.

---


### તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં નવા જૂનીના એંધાણ

# જયલલિતાની નજીકની શશિકલાએ ઓલ ઇન્ડિયા પુરચ્ચિ થલૈવર મક્કલ મુનેત્ર કઝગમ પાર્ટી બનાવી

## અત્યાર સુધીમાં 2 નવી પાર્ટીઓની જાહેરાત: ગઠબંધન થવાની શક્યતાઓ

**ચેન્નાઈ, તા.06**

તમિલનાડુમાં વિધાનસભાનો કાર્યકાળ 10 મે 2026ના રોજ પુરો થઈ રહ્યો છે. સામાન્ય રીતે ચૂંટણી કાર્યકાળ પુર્ણ થવાના 4-6 અઠવાડિયા પહેલા યોજાય છે. આવી સ્થિતિમાં, ચૂંટણી એપ્રિલના બીજા અઠવાડિયામાં યોજાવાની શક્યતા છે. આ વર્ષે યોજાનારી ચૂંટણીમાં બે નવી પાર્ટીઓ મેદાનમાં ઉતરી રહી છે. તેમાંથી એક છે અભિનેતા થલાપતિ વિજયની પાર્ટી




તમિઝગા વેટ્રિ કઝગમ (TVK), જેણે 234 બેઠકો પર ઉમેદવારો ઉતારવાની જાહેરાત કરી છે. બીજી છે તમિલનાડુના પૂર્વ CM જયલલિતાના નજીકના અને AIADMKમાંથી હાંકી કાઢવામાં આવેલા વીકે શશિકલાની પાર્ટી ઓલ ઈન્ડિયા પુરચ્ચિ થલૈવર મક્કલ મુનેત્ર કઝગમ (AIPTMMK), જે 40 બેઠકો પર ચૂંટણી લડશે. શશિકલાએ પોતાની પાર્ટીના નામની જાહેરાત 13 માર્ચના રોજ જ કરી છે. પાર્ટીનું ચૂંટણી ચિન્હ નાળિયેર ટ્રી ફાર્મ છે. પાર્ટીના ઝંડા પર અન્ના, એમજીઆર અને જયલલિતાની તસવીરો છે.

## તંત્રી લેખ

# સરકાર કહે છે, રાંધણ ગેસનો પૂરવઠો પૂરતો છેઃ પ્રજાની નજરે તે નર્યું જુઠ્ઠાણું

અખાતી યુદ્ધના પગલે ભારતમાં કોઈ સીધી અસર નહીં થાય તેવી વાતો ભ્રમણા સમાન સાબિત થઈ છે. આજે રાંધણ ગેસના ધાંધિયા જોવા મળે છે તો થોડા દિવસો પછી પેટ્રોલ-ડિઝલ માટે લાઈનો જોવા મળશે. ભારતના વહિવટકારોની કમનસીબી એ છે કે તેઓ સપ્લાય બરાબર છે કે નહીં તેની પર નજર રાખી શકે છે, પરંતુ બજારમાં આવતો માલ ગ્રાહકો સુધી આસાનીથી પહોંચે છે કે કેમ તેનું ધ્યાન રાખવામાં નિષ્ફળ જાય છે. રાંધણ ગેસની શોર્ટેજ પાછળના ખરા ખલનાયકો ગેસના બાટલાને સગેવગે કરનારા અને તેને કાળા બજારમાં વેચનારાઓ છે. સરકારને મધ્યમવર્ગ મત આપે છે છતાં પ્રજાને શોર્ટેજના નામે લૂંટતા વેપારીઓના નેટવર્કને તોડી શકાતું નથી. યુદ્ધ જેવી દશામાં સંગ્રહ કરનારા અને કાળા બજાર કરનારાને ચાંદી થઈ જાય છે. સરકાર સંસદમાં ખાત્રી આપે છે, પરંતુ પ્રજાની વચ્ચે જઈને કોઈ સમસ્યા સાંભળવા તૈયાર નથી. સરકાર જાણે છેકે કાળા બજારનું નેટવર્ક ચલાવનારા કોણ છે, પરંતુ તેમને પકડવાની સરકારની કોઈ ઈચ્છા હોય એમ લાગતું નથી. સરકારની એક લાલ આંખથી રાંધણ ગેસની સમસ્યા દૂર થઈ શકે છે, પરંતુ સરકારનાં કેટલાંક ખાતાં જ ભ્રષ્ટાચારની ઈકોસિસ્ટમનો એક ભાગ છે. રાંધણ ગેસની મોટી એજન્સીઓ બાટલા કાળા બજારમાં વેચીને ધીકતી કમાણી કરે છે. ભારતનાં મોટાં શહેરોમાં ઘેર ઘેર સીએનજી પાઈપ વાટે રાંધણ ગેસ પહોંચે છે. તેમને ગેસની શોર્ટેજનો અનુભવ નથી. ભૂતકાળમાં આ શહેરોમાં પણ એલપીજી સિલિન્ડર વપરાતાં હતાં. હવે જ્યારે શહેરોની એક બહુ મોટા વર્ગ સુધી સીએનજી પાઈપ લાઈન પહોંચી છે ત્યારે તેઓ રોજીંદા જીવનની એક હાડમારીમાંથી બચી ગયા છે. મોટાં અને મેટ્રો શહેરોમાં રાંધણ ગેસના બાટલાની કોઈ અછત નથી વર્તાઈ, પરંતુ નાનાં નગરોમાં રાંધણ ગેસ લેવા લાંબી લાઈનો લાગી છે. ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે હોર્મુઝની ખાડીમાંથી ચાલતો વ્યવહાર ખોટકાતા એલપીજીના પૂરવઠા પર ફટકો પડયો છે. ભારતમાં વપરાતા કુલ એલપીજીના ૬૨ ટકા ગેસ આયાત થાય છે, તે પૈકી મોટા ભાગનો પૂરવઠો હોર્મુઝની ખાડીમાંથી પસાર થઈને ભારત પહોંચે છે. આ પુરવઠાની નિયમિતતા પર બ્રેક વાગી છે. આ ટેકનિકલ કારણોથી સૌ પરિચિત છે, પરંતુ દેશના સંગ્રહખોરોનું નેટવર્ક સરકાર વેરવિખેર કરી શકતી નથી તેથી આ જ લોકો સ્ટોક હોવા છતાં કૃત્રિમ અછત ઊભી કરીને સરકારને મૂંઝવણમાં મૂકી દે છે. લોકોની સમસ્યા ઉકેલવા સરકારે ૨૪ કલાક ચાલતો કન્ટ્રોલ રૂમ ઊભો કર્યો છે, પરંતુ પાયાની સમસ્યાનો ઉકેલ શોધવા સરકાર પ્રયાસ નથી કરતી. ગેસ એજન્સીઓ ગ્રાહકોને કહે છે કે ઓનલાઈન બુક કરાવનારાઓને બાટલો મળશે, પરંતુ ઓનલાઈન નોંધણી કરતી સાઈટો બંધ આવે છે. ઈલેક્ટ્રિસિટી પર કામ કરતા ઈન્ડકશન કૂક ટોપ્સની ડિમાન્ડ એટલી મોટા પાયે ઉછળી છે કે તેનો સ્ટોક ખલાસ થઈ ગયો છે. ઈકોમર્સ સાઈટો પર પણ તેનો સ્ટોક ખલાસ થઈ ગયો છે. રાંધણ ગેસની અછત બાબતે અફવા ફેલાવનારા પર સરકારે કડક પગલાં લેવાનો આદેશ રાજ્ય સરકારોને આપ્યા છે. ચેન્નાઈ, કોલકત્તા અને બેંગલુરૂમાં રાંધણ ગેસ આધારિત રસોઈ બંધ કરાઈ છે અને કોલસા તેમજ લાકડાનો ઉપયોગ ઈંધણ તરીકે થઈ રહ્યો છે. ભારતમાં એલપીજીનો વાર્ષિક વપરાશ અંદાજે ૩૧.૩ મિલીયન ટન છે, જેમાં ઘરગથ્થુ વપરાશ ૮૭ ટકા છે. હોર્મુઝની ખાડીના રસ્તેથી ૮૫થી ૯૦ ટકા જથ્થો આવે છે. રાંધણ ગેસ અને પેટ્રોલ-ડિઝલ ક્ષેત્રે ઉભી થનારી તંગીએ સરકારની ઊંઘ હરામ કરી નાખી છે. સરકારે લોકોમાં ભરોસો ઊભો કરવા વિવિધ દાવા કર્યા છે. ગુરૂવારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાંધણ ગેસની અછતના કારણે ઊભી થયેલી લાચાર સ્થિતિનો ચિતાર આપ્યો હતો, તો સામે છેડે પટ્રોલિયમ પ્રધાને સરકાર કેવી રીતે રાંધણ ગેસની અછતનો મુકાબલો કરી રહી છે તેની રજૂઆત કરી હતી. સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંને વચ્ચે હૂંસાતૂંસી ચાલતી રહી. કેન્દ્ર સરકારે ખરેખર તો રાંધણ ગેસના કાળા બજાર કરનારા સામે કડક પગલાં લઈને પ્રજામાં ભરોસો ઊભો કરવો પડશે.

**આ વખતે નવેમ્બર 2025થી કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થયું નથી. તેના કારણે ઠંડક લાંબો સમય ટકી નહીં અને ગરમી શરૂ થતાં જ આકરી થવા લાગી. આ વખતે માર્ચ મહિનાથી અહીંયા સાવ ગરમ અને શુષ્ક હવા ચાલી રહી છે. આ હવા રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા અને અન્ય કેટલાક ભાગમાં ગરમીમાં સતત વધારો કરી રહી છે : ગુજરાતના વલ્લભવિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરેન્દ્રનગર, સુરત અને મહારાષ્ટ્રના અકોલામાં તાપમાન 41.2 ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ મહારાષ્ટ્રના નંદુરબારમાં દેશનું સૌથી વધારે તાપમાન 42.4 ડિગ્રી નોંધાયું હતું**

# માર્ચ મહિનામાં જ ગરમીનો પારો 40ને પાર

## ગ્લોબલ વોર્મિંગને પગલે આ વખતે શિયાળો ખાસ અનુભવાયો જ નહીં અને ઉનાળો પહેલેથી જ આકરો શરૂ થયો છે, આગામી સમય વધારે કપરો રહેવાની ભીતી




ભારતમાં આ વખતે ઉનાળાની શરૂઆત જ ખૂબ જ આકરી થઈ છે. હજી તો માર્ચના દસ-બાર દિવસ ગયા છે ત્યાં ગરમી ૪૦ ડિગ્રીને પાર થવા લાગી છે. દેશના ઉત્તર-પશ્ચિમના રાજ્યોના શહેરોના સરેરાશ તાપમાનમાં એકાએક ૧૦ થી ૧૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. તાજેતરની જ વાત કરીએ તો મુંબઈ, દિલ્હીમાં પારો ૪૦ ડિગ્રીને પાર જઈ આવ્યો. બીજી તરફ ગુજરાતના પણ અનેક શહેરોમાં સરેરાશ તાપમાન ૩૯-૪૦ ડિગ્રીની આસપાસ રહે છે. રાજસ્થાનમાં તો અત્યારથી ૪૦ ડિગ્રીનો અનુભવ થઈ રહ્યો છે. આ સિવાય ગોવા, મધ્યપ્રદેશમાં પણ ભયાનક ગરમી પડી રહી છે. ગત અઠવાડિયે દિલ્હીમાં રાતનું તાપમાન ૩૬ ડિગ્રી હતું જે છેલ્લાં ૫૦ વર્ષનું સૌથી વધારે તાપમાન નોંધાયું હતું. આ તાપમાન વધવા પાછળ ઘણા કારણો છે છતાં જાણકારો સૌથી મોટું કારણ તો ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જને જ ગણાવે છે.

જાણકારોના મતે છેલ્લાં કેટલાક વર્ષોમાં પૃથ્વી ઉપર પ્રદુષણનું પ્રમાણ અસહ્ય, અકલ્પનિય રીતે વધ્યું છે. તેના કારણે ગ્લોબલ વોર્મિંગની સ્થિત સર્જાઈ છે. દુનિયાભરના દેશોમાં ક્લાઈમેટ ચેન્જ જોવા મળી રહ્યા છે. અનેક દેશોના ઋતુચક્રોમાં વ્યાપક ફેરફાર આવી રહ્યો છે. આ વખતે ઘણા દેશોમાં શિયાળો જામ્યો જ નથી. જોઈએ તે પ્રમાણે બરફ પડયો જ નથી. બીજી તરફ અમેરિકા અને રશિયા જેવા દેશોમાં શિયાળો જતા જતા કેર વર્તાવી ગયો હતો. અનેક વિસ્તારોમાં દસથી પંદર ફૂટ બરફની ચાદર છવાઈ જાય તેવા ભીષણ સ્નોસ્ટોર્મ પણ આવ્યા હતા. પોલરવોર્ટેક્સની સ્થિતિ પણ વકરી હતી. મૂળ મુદ્દે માનવ સર્જિત પ્રદુષણને કારણે કુદરત પોતાનું ચક્ર ગુમાવી રહી છે. તેની કામગીરી ખોરવાઈ રહી છે. તેથી જ ઋતુઓ લંબાતી કે ટુંકાતી જાય છે. ઘણી વખત મિક્ષ ઋતુઓનો પણ અનુભવ થઈ રહ્યો છે. હાલમાં માર્ચ મહિનામાં જ ભારતમાં આગઝરતી ગરમી પડવા લાગી તે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની જ અસર ગણી શકાય તેમ છે.

દેશના તાપમાનની વાત કરીએ તો માર્ચના પહેલા જ અઠવાડિયામાં દિલ્હીનું તાપમાન ૩૫ ડિગ્રીને પાર થઈ ગયું છે. તેવી જ રીતે ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ કેટલાક શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રી ઉપર જ ચાલી રહ્યું છે. કેટલાક દિવસોમાં તો ૩૯ ડિગ્રી સુધી તાપમાન નોંધાયું છે. બીજી તરફ રાજસ્થાનમાં બાડમેરમાં પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો હતો. આ સિવાય જયપુર, જોધપુરમાં પણ ૩૮-૩૯ ડિગ્રી જેટલી ગરમી નોંધાઈ રહી છે. મધ્ય પ્રદેશના રતલામમાં ૩૯ ડિગ્રી જ્યારે ભોપાલમાં ૩૭ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. ગત અઠવાડિયે અમદાવાદ, રાજકોટ, ડિસા, કંડલા અને ભાવનગરમાં પાસે ૪૦ ડિગ્રીને પાર જઈ આવ્યો. કચ્છના કંડલા અને તેની આસપાસના વિસ્તારોમાં તો ૪૧ ડિગ્રીને પાર ગરમી પહોંચી ગઈ હતી. મહારાષ્ટ્રના જલગાંવમાં ૪૦ ડિગ્રી, મુંબઈમાં ૩૬ ડિગ્રી જ્યારે પુણેમાં ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

જાણકારોના મતે આ વખતે માર્ચ મહિનાથી જ ગરમી વધી જવાના હાલમાં તો મુખ્ય ત્રણ કારણો જોવા મળી રહ્યા છે. સૌથી પહેલાં તો હાલમાં કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ નથી. ભારતના પશ્ચિમ વિસ્તારમાં ભૂમધ્ય સાગર ઉપર ચક્રવાતી પવનો હવામાં ભેજ લઈને ગલ્ફ દેશો ઉપર થઈને કાળા સમુદ્ર, કેસ્પિયન સમુદ્રના રસ્તે ભારત સુધી આવે છે. તેને આપણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કહીએ છીએ. આ વખતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું નથી. હાલમાં ઈરાન ઉપર એક એક્ટિવ છે જે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સુધી પહોંચે તેમ લાગે છે. ભારત સુધી તો પહોંચી શકે તેમ નથી.

સામાન્ય રીતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નવેમ્બર મહિનાથી સર્જાવાની શરૂઆત થતી હોય છે. ખાસ કરીને જાન્યુઆરીના અંત અને ફેબ્રુઆરીમાં આવા ડિસ્ટર્બન્સ વધારે જોવા મળે છે. તેની સામે આ વખતે ફેબ્રુઆરીમાં ગરમી હતી અને તેણે છેલ્લાં ૧૨૫ વર્ષનો રેકોર્ડ તોડયો હતો. આ વખતે શિયાળાનો ખાસ અનુભવ જ થયો નથી. પશ્ચિમી હવા જ્યારે વહેતી વહેતી ભારત સુધી આવે છે ત્યારે હિમાલય સાથે ટકરાય છે. તેના કારણે ઉત્તર ભારતમાં વરસાદ અને બરફવર્ષા થાય છે. તેના પગલે મેદાની વિસ્તારોમાં પણ તાપમાન ઘટે છે અને ઠંડક વધે છે. આ વખતે નવેમ્બર ૨૦૨૫થી કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થયું નથી. તેના કારણે ઠંડક લાંબો સમય ટકી નહીં અને ગરમી શરૂ થતાં જ આકરી થવા લાગી.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ભારતના પશ્ચિમી કાંઠાઓ ઉપર પડતી હોય છે. ત્યાં થોડી ભેજવાળી હવા આવતી હોય છે. આ વખતે માર્ચ મહિનાથી અહીંયા સાવ ગરમ અને શુષ્ક હવા ચાલી રહી છે. આ હવા રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા અને અન્ય કેટલાક ભાગમાં ગરમીમાં સતત વધારો કરી રહી છે. વાતાવરણ શુષ્ક છે. હવામાં ભેજનું પ્રમાણ જ નહીવત્ છે. તેના કારણે વાદળા આવવાની કે વરસાદ પડવાની કોઈ શક્યતા જ જણાતી નથી. આકાશ ચોખ્ખું હોવાના કારણે સૂર્યનો સીધો પ્રકાશ અને ગરમી આ વિસ્તારોમાં આવી રહ્યા છે જે તાપમાનમાં વ્યાપક વધારો કરી રહ્યો છે. આ સિવાય ત્રીજી બાબત એવી છે કે, ગુજરાત અને રાજસ્થાનના પશ્ચિમી ભાગો અને ગુજરાતના કાંઠા વિસ્તારોમાં એન્ટી સાઈક્લોન સિસ્ટમ એક્ટિવ થયેલી છે. ચક્રવાત અને વાવાઝોડા માટે જે સિસ્ટમ એક્ટિવ થાય તેનાથી તદ્દન વિપરિત સ્થિતિ સર્જાઈ છે. તેના કારણે વાદળ કે વરસાદ આવતા નથી. એન્ટિસાઈક્લોન સિસ્ટમ એક્ટિવ થવાના કારણે વાતાવરણ શુષ્ક થઈ જાય છે. પવનની ઝડપ ઘટી જાય છે અથવા તો સાવ નહીવત થઈ જાય છે અને ગરમીમાં સતત વધારો થાય છે.

ચિંતાજનક બાબત એ છે કે, હજી તો માર્ચ અડધો થયો છે ત્યાં જ હવામાન ખાતા દ્વારા ઓરેન્જ એલર્ટ અને રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરીમાં તો ગરમી વધી જ હતી પણ માર્ચમાં જે રીતે ગરમી વધી છે જે જોતા આગામી દિવસો વધારે કપરાં આવે તેમ જણાઈ રહ્યું છે. ખાસ કરીને ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર જવાની શક્યતાઓ જોવાઈ રહી છે. દિવસ અને રાતના સરેરાશ તાપમાનમાં પણ ૬ થી ૭ ડિગ્રીનો તફાવત આવવાની ચેતવણી આપવામાં આવી છે. જો તેવું થશે તો ભયંકર હિટવેવની સ્થિતિ સર્જાશે. આ સિવાય કર્ણાટક અને કેરળમાં પણ હિટવેવની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ચિંતાજનક બાબત એ છે કે, બુધવાર અને ગુરુવારે ગુજરાતના વલ્લભવિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરેન્દ્રનગર, સુરત અને મહારાષ્ટ્રના અકોલામાં તાપમાન ૪૧.૨ ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ મહારાષ્ટ્રના નંદુરબારમાં દેશનું સૌથી વધારે તાપમાન ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું. આ તમામ વિસ્તારોમાં માર્ચથી મે મહિના સુધી લોકોને સિવિયર હિટવેવની ચેતવણી આપવામાં આવી છે.

બીજી તરફ ગરમીના કારણે પંજાબ, હરિયાણામાં ઘઉંના પાકને પણ નુકસાન જવાની અને અસર થવાની શક્યતાઓ જોવામાં આવી રહી છે. જાણકારોના મતે જો અત્યારથી આવી ગરમી પડશે અને આગામી બે મહિના પણ ભયાનક શુષ્ક અને ગરમ રહેશે તો ઘઉંનો દાણો નાનો, વજનમાં હળવો અને પોલો થતો જશે. ઘઉંના ઉત્પાદન ઉપર તેની વ્યાપક અસર જોવા મળશે. ઓક્ટોબર-નવેમ્બરમાં થયેલી વાવણીના ઘઉં ઉપર તેની અસર થશે પણ ઓછી થશે. જેમણે ડિસેમ્બર અને જાન્યુઆરીના પહેલા અઠવાડિયે વાવણી કરી છે તેમના ઘઉંના પાકને મોટાપાયે અસર થવાની શક્યતાઓ જોવામાં આવી રહી છે. મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં લગભગ ઘઉં વાઢવાની શરૂઆત થઈ ગઈ છે. તેથી અહીંયા પાકની લણણી થઈ જશે ત્યાં વાંધો આવે તેમ નથી. જ્યાં ઘઉં મોડા ઉગે છે તે રાજ્યોને મુશ્કેલી પડે તેવું દેખાઈ રહ્યું છે.

હવામાન ખાતાએ ચેતવણી આપી છે કે, ભારતમાં ૨૦૨૬માં ઉનાળો આકરો રહેવાનો છે. મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન મહત્તમ રીતે વધવાનું છે. આ દરમિયાન હિટવેવનું પ્રમાણ પણ વધારે રહેશે. જાણકારોના મતે માર્ચના મધ્ય ભાગથી મે મહિનાના અંત સુધી હિટવેવની અસર જેવા મળશે.

આ વખતે હિટવેવ ધરાવતા દિવસોની સંખ્યા પણ વધારે હશે અને સ્થિતિ પણ આકરી હશે. પશ્ચિમી ભારતમાં આવેલા ઘણા રાજ્યોમાં તો રાતના સમયે પણ તાપમાન સામાન્ય કરતા ઘણું વધારે જોવા મળશે. જાણકારોના મતે પશ્ચિમી રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દક્ષિણ અને પૂર્વ મહારાષ્ટ્ર, પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળના ઘણા વિસ્તારો, ઓડિશા, છત્તીસગઢ, તેલંગણા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુના કેટલાક ભાગમાં આ વખતે વ્યાપક ગરમી પડશે. આ સ્થળોએ હિટવેવ પણ વધવાની શક્યતાઓ દેખાઈ રહી છે. આ વખતે ગરમી વધારે રહેશે તેથી લૂ લાગવાની ઘટનાઓમાં પણ વ્યાપક વધારો જોવા મળશે. લોકોને સાવચેત રહેવાની અને પ્રાથમિક સારવાર હાથવગા રાખવાની ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી છે.

આ વખતે જૂન મહિનો પણ ગરમર રહેવાની શકયતાઓ છે. જૂન મહિનામાં અલ નીનોની સ્થિતિ સર્જાય તેવું લાગી રહ્યું છે. મે મહિનાના અંતથી જુલાઈ સુધી આ સ્થિતિ સર્જાશે તેવી શક્યતાઓ છે. તેના કારણે વરસાદ ઓછો પડશે અને ગરમી તથા બફારામાં વધારો થશે. આ સ્થિતિ ભારતમાં ચોમાસાને પણ વ્યાપક અસર કરશે તેવી ચેતવણી આપવામાં આવી છે.

# ચીન પાંચ વર્ષમાં હથિયારોની આયાત 72 ટકા ઘટાડીને આત્મનિર્ભર બન્યું




વિશ્વયુદ્ધ પછી મહાસત્તા દેશોએ સુરક્ષાના નામે શસ્ત્રો વેચવાનો ધંધો શરૂ કર્યો હતો. ગમે ત્યારે વિશ્વયુદ્ધ ફાટી નીકળશે એવી દહેશત ફેલાવીને સેકન્ડ વર્લ્ડ વોર પછી અમેરિકા-રશિયા-બ્રિટન અને ફ્રાન્સે દુનિયાભરમાં શસ્ત્રોના વેપારનું મોટું માર્કેટ બનાવ્યું. એકબીજા દેશોને લડાવીને એના પર શસ્ત્રોના વેપારની ઈમારત ઊભી કરનારા દેશોમાં અમેરિકા છેલ્લાં ૮૦ વર્ષથી ટોચ પર છે. ગ્લોબલ મિલિટરી ટ્રેડ માર્કેટમાં અમેરિકાનો હિસ્સો ૪૦ ટકા જેટલો છે. રશિયાએ ૨૫ ટકા માર્કેટ શેર સાથે બીજો નંબર જાળવી રાખ્યો. ફ્રાન્સ પાસે ગ્લોબલ મિલિટરી માર્કેટનો ૧૬ ટકા જેટલો મોટો હિસ્સો છે. ૧૯૮૦ સુધી બ્રિટન આ માર્કેટમાં ૧૦ ટકા હિસ્સો ધરાવતું હતું, પરંતુ વિશ્વયુદ્ધનો ફટકો બ્રિટનને એવો પડયો કે તેની પાસે આજે માંડ ગ્લોબલ વેપન્સનું ૪ ટકા માર્કેટ રહ્યું છે. એનાથી આગળ તો ઈટલી અને ઈઝરાયલ નીકળી ગયા છે. છેલ્લાં ૭૦-૮૦ વર્ષનું સરવૈયું નીકળે તો હથિયારો વેચનારા દેશોના નામમાં બહુ મોટો ફરક પડયો નથી. આ દેશો પાસે વિશ્વયુદ્ધ પછી મોટું માર્કેટ હતું અને આજેય દબદબો જાળવી રાખ્યો છે. હા, એમાં બે-ત્રણ મોટાં પરિવર્તનો દેખાયાં છે. એમાં એક નામ છે ચીન. ૨૦મી સદીના અંત સુધી ચીન હથિયારો આયાત કરતા દેશોમાં ટોચ પર હતું. ૧૯૯૧થી ૨૦૦૫ સુધીનો ટ્રેન્ડ એવો જોવા મળ્યો કે ચીન દર વર્ષે આયાતકાર દેશોમાં પહેલા નંબરે રહેતું હતું. એ પછી ભારત-પાકિસ્તાન-ઈઝરાયલ-તુર્કી-ઈજિપ્ત જેવા દેશોનો સમાવેશ થતો હતો.

૨૧મી સદીમાં ચીને હથિયારો ખરીદવાની પૉલિસી બદલી નાખી. ચીને દેશમાં જ હથિયારો બનાવવાનું મિશન હાથ ધર્યું. ખાસ તો અમેરિકન શસ્ત્ર-સરંજામની બેઠી નકલ કરીને એવાં જ હથિયારો દેશમાં બનાવવાનું શરૂ કર્યું. તેના કારણે શરૂઆતમાં આયાત પર થોડો અંકુશ આવ્યો. આયાતકાર દેશોના લિસ્ટમાંથી ચીને પહેલો નંબર ગુમાવ્યો, પછી બીજો નંબર ગુમાવ્યો, પછી ત્રીજો, ચોથો પાંચમો નંબર પણ ગુમાવી દીધો. છતાં ચીન છેક ૨૦૧૮-૧૯ સુધી ટોપ-૧૦ આયાતકાર દેશમાં સામેલ થતું હતું. પણ એકાએક જિનપિંગની આક્રમક આત્મનિર્ભર પહેલના પરિણામે છેલ્લાં પાંચ વર્ષમાં સ્થિતિ તદ્દન બદલાઈ ગઈ. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચના લેટેસ્ટ અહેવાલમાં ચીન હથિયારોના ટોપ-૧૦ આયાતકાર દેશના લિસ્ટમાંથી બહાર થઈ ગયું છે. ૧૯૯૧ પછી પહેલી વખત આવું બન્યું. ચીનથી તો બીજા ઘણાં એવા દેશો હથિયારોની આયાતમાં આગળ આવી ગયા, જેના નામથી આશ્ચર્ય થાય. કતાર, સાઉદી, પાકિસ્તાન તો ઠીક છે, યુએઈ અને કુવૈત પણ ચીન કરતાં વધારે હથિયારો આયાત કરે છે. દુનિયામાં જેટલા હથિયારો વેચાય છે એમાંથી ૯.૭ ટકા હથિયારો યુક્રેન ખરીદે છે. છેક ૨૦૨૧ સુધી યુક્રેન ટોપ-૧૦માં ન હતું. રશિયાના આક્રમણ પછી અમેરિકા-યુરોપના દેશોએ યુક્રેનને હથિયારો આપવા માટે માતબર રકમની સહાય કરી અને લોન આપી તેના કારણે યુક્રેન પહેલા નંબરે પહોંચી ગયું. નહીંતર છેલ્લાં ઘણાં વર્ષોથી ભારત હથિયારોની આયાતમાં પહેલા નંબરે હતું. ભારત કુલ હથિયારોમાંથી ૯.૮ ટકા સુધીની ખરીદી કરતું હતું. દુનિયાના હથિયારોના સોદાનો ઓલમોસ્ટ ૧૦ ટકા હિસ્સો ભારતનો રહેતો હતો, પરંતુ મેક ઈન ઈન્ડિયા હેઠળ ભારતમાં સ્વદેશી કંપનીઓ સાથે મળીને હથિયાર બનાવવાનું મિશન શરૂ થયું પછી એકાદ-દોઢ ટકા જેવો નોંધપાત્ર ઘટાડો થયો છે. હવે ભારત ગ્લોબલ આર્મ્સ ડીલના ૮.૨ ટકા હિસ્સેદારી સાથે આ યાદીમાં બીજા ક્રમે છે. સાઉદી અરબ અને કતાર બાદ હથિયારોની ખરીદીમાં પાકિસ્તાન પાંચમા ક્રમે છે. પાકિસ્તાનમાં ગંભીર આર્થિક કટોકટી સર્જાઈ છે. ખાવાના ફાંફાં પડી જાય છે. પેટ્રોલિયમની અછત સર્જાય છે. અનાજ-કરિયાણા-શાકભાજી-ફળોના ભાવ આસમાને પહોંચે છે, છતાં પાકિસ્તાને હજુ સુધી હથિયારોની ખરીદી ઘટાડી નથી. પાકિસ્તાનની હિસ્સેદારી ૪.૬ ટકા છે. જોકે, એમાં નોંધપાત્ર ફરક એ પડયો છે કે પાકિસ્તાન તેનાં હથિયારોની ખરીદીમાંથી ૮૦ ટકા ખરીદી ચીન પાસેથી કરે છે, કારણ કે ચીન-પાકિસ્તાનને લોન પર હથિયારો આપે છે. ચીને આવો વ્યૂહ ડઝન-બે ડઝન દેશો સાથે અજમાવ્યો છે અને તેનું ધાર્યું પરિણામ પણ મેળવ્યું છે. આયાતકાર દેશોના ટોપ-૧૦ દેશોમાંથી બહાર થયેલું ચીન હવે શસ્ત્રોના નિકાસકાર દેશોના લિસ્ટમાં ટોપ-૫માં સામેલ થઈ ચૂક્યું છે. કદાચ એક-બે વર્ષમાં ચીન ચોથા નંબરના જર્મની અને ત્રીજા નંબરના રશિયાને ટક્કર આપીને ત્રીજા નંબરે પહોંચી જાય તો પણ નવાઈ નહીં રહે. જો એમ થશે તો ચીન, અમેરિકા અને ફ્રાન્સથી જ પાછળ રહીને શસ્ત્રોના વેપારમાં દબદબો બનાવશે.

જિનપિંગે સ્વદેશી કંપનીઓને શસ્ત્રો બનાવવાનું મિશન સોંપ્યું. અમેરિકા, ફ્રાન્સ જેવા શસ્ત્રોના વેપારમાં દબદબો ધરાવતા દેશોની ટેકનોલોજીની નકલ કરાવી અને તેના આધારે આત્મનિર્ભર બનવાની દિશામાં ડગ માંડયાં. હથિયારો ખરીદતા દેશોની યાદીમાં ચીન હવે છેક ૨૧મા નંબરે છે. ચીનની શસ્ત્રોની આયાત દોઢ વર્ષમાં ૭૨ ટકા સુધી ઓછી થઈ ગઈ. આ આંકડો જેવો તેવો નથી. એનો અર્થ એવો થાય કે ૭૨ ટકા હથિયારો અને જરૂરી સામગ્રીનું નિર્માણ ચીનમાં જ થવા માંડયું છે ને એમાંથી ચીન પોતાના લશ્કરને તો સ્વદેશી ટેકનોલોજીથી સજ્જ કરે જ છે, પરંતુ નિકાસ કરીને કમાણી પણ કરે છે. ચીન હજુય જે હથિયારો ખરીદે છે એમાં રશિયાની સામગ્રીનો હિસ્સો ૬૬ ટકા છે. એમાંય હેલિકોપ્ટર્સ, ફાઈટર જેટ્સ વગેરેમાં જે હાર્ડવેરની જરૂર પડે છે એનો મોટો હિસ્સો છે. એનો મતલબ કે ચીને રશિયા સિવાય માત્ર પોતાના પ્રોડક્શન માટે જરૂરી હોય એવી જ સામગ્રી બીજા દેશ પાસેથી ખરીદવાનું રાખ્યું છે અને જિનપિંગે સ્થાનિક કંપનીઓને ટાર્ગેટ આપ્યો છે એ પ્રમાણે ૨૦૩૦ સુધીમાં ચીન સંપૂર્ણ રીતે આત્મનિર્ભર બની જશે.

જિનપિંગનો બીજો ટાર્ગેટ એ છે કે ૨૦૩૫ સુધીમાં અમેરિકાને ટક્કર આપે એટલા પ્રમાણમાં શસ્ત્રોની નિકાસ થાય. આ લક્ષ્યાંક બહુ જ સમજવા જેવો છે. આજની તારીખે ગ્લોબલ આર્મ્સ માર્કેટમાં અમેરિકાની મોનોપોલી છે. ૪૦-૪૨ ટકા હિસ્સો અમેરિકન કંપનીઓનો છે. શસ્ત્રોના વેપારમાં ટોપ-૧૦૦ મિલિટરી કંપનીઓમાંથી ૪૧ કંપનીઓ અમેરિકન છે. વિશ્વમાં શસ્ત્રો અને લશ્કરી સામગ્રીનું વાર્ષિક માર્કેટ ૬૫૦ અબજ ડોલરનું છે અને એમાંથી ૩૨૦ અબજ ડોલરનો વેપાર અમેરિકન કંપનીઓ પાસે છે.

# સમય રૂપિયાનો ચાલી રહ્યો છે,લોકો સ્નેહ નહીં સગવડતા જોઈને મહેમાન થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ઘમંડ એને જ હોય જેને વગર મહેનતે, બધુ મળી ગયું હોય બાકી પોતાના પગ ઉપર ઊભા થયેલા,માણસને તો પગરખાંની પણ કદર હોય છે.આજના ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક સમયે,ગરીબી થી પીડાતો એક યુવાન પોતાનું જીવન ટૂંકાવવા માટે નદી કિનારે ગયો. ત્યાં, તેનો સામનો એક ઋષિ સાથે થયો જેમણે તેને તેની યોજના પૂર્ણ કરવાથી રોક્યો. ઋષિએ યુવાનની તકલીફનું કારણ પૂછ્યું,અને યુવાને તેને તેની આખી વાર્તા કહી. બધું સાંભળ્યા પછી, ઋષિએ કહ્યું, 'મારી પાસે એક ખાસ કળા છે જેના દ્વારા એક જાદુઈ ઘડો બનાવી શકાય છે.તમે આ ઘડા પાસેથી જે કંઈ પણ માગશો,તે તમારી સમક્ષ પ્રગટ થશે.જોકે, આ ઘડો તૂટતાની સાથે જ તેણે તમને જે કંઈ આપ્યું છે તે તરત જ અદૃશ્ય થઈ જશે. 'ઋષિએ આગળ કહ્યું, 'જો તમે મારા આશ્રમમાં બે વર્ષ રહેવા માટે સંમત થાઓ છો,તો હું તમને આ ઘડો આપીશ.પરંતુ જો તમે પાંચ વર્ષ આશ્રમમાં રહેશો,તો હુંતમને આવા ઘડા બનાવવાની કળા શીખવીશ.તમે કયું પસંદ કરશો'

યુવાને જવાબ આપ્યો,'પ્રભુ,હું ફક્ત બે વર્ષ તમારી સેવા કરવાનું પસંદ કરીશ.હું ફક્ત આ ઘડો શક્ય તેટલી વહેલી તકે ઈચ્છું છું હું તેની ખૂબ કાળજીથી રક્ષા કરીશ હું તેને ક્યારેય તૂટવા નહીં દઉં.'આમ,બે વર્ષ આશ્રમમાં સેવા આપ્યા પછી,તે યુવાનને જાદુઈ ઘડો મળ્યો અને તે લઈને ઘરે પાછો ફર્યો.તેણે ઘડાનો ઉપયોગ તેની દરેક ઈચ્છા પૂર્ણ કરવા માટે કરવાનું શરૂ કર્યું, અને દરેક ઈચ્છા પૂર્ણ થઈ. તેણે એક ઘર બનાવ્યું,એક મહેલ બનાવ્યો અને નોકરોને તેની સેવા કરવા માટે બોલાવ્યા. તે બધાની સામે પોતાની શક્તિ,સંપત્તિ અને ઐશ્વર્યનો બડાઈ મારવા લાગ્યો તેણે દારૂ પણ પીવાનું શરૂ કર્યું. એક દિવસ,જાદુઈ ઘડો તેના માથા પર રાખીનેતે નાચવાલાગ્યો અચાનક,તેને ઠોકર લાગી અને માટલો પડી ગયો અને તૂટી ગયો માટલો તૂટતાની સાથે જ બધું હવામાં અદૃશ્ય થઈ ગયું. હવે તે યુવાન પસ્તાવાથી ભરાઈ ગયો, અને વિચારી રહ્યો:'જો મેં આટલી ઉતાવળ ન કરી હોત અને તેના બદલે માટીકામ શીખી લીધું હોત,તો આજે હું ફરી એક વાર નિરાધાર ન થાત.'બ્રહ્માજી પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે આ જે તમારું સ્વરૂપ છે તે તમારા જ સંકલ્પથી થયેલ છે.તે પંચમહાભૂતોથી બનેલું નથી. પરમાત્માનું સ્વરૂપ અપ્રાકૃત- અલૌકિક છે.જીવને જે શરીર મળે છે તે તેના પૂર્વ જન્મ ના પ્રારબ્ધ પ્રમાણે મળે છે. પરમાત્મા કર્મથી નહીં પણ સ્વેચ્છાથી શરીર ધારણ કરે છે. પરમાત્મા સ્વેચ્છાથી કે ભક્તોની ઈચ્છાથી પ્રગટ થાય છે. જે નિરાકાર આનંદ હતો તે જ નિરાકાર સ્વરૂપે પ્રગટ થયો છે. આનંદ જ શ્રીકૃષ્ણરૂપે પ્રગટથયો છે, તેથી શ્રીકૃષ્ણ આનંદરૂપે છે. આખું સ્વરૂપ આનંદરૂપ છે. પરમાત્માનું મુખ,ચરણ,હાથ આનંદરૂપ છે. પરમાત્માનું સ્વરૂપ અલૌકિક-અપ્રાકૃત છે. ભગવાન શ્રીકૃષ્ણની પરીક્ષા કરવા બદલ બ્રહ્માજી તેમની માફી માગે છે. કહે છે,ગર્ભમાંનો બાળક માતાને પેટમાં લાત મારે તો શું માતા બાળક પર ગુસ્સે થશે? ગુસ્સે થવાને બદલે માતા તેનાથીઆનંદ પામે છે.તેમ હે પ્રભુ,મારો કંઈ અપરાધ થયો હોય તો મને ક્ષમા કરજો.ખાંડનો હાથી કે ઘોડોએ હાથી નથી કે ઘોડો નથી,પણ ખાંડ છે.તેવી રીતે નિરાકાર આકાર ધારણ કરે તો પણ સ્વરૂપ બદલાતું નથી નિર્ગુણમાં થી સગુણરૂપ થયેલા પરમાત્મા આનંદરૂપ હતાને છે.ભગવાન શ્રી કૃષ્ણનું શરીરપૂર્ણ આનંદમય છે. શ્રીકૃષ્ણથી આનંદ જુદો નથી. અહો!વ્રજની ગાયો તથા સ્ત્રીઓ ને ધન્ય છે કે,જેનાં દૂધ અને ધાવણ પ્રભુએ વાછરડાં તથા છોકરાંરૂપ થઈને આનંદથી પીધાં

ગોકુળ વૃંદાવનમાં જન્મે તે મહા ભાગ્યશાળી છે.હે શ્રીકૃષ્ણ!જ્યાં સુધી મનુષ્ય આપનો ભક્ત બનતો નથી ત્યાં સુધી જ તેનો રાગ,દ્વેષ વગેરે ચોરરૂપે છે.ઘર કેદખાનું છે અને મોહપગની બેડી જેવો છે,પરંતુ ભક્ત બન્યા પછી તો તે બધું બાધક મટી મોક્ષ આપનાર બની જાય છે.જે મુરારિ ભગવાનનાં ચરણરૂપ નૌકાનો આશ્રય કરે છે તેને માટે આ સંસાર સમુદ્ર બિલકુલ છીછરો બની જાય છે.તે વિના પ્રયાસે સંસારસાગર તરી જાયછે

જે ભક્તિ વગર જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે,તે ફોતરાં ખાંડે છે. ભક્તિ જ મોક્ષ અપાવનારી છે. આમ બ્રહ્માજી વંદન કરી,સ્તુતિ કરી ક્ષમા માગે છે.બ્રહ્માજીએ ભોજનમાં ભંગ કરેલો એટલે સ્તુતિ પૂરી થઈ તો પણ બ્રહ્મા સાથે ભગવાન બોલ્યા નથી. કોઈના ભોજનમાં ભંગ અને નિદ્રામાં ભંગ એ પાપ છે.

બ્રહ્મલોકમાં બાળકો સૂતેલાં. તેઓ એક વર્ષ પછી જાગ્યાં એટલે તેમને તો એમ જ લાગ્યું કે,ભોજનની લીલા આજે જ થઈ છે.એટલે અઘાસુર વધની કથા એક વર્ષ પછી ગોપ બાળકો એ પોતાની માતાઓને કરી છે.

કેટલાક મહાત્માઓ આને બ્રહ્મા મોહનિવારણ લીલા કહે છે.ત્યારે શ્રીધર સ્વામીએ આ લીલાનુંનામ સર્વોદય લીલા રાખ્યું છે.જે આનંદ પ્રભુએ નંદયશોદાને આપ્યો તેવો આનંદ ગાયોને, વાછરડાંઓને,ગોપીઓને,ગોપ બાળકોને આપ્યો માટે આ લીલા સર્વોદય લીલા છે.બીજા અવતારોએ અંશાવતારો છે,પણ રામ અને શ્રીકૃષ્ણ અવતારો એ પરિપૂર્ણ અવતારો છે.શ્રીકૃષ્ણે એક એક લીલામાં એક એક દેવનો પરાભવ કર્યો છે.વત્સ લીલામાં બ્રહ્માનું અભિમાન ઊતાર્યું.ગોવર્ધન લીલામાં ઈન્દ્રનું અભિમાન ઊતાર્યું.રાસલીલામાં કામનું અભિમાન ઊતાર્યું.કનૈયો સાત વર્ષનો થયો,ત્યારે એક દિવસ કનૈયો માને કહે છે કે,મા, હું મોટો થયો.હું ગાયોને ચરાવવા લઈ જાઉં?યશોદાએ શાંડિલ્ય ઋષિને પૂછ્યું,લાલાના જન્માક્ષર જોઈ તેને ગોપાળ બનાવવાનું મુહુર્ત જોઈ આપો.કાર્તિક સુદ, અષ્ટમી,ગોપાળાષ્ટમીનો દિવસ નક્કી થયો.

કનૈયો વારેવારે માને કહ્યા કરે છે, મા,હું ગાયોની પૂજા કરીશ.મા, મને ગાયો બહુ વહાલી છે.કનૈયા એ ગાયોની પૂજા કરી,પછીગાયો ને ફૂલની માળા પહેરાવી મીઠાઈ ખવડાવી.ગાયોએ આશીર્વાદ આપ્યા,અમારા લાલાનો જય જયકાર થાઓ!

પ્રભુએ સંપત્તિ આપી હોય તો ગાયને રાખજો.આજે તો સંપત્તિ વાનો ગાય રાખતા નથી,કૂતરો રાખે છે.આ બીજા જન્મની તૈયારી છે.કૂતરો આંગણેઆવે તો તેને રોટલો નાખો,પણ તેના ઉપર અતિશય પ્રેમ ન કરો. ગાયોમાં સર્વ દેવોનો નિવાસ છે.

# અમદાવાદ મંડળ: 6ઠ્ઠી ડીઆરએમ ચેમ્પિયનશિપનું ભવ્ય સમાપન, મિકેનિકલ વિભાગ બન્યો 'ઓવરઓલ ચેમ્પિયન'

**અમદાવાદ, તા.06**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં રમતગમત પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને કર્મચારીઓમાં ટીમ સ્પિરિટ મજબૂત કરવા માટે યોજાયેલી 6ઠ્ઠી ડીઆરએમ ચેમ્પિયનશિપનું સાબરમતી સ્થિત રેલવે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય સમાપન થયું. અમદાવાદ મંડળ સ્પોર્ટ્સ એસોસિએશન (ADSA) દ્વારા આયોજિત આ રમતોત્સવમાં એસોસિએશનના અધ્યક્ષ તથા મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે વિજેતા અને ઉપવિજેતા ટીમો તેમજ વિવિધ રમતોમાં ઉત્તમ પ્રદર્શન કરનાર ખેલાડીઓને મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા.




વર્ષ 2025-26ની આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપમાં મિકેનિકલ વિભાગે પોતાના ઉત્તમ પ્રદર્શનના આધારે ઓવરઓલ વિજેતાનો ખિતાબ જીત્યો. જ્યારે ઓપરેટિંગ વિભાગની ટીમે કડક સ્પર્ધા આપી રનર-અપ (ઉપવિજેતા) સ્થાન મેળવ્યું.

સમારોહ દરમિયાન ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે વિજેતા-ઉપવિજેતા ટીમો અને વ્યક્તિગત સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને મેડલ, ટ્રોફી અને પ્રશંસાપત્ર આપી સન્માનિત કર્યા. ખેલાડીઓને સંબોધતા તેમણે જણાવ્યું કે રમતો માત્ર શારીરિક તંદુરસ્તી જ વધારતી નથી પરંતુ કઠિન કાર્યપરિસ્થિતિમાં માનસિક સંતુલન અને સહકારની ભાવના પણ વિકસાવે છે.

આ આયોજન અમદાવાદ મંડળના સૌથી મોટા રમતોત્સવોમાંનું એક બન્યું, તેની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ રહી: સહભાગિતાનો રેકોર્ડ: મંડળના વિવિધ વિભાગો, સાબરમતી વર્કશોપ, સાબરમતી સ્ટોર અને ગાંધીધામ એરિયા મેનેજરની ટીમો સહિત લગભગ 800 કર્મચારીઓએ ભાગ લીધો.

વિવિધ રમતો અને સ્પર્ધાઓ: આ વર્ષે કુલ 10 રમતો હેઠળ 38 અલગ-અલગ ઈવેન્ટ્સ સફળતાપૂર્વક યોજાયા.

લોકપ્રિય રમતોનો ઉત્સાહ: ક્રિકેટ: સૌથી લોકપ્રિય સ્પર્ધા રહી જેમાં 16 ટીમોએ ભાગ લીધો. ફૂટબોલ: 10 ટીમો વચ્ચે જોરદાર મુકાબલા થયા. વોલીબોલ: 8 ટીમોએ પોતાની કૌશલ્ય ક્ષમતા દર્શાવી. આ ઉપરાંત ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કેરમ, ચેસ, સ્વિમિંગ અને એથ્લેટિક્સ જેવી સ્પર્ધાઓમાં પણ ખેલાડીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યું.

ડી આરએમ ચેમ્પિયનશિપનો મુખ્ય હેતુ રેલવે કર્મચારીઓના દૈનિક કાર્યના તણાવને ઓછો કરવો, તેમની અંદર રહેલી રમતગમત પ્રતિભાને મંચ આપવો અને વિભાગો વચ્ચે પરસ્પર સમન્વય વધારવાનો છે. ADSAના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ આયોજન ફિટનેસ અને ટીમવર્ક પ્રત્યે રેલવેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક, શાખા અધિકારીઓ, અન્ય અધિકારીઓ, સ્પોર્ટ્સ એસોસિએશનના પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનો હાજર રહ્યા.

## આણંદ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા

# દિવ્યાંગોને મોટરાઇઝડ ટ્રાઇસીકલ અને જોયસ્ટીક વ્હીલચેર વિતરણ શરૂ કરાયું..

**આણંદ, તા.06**

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે દિવ્યાંગ વ્યક્તિઓ માટે નવી યોજના અમલી બનાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત દિવ્યાંગોને સ્વનિર્ભર બનાવવાના હેતુથી મોટરાઈઝ્ડ ટ્રાઈસીકલ અને જોયસ્ટીક વ્હીલચેર પૂરી પાડવામાં આવે છે. જે અન્વયે તા. ૧૩/૦૩/૨૦૨૬ના રોજ મુખ્યમંત્રીશ્રી દ્વારા ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી વિતરણ કાર્યક્રમનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.



આણંદ જિલ્લામાં આ યોજના હેઠળ કુલ ૨૦૦ મોટરાઈઝ્ડ ટ્રાઈસીકલ અને ૬૫ જોયસ્ટીક વ્હીલચેર મળી કુલ ૨૬૫ સાધનો મંજૂર કરવામાં આવ્યા છે.

જે સાધનોનું જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા જિલ્લાના દિવ્યાંગ લાભાર્થીઓને વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. આધુનિક સુવિધા ધરાવતી આ ટ્રાઈસીકલ અને વ્હીલચેર દિવ્યાંગો માટે આશીર્વાદરૂપ સાબિત થશે, જેનાથી તેઓ એક સ્થળેથી બીજા સ્થળે સરળતાથી અવરજવર કરી શકશે અને તેમની દૈનિક જીવનની ગુણવત્તામાં સુધારો થશે, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

## બાકરોલ દૂધ મંડળીમાં પાડાના વાંકે પખાલીને ડામ

# દૂધ મંડળીના કેટલાક સભ્યો ભેળસેળયુક્ત દૂધ ભરતાં ચકચાર

**આણંદ, તા.06**

આણંદ વિસ્તારમાં આવેલ બાકરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં કેટલાક સભ્યો ભેળસેળયુક્ત દૂધ ભરતાં હોવાનું ઉજાગર થતાં ચક્ચાર મચી જવા પામી હતી.જેના પગલે અમૂલે તપાસ હાથ ધરી દૂધ મંડળીના તમામ સભાસદો નું દૂધ ભરવાનું બંધ કરતાં પાડાના વાંકે પખાલીને ડામ ની સ્થિતિ સર્જાવા પામી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર આણંદના બાકરોલ ખાતે આવેલ બાકરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં કેટલાક સભ્યો ભેળસેળયુક્ત દૂધ ભરી રહ્યાનું ધ્યાનમાં આવતાં ચકચાર મચી જતાં અમૂલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવતાં ભેળસેળયુક્ત દૂધ ભરાતું હોવાનું ઉજાગર થતાં અમૂલ દ્વારા બાકરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના તમામ સભાસદો નું દૂધ ભરવાનું બંધ કરવામાં આવતાં પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ સર્જાતા આશરે ૩૫૦ જેટલા સભાસદો દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



## વિપક્ષનો કન્યાની કેડે ભારનો ટોણો યથાર્થ ઠર્યો

# અમૂલ દ્વારા પશુદાણના 70 તથા 50 કિલો બેગ પર ભાવવધારો ઝીંકતા પશુપાલકો પરેશાન

**આણંદ, તા.06**

આવતીકાલે અમૂલના સહયોગથી વિદ્યાનગર ના શાસ્ત્રી મેદાન ખાતે યોજાનાર નમોત્સવ કાર્યક્રમ પર વિપક્ષે કન્યા ની કેડે ભાર નો મારેલ ટોણો યથાર્થ ઠરતો હોય તેમ અમૂલ દ્વારા પશુદાણના ૭૦ તથા ૫૦ કિલો બેગ પર ભાવવધારો ઝીંકતા પશુપાલકો માટે અસહ્ય બન્યા નું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર મધ્ય પૂર્વ વચ્ચે વકરેલ યુધ્ધ ની સ્થિતિ ની અસર દેશ પર પડતાં ક્રૂડ તથા ગેસ ના મુદ્દે દેશની જનતા પરેશાન થતાં વિહવળ બની રહી છે.તેવા સમયે આવતીકાલે ભાજપ દ્વારા અમૂલના સહયોગથી વિદ્યાનગર શાસ્ત્રી મેદાન ખાતે નમોત્સવ કાર્યક્રમ નું આયોજન કરતાં વિપક્ષ દ્વારા કન્યા ના કેડે ભાર નો ટોણો મારતાં જે યથાર્થ બનવા પામ્યો હોય તેમ અમૂલ દ્વારા પશુદાણના ૭૦ કિલો બેગ પર ૭૦ તથા ૫૦ કિલો બેગ પર ૫૦નો ભાવવધારો ઝીંકતા પશુપાલકો માટે અસહ્ય બનવા પામ્યા નું જાણવા મળેલ છે.અત્રે ઉલ્લેખનીય છેકે ગત સપ્ટેમ્બરમાં અમૂલ નિયામક મંડળની યોજાયેલ ચૂંટણીમાં તેર પૈકી ભાજપ પ્રેરિત પેનલના અગીયાર સભ્યો વિજયી થયા હતા.જે બાદ ગત ડિસેમ્બરમાં ચેરમેન, વાઈસ ચેરમેન ની નિમણુંક થતાં તે સમયે વિજયી ચેરમેન તથા વાઈસ ચેરમેન દ્વારા પશુપાલકો નું હીત પ્રાથમિકતા રહેશે નું જણાવ્યું હતું.જે માત્ર ત્રણ માસમાં ક્ષણભંગુર થયાની લાગણી વ્યક્ત થતી જોવા મળી હોવાનું જાણવા મળેલ છે.




## LPG ગેસ પુરવઠાની અછતને લઇને

# આણંદના ગુરૂદ્વારા સર્કલ નજીક ટેમ્પામાં લાવી LPG વેચાણ કરતાં તત્વો સામે તંત્રની લાલ આંખ

**આણંદ, તા.06**

અમેરિકા ઈરાન મધ્ય પૂર્વ યુધ્ધ ના કારણે ઘેરેલું એલપીજી ગેસ પુરવઠોની અછતના સંદેહ વચ્ચે ગતરોજ શહેરના ગુરૂદ્વારા સર્કલ નજીક ત્રણ ટેમ્પામાં કોઈપણ જાતની પરવાનગી વગર એલપીજી ગેસ બોટલ ના વેચાણ વિતરણ કરતાં તત્વો સામે તંત્રની લાલ આંખ ફરકતાં ટેમ્પા સહિત ગેસ બોટલના જથ્થો ઝડપી પુરવઠા વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર અમેરિકા ઈરાન યુદ્ધના પગલે ઘરેલું એલપીજી ગેસ પુરવઠો પર સંદેહ વ્યક્ત કરતાં ગેસ બોટલ મેળવવા ઠેરઠેર લાઈન કરાતાં સાથે કાળાબજાર થતાં હોવાની આશંકા વ્યક્ત યથાર્થ ઠરતી હોય તેમ ગતરોજ શહેરના ગુરૂદ્વારા સર્કલ નજીક કોઈપણ જાતની પરવાનગી વગર ત્રણ ટેમ્પામાં ગેસ બોટલ લાવી વેચાણ થતું ની જાણ આણંદ પુરવઠા વિભાગ ને થતાં ઘટનાસ્થળે પહોંચી લાલ આંખ કરી ગેસ બોટલ સહિત ત્રણેય ટેમ્પો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.



# અમદાવાદ મંડળના ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ દ્વારા સાબરમતી સ્ટેશનના પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ

**અમદાવાદ, તા.06**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશે અધિકારીઓની ટીમ સાથે સાબરમતી રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલા રી-ડેવલપમેન્ટ (પુનર્વિકાસ) કાર્યોનું નિરીક્ષણ કર્યું.



નિરીક્ષણ દરમિયાન તેમણે સ્ટેશન પરિસરમાં ચાલી રહેલા બાંધકામ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓને કામ સમયબદ્ધ રીતે તથા ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા સૂચનાઓ આપી.

આ દરમિયાન સાબરમતી સ્ટેશનના પુનર્વિકાસ કાર્યો હેઠળ ગર્ડર અને ટ્રેસ લોન્ચિંગની આયોજન બાબતે ચર્ચા કરવામાં આવી. આયોજન દરમિયાન ટ્રેન મૂવમેન્ટ અને બ્લોક સંબંધિત મુદ્દાઓ પર પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. આ પ્રસંગે નિર્માણ વિભાગના ચીફ પ્રોજેક્ટ મેનેજર શ્રી ડી. આર. ચૌધરી તથા અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

સાબરમતી સ્ટેશનના પુનર્વિકાસ પૂર્ણ થયા બાદ કોન્કોર્સ વિસ્તારમાં વિશાળ વેઈટિંગ હોલ અને ફૂડ પ્લાઝા જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે, જેના કારણે મુસાફરોને વધુ સગવડ અને ઉત્તમ ભોજન સુવિધા મળશે. કોન્કોર્સનું ક્ષેત્રફળ અંદાજે 110 + 36 વર્ગમીટર હશે. હાઈ-રૂફનું કદ 122 + 171 મીટર અને 88 + 110 મીટર રહેશે, જેના દ્વારા કુલ અંદાજે 30,542 વર્ગમીટર વિસ્તાર ટ્રેક ઉપર આવરી લેવામાં આવશે. આ છત પ્લેટફોર્મથી અંદાજે 65 ફૂટની ઊંચાઈએ સ્થાપિત કરવામાં આવી રહી છે.

સ્ટેશન પુનર્વિકાસ યોજના અંતર્ગત મુસાફરોની સુવિધા માટે 20 લિફ્ટ, 20 એસ્કેલેટર અને 20 સીડીઓની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ આધુનિક સુવિધાઓથી મુસાફરોની અવરજવર સરળ બનશે.

ડીઆરએમએ મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને સ્ટેશન પર વિકસાવવામાં આવી રહેલી આધુનિક મુસાફર સુવિધાઓ, સ્ટેશન બિલ્ડિંગ, પ્લેટફોર્મ વિસ્તાર અને અન્ય મૂળભૂત માળખાકીય સુવિધાઓનું પણ નિરીક્ષણ કર્યું. તેમણે બાંધકામ એજન્સીઓને સુરક્ષા ધોરણોનું પાલન કરતાં કામ ઝડપથી પૂર્ણ કરવાની સૂચના આપી, જેથી મુસાફરોને ટૂંક સમયમાં વધુ સારી અને આધુનિક સુવિધાઓ મળી શકે.

# નર્મદા જિલ્લામાં દિવ્યાંગ લાભાર્થીઓને જોયસ્ટીક વ્હીલચેર અને મોટરાઇઝડ ટ્રાયસીકલનું વિતરણ

**નર્મદા, તા.06**

નર્મદા જિલ્લાના રાજપીપળા સ્થિત સરકારી મુકબધિર નિવાસી શાળા ખાતે દિવ્યાંગ લાભાર્થીઓ માટે મંજુર થયેલ જોયસ્ટીક વ્હીલચેર અને મોટરાઈઝ્ડ ટ્રાયસીકલ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને તા. ૧૩ માર્ચે રાજ્ય કક્ષાનો સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો, જેના અનુસંધાને નર્મદા સહિત રાજ્યભરના તમામ જિલ્લાઓમાં દિવ્યાંગ લાભાર્થીઓને સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર હસ્તકના નિયામક સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા ચાલુ વર્ષથી શરૂ કરાયેલ મોટરાઈઝ્ડ ટ્રાયસીકલ તેમજ જોયસ્ટીક વ્હીલચેર યોજના અંતર્ગત રાજ્યભરમાં વિતરણ કાર્યક્રમની શરૂઆત ગાંધીનગરથી કરવામાં આવી હતી. તેના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ લાભાર્થીઓને સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. નર્મદા જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી કેમ્પ પ્રક્રિયા દ્વારા જિલ્લામાં કુલ ૬૮ દિવ્યાંગ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મંજુર કરવામાં આવ્યો હતો, જેમને મોટરાઈઝ્ડ ટ્રાયસીકલ અને જોયસ્ટીક વ્હીલચેર જેવા સહાયક સાધનો આપવામાં આવ્યા હતા.

# સાગબારા તાલુકાના દત્તવાડા ગામે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને મિલેટ્સ મેળાનું ભવ્ય આયોજન

## કાર્યક્રમ સ્થળે 550થી વધુ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો તેમજ કૃષિ સાથે સંલગ્ન વિવિધ પ્રદર્શન સ્ટોલ ઊભા કરાયા

**નર્મદા, તા.06**

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દત્તવાડા ગામે કૃષિ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ તથા મિલેટ ડેવલોપમેન્ટ યોજના અંતર્ગત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ તેમજ મિલેટ્સ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૫૫૦થી વધુ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.કાર્યક્રમ સ્થળે કૃષિ સાથે સંલગ્ન વિવિધ પ્રદર્શન સ્ટોલ પણ ઊભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન પ્રગતિશીલ ખેડૂતો તથા પ્રાકૃતિક ખેતી સાથે જોડાઈને સફળતા





પ્રાપ્ત કરનાર ખેડૂત શંકરભાઈ વેચિયાભાઈ વસાવા અને વંદનાબેન પંકજભાઈ પાડવીએ પોતાના ખેતીના અનુભવો રજૂ કરીને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરણા આપી હતી.કૃષિ મેળામાં પ્રાકૃતિક ખેતી તેમજ કૃષિ સાથે સંકળાયેલા વિવિધ પ્રદર્શન સ્ટોલ દ્વારા ખેડૂતોને નવી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક તેમજ પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ મદદનીશ ખેતી નિયામક દ્વારા મિલેટ્સ પાકો તથા ખેડૂતલક્ષી સહાય યોજનાઓ અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં સાગબારા તાલુકા પ્રમુખ ચંપાબેન વસાવા, તાલુકા પંચાયત સભ્ય વર્ષાબેન વસાવા, દત્તવાડા ગામના સરપંચ ભારતીબેન વસાવા સહિત તાલુકાના આગેવાન ખેડૂતોએ પ્રસંગ અનુરૂપ વક્તવ્ય આપી ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ યોજના અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો હાજર રહ્યા હતાં.

## આજથી કમૂરતા પ્રારંભ પૂર્વ

# વિદ્યાનગર હરીઓમનગરના દબંગ ગ્રુપ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો...

**આણંદ, તા.06**

આવતીકાલ થી સૂર્ય મીન રાશિમાં પ્રવેશ કરતાં કમૂરતા પ્રારંભ થતાં પૂર્વ વિદ્યાનગર હરીઓમનગરના દબંગ ગ્રુપ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવ પૂર્વ પાલિકા કાઉન્સિલર મહેશ વસાવા, સામાજીક કાર્યકર હાફેજી સહિતના અગ્રણીઓ ની ઉપસ્થિતિમાં યોજાયો હતો.પ્રાપ્ત વિગત અનુસાર આવતીકાલે સૂર્ય નો મીન રાશિમાં પ્રવેશ થતાં કમૂરતા પ્રારંભ થતાં પૂર્વ વિદ્યાનગર હરીઓમનગરના દબંગ ગ્રુપ દ્વારા પ્રથમ વખત સમૂહ લગ્નોત્સવ નું આયોજન હાથ ધરવામાં આવતાં નવ જેટલા દંપતીએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં.



આ પ્રસંગે પાલિકા કાઉન્સિલર મહેશ વસાવા, સામાજીક કાર્યકર હાફેજી સહિતના સમાજના આગેવાનો ની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

# IPL 2026 પહેલા દિલ્હી કેપિટલ્સને મોટો ફટકો: દિગ્ગજ મેન્ટર કેવિન પીટરસને ટીમનો સાથ છોડ્યો!

**નવી દિલ્હી, તા.15**

IPL 2026 ની શરૂઆત આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે દિલ્હી કેપિટલ્સ (DC) માટે માઠા સમાચાર સામે આવ્યા છે. ટીમના મેન્ટર અને ઈંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ કેપ્ટન કેવિન પીટરસને અચાનક જ ટીમનો સાથ છોડી દીધો છે.

કેવિન પીટરસને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને સ્પષ્ટ કર્યું છે કે તે મેન્ટરની ભૂમિકા માટે જરૂરી પૂરો સમય આપી શકે તેમ નથી. તેમણે લખ્યું, 'હું IPL ની આ સીઝનમાં દિલ્હી કેપિટલ્સનો મેન્ટર બની શકું તેમ નથી. આ કામ માટે જેટલો સમય જોઈએ, તેટલો સમય હું અત્યારે ફાળવી શકું તેમ નથી. જોકે, હું કોમેન્ટ્રી બોક્સમાં ચોક્કસ જોવા મળીશ.'



ગયા સીઝનમાં પીટરસને દિલ્હીના યુવા ખેલાડીઓ, ખાસ કરીને આશુતોષ શર્મા જેવા બેટ્સમેનો સાથે મળીને કામ કર્યું હતું. આશુતોષે પણ પીટરસનના માર્ગદર્શનની પ્રશંસા કરતા કહ્યું હતું કે તેમના કારણે રમત પ્રત્યેનો તેનો અભિગમ બદલાયો છે. હવે પીટરસનની વિદાયથી ટીમના યુવા ખેલાડીઓ માટે માર્ગદર્શનની મોટી ખોટ પડશે.

ગયા સીઝનમાં IPL ની વચ્ચે જ પીટરસન એક અઠવાડિયા માટે માલદીવ ફરવા ગયા હતા, જેના કારણે તેમની ટીકા પણ થઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, પીટરસન આ સીઝનમાં પણ વચ્ચે બ્રેક લેવા માંગતા હતા, પરંતુ દિલ્હી કેપિટલ્સ મેનેજમેન્ટ આ વખતે છૂટછાટ આપવા તૈયાર નહોતું. આ જ ખેંચતાણને કારણે તેમણે પદ છોડવાનું નક્કી કર્યું હોવાનું મનાય છે.

દિલ્હી કેપિટલ્સ અત્યાર સુધી એક પણ ટાઈટલ જીતી શકી નથી. 28 માર્ચથી IPL ની 19મી સીઝન શરૂ થઈ રહી છે અને દિલ્હીની ટીમ 1 માર્ચથી જ પોતાના અભિયાનની તૈયારીઓ શરૂ કરવાની હતી. હવે જોવાનું એ રહેશે કે મેનેજમેન્ટ કોઈ નવા મેન્ટરની નિમણૂક કરે છે કે પછી કોચિંગ સ્ટાફના સહારે જ મેદાનમાં ઉતરે છે.

# મુઝરબાની પર PCB કેસ કરશે, IPL માટે PSL છોડ્યું: ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર KKR સાથે જોડાયો, મુસ્તફિઝુર રહેમાનની જગ્યા લીધી

**લાહોર, તા.15**

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝરબાની પર કરાર તોડવા બદલ કેસ કરવાની તૈયારી કરી રહ્યું છે.

શનિવારે ન્યૂઝ એજન્સી PTIએ પાકિસ્તાની બોર્ડના સૂત્રોને ટાંકીને લખ્યું- PCBના કાયદાકીય વિભાગને ઝિમ્બાબ્વેના આ ફાસ્ટ બોલર વિરુદ્ધ કેસ દાખલ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર મુઝરબાનીએ પાકિસ્તાન સુપર લીગ (PSL)ની ફ્રેન્ચાઈઝી ઈસ્લામાબાદ યુનાઈટેડનો કરાર છોડીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે કરાર કર્યો છે.

એક દિવસ પહેલા શુક્રવારે KKRએ બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનના સ્થાને મુઝરબાનીને પોતાની સાથે જોડવાની જાહેરાત કરી હતી. જેને BCCIના નિર્દેશ બાદ ફ્રેન્ચાઈઝીએ રિલીઝ કર્યો હતો. ઈસ્લામાબાદ યુનાઈટેડે મુઝરબાનીને વેસ્ટ ઈન્ડીઝના ફાસ્ટ બોલર શમાર જોસેફના સ્થાને ટીમમાં સામેલ કર્યો હતો. મુઝરબાની T20 વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વેના ટોપ વિકેટ ટેકર રહ્યો હતો. તેણે 6 મેચમાં 13 વિકેટ ઝડપી હતી.



કોર્બિન બોશ પર એક વર્ષનો પ્રતિબંધ લગાવ્યો હતો મુઝરબાની પહેલા ખેલાડી નથી, જેમની વિરુદ્ધ કરાર તોડવા બદલ કાનૂની કાર્યવાહી થઈ રહી છે. ગયા વર્ષે સાઉથ આફ્રિકાના કોર્બિન બૉશે પહેલા પાકિસ્તાની લીગમાં પેશાવર ઝાલ્મી સાથે કરાર કર્યો હતો.

પછી બોશ એક ઈજાગ્રસ્ત ખેલાડીની જગ્યાએ મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાયો હતો. તેને એક સીઝન માટે PSLમાંથી પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. બૉશે પાકિસ્તાની બોર્ડ પાસેથી માફી માગી હતી અને બોર્ડે તેની પાસેથી વળતરની પણ માગ કરી હતી.

મેન્ડિસ અને ઓવેને પણ PSL છોડ્યું હતું આ જ રીતે શ્રીલંકાના કુસલ મેન્ડિસ અને ઓસ્ટ્રેલિયાના મિચેલ ઓવેને પણ પેશાવર ઝાલ્મી માટે કેટલીક મેચ રમી હતી. ગયા વર્ષે મે મહિનામાં ભારત-પાકિસ્તાન તણાવને કારણે લીગ કેટલાક દિવસો માટે સ્થગિત થઈ હતી, ત્યારે બંને ખેલાડીઓ બાદમાં IPL સાથે જોડાઈ ગયા હતા.

# કેવિન પીટરસને દિલ્હી કેપિટલ્સની મેન્ટરશિપ છોડી: કહ્યું- સમય આપી શકીશ નહીં, IPL 2026માં કોમેન્ટ્રી કરશે પૂર્વ ઇંગ્લિશ કેપ્ટન

**નવી દિલ્હી, તા.15**

IPL 2026 પહેલા કેવિન પીટરસને દિલ્હી કેપિટલ્સ (DC) ની મેન્ટરશિપ છોડી દીધી છે. પૂર્વ ઈંગ્લિશ કેપ્ટન પીટરસને શનિવારે સોશિયલ પ્લેટફોર્મ X પર લખ્યું- 'આ જવાબદારી માટે જેટલો સમય જોઈએ, તે આપી શકશે નહીં.'

જોકે, 45 વર્ષના આ પૂર્વ બેટરે દિલ્હીની ટીમ અને ખેલાડીઓને નવી સીઝન માટે શુભેચ્છાઓ આપી. તેમણે એ પણ કહ્યું કે તેઓ IPL દરમિયાન કોમેન્ટ્રી બોક્સમાં જરૂર જોવા મળશે અને ભારતીય લીગનો હિસ્સો બની રહેશે.

IPL 2025 પહેલા DC મેન્ટર બન્યા હતા પીટરસન પીટરસનને IPL 2025 પહેલા દિલ્હી કેપિટલ્સના મેન્ટર બનાવવામાં આવ્યા હતા. ગત સીઝનમાં દિલ્હીની ટીમ લીગ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી. ટીમે 14માંથી 7 મેચ જીતીને પાંચમું સ્થાન મેળવ્યું હતું. પરંતુ, પ્લેઓફમાં જગ્યા બનાવી શકી ન હતી.



પીટરસન એક ખેલાડી તરીકે પણ દિલ્હીની ફ્રેન્ચાઈઝીનો ભાગ રહ્યા છે. ત્યારે ટીમનું નામ દિલ્હી ડેરડેવિલ્સ હતું. તેમણે દિલ્હી તરફથી 19 મેચમાં 599 રન બનાવ્યા છે. તેમની ટીમ 2012ના પ્લેઓફમાં પહોંચી હતી, પરંતુ ટાઈટલ જીતી શકી નહોતી. 2014માં દિલ્હી લીગ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ. 5 સિઝન રમ્યા, 3 ટીમનો ભાગ રહ્યા પીટરસન IPLમાં પાંચ સીઝન રમી ચૂક્યા છે અને ત્રણ અલગ-અલગ ટીમનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. તેઓ કુલ 17 મેચમાં કેપ્ટનશીપ પણ કરી ચૂક્યા છે. 2009માં તેમણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની કેપ્ટનશીપ કરી હતી, જ્યારે 2014માં દિલ્હી ડેરડેવિલ્સની કમાન સંભાળી હતી.

28 માર્ચથી થશે IPL-2026ની શરૂઆત IPL 2026ની શરૂઆત 28 માર્ચથી થશે. પ્રથમ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદ આમને-સામને હશે. દિલ્હી કેપિટલ્સ પોતાની પ્રથમ મેચ 1 એપ્રિલે લખનઉ સુપર જાયન્ટ્સ સામે લખનઉના એકાના સ્ટેડિયમમાં રમશે, જ્યારે ટીમની પ્રથમ હોમ મેચ 4 એપ્રિલે મુંબઈ ઈન્ડિયન્સ સામે હશે.

# મસૂરીમાં શાહી અંદાજમાં થયા કુલદીપ-વંશિકાના લગ્ન

## ગોલ્ડન શેરવાનીમાં નીકળ્યા 'ચાઈનામેન', જાનમાં નાચ્યા કૈફ-ચહલ-તિલક, મહેમાનો પાછા ફરવા લાગ્યા

**મસૂરી, તા.15**

કુલદીપ યાદવે 14 માર્ચે પોતાની બાળપણની મિત્ર વંશિકા સિંહ સાથે લગ્નના બંધનમાં બંધાઈને નવા જીવનની શરૂઆત કરી. મસૂરી સ્થિત આઈટીસી સેવોય હોટલમાં આયોજિત શાહી સમારોહમાં બંનેએ પરંપરાગત રીતિ-રિવાજો સાથે લગ્નની વિધિઓ પૂર્ણ કરી.

સૌથી પહેલા જયમાળાની વિધિ થઈ. મંચ પર પહોંચીને કુલદીપ યાદવ અને વંશિકા સિંહે એકબીજાને વરમાળા પહેરાવી. જયમાળા પછી રાત્રે મંડપમાં સાત ફેરાની વિધિ પૂર્ણ કરવામાં આવી, જેની સાથે જ બંને વૈવાહિક બંધનમાં બંધાઈ ગયા.



આ પહેલા કુલદીપ યાદવ ગોલ્ડન શેરવાની પહેરીને ઘોડા પર સવાર થઈને જાન સાથે દુલ્હન લેવા નીકળ્યા. જાનમાં હાજર ક્રિકેટરોએ પિંક અને સફેદ રંગના સાફા બાંધ્યા. ઢોલ-નગારાની ધૂન પર મહેમાનો અને ખેલાડીઓએ જોરદાર ડાન્સ કર્યો. બેન્ડ-બાજા માટે દિલ્હીથી છ સભ્યોની ઢોલ વગાડતી ટીમ પહેલાથી જ મસૂરી પહોંચી ચૂકી હતી.

હોટલમાં મંડપ કોલકાતાથી મંગાવવામાં આવેલા ખાસ ફૂલોથી સજાવવામાં આવ્યો હતો, જ્યાં મુખ્ય લગ્ન સમારોહ થયો. લગ્ન પહેલા કુલદીપ યાદવે વીડિયો કોલ દ્વારા જગદ્ગુરુ રામભદ્રાચાર્યના આશીર્વાદ પણ લીધા.

સમારોહમાં હાજરી આપવા માટે બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રી પણ લગભગ 1.50 કરોડની કારમાં હોટેલ પહોંચ્યા. આ પહેલા શુક્રવારે રાત્રે આયોજિત સંગીત અને કોકટેલ સમારોહમાં ક્રિકેટર સુરેશ રૈના, રિંકુ સિંહ અને યુઝવેન્દ્ર ચહલે વરરાજા સાથે જોરદાર ડાન્સ કર્યો.

સમારોહમાં દિલ્હીથી આવેલા સૂફી સિંગર અને લાઈવ પર્ફોર્મર બિસ્મિલએ પણ પ્રસ્તુતિ આપી. શનિવારે સવારે મોહમ્મદ કૈફ પણ મસૂરી પહોંચ્યા હતા. મહેમાનોને નાસ્તામાં કાનપુરની સ્પેશિયલ ખસ્તા કચોરી અને દાળના વડા પીરસવામાં આવ્યા.

હવે લગ્નની તમામ વિધિઓ પૂર્ણ થઈ ગઈ છે અને મોડી રાત સુધી ઉત્સવનો માહોલ રહ્યો. સવાર સુધીમાં મોટાભાગના મહેમાનો મસૂરીથી પાછા ફરશે.

# લોકપ્રિય હિરોઈન મીનાક્ષી ચૌધરીએ ભાગમભાગ-2થી હિન્દીમાં ડેબ્યૂ કન્ફર્મ કર્યું

## જોકે, કાનૂની વિવાદોને કારણે ફિલ્મનું શૂટિંગ આગામી ઓગસ્ટ પછી શરુ થવાની સંભાવના

**મુંબઈ, તા.15**

સાઉથની લોકપ્રિય હિરોઈન મીનાક્ષી ચૌધરી 'ભાગમભાગ ટુ'થી હિન્દી સિનેમામાં ડેબ્યૂ કરી રહી હોવાની લાંબા સમયથી ચર્ચા હતી. હવે તેણે પોતે આ વાત કન્ફર્મ કરી છે. મીનાક્ષી ચૌધરી 'લકી ભાસ્કર' સહિતની ફિલ્મોથી હિન્દી દર્શકોમાં પહેલેથી જાણીતી છે. મીનાક્ષીએ એક સંવાદમાં કહ્યું હતું કે પોતે હિન્દીમાં ડેબ્યૂ કરવા માટે યોગ્ય પ્રોજેક્ટની રાહ જોઈ રહી હતી. આ ફિલ્મની સ્ક્રિપ્ટ તેને પસંદ પડી છે. અક્ષય કુમાર જેવા સિનિયર કલાકાર પાસેથી ઘણું શીખવા મળશે તેવી પણ તેને અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ કાનૂની



વિવાદમાં સપડાઈ છે. ફિલ્મની પ્રોડયૂસર એકતા કપૂર અને ડાયરેક્ટર રાજ શાંડિલ્ય વચ્ચે કાનૂની વિવાદ થતાં રાજ શાંડિલ્યએ આ ફિલ્મ છોડી દીધી છે. તેના કારણે આ ફિલ્મનું શૂટિંગ પાછળ ધકેલાઈ ગયું છે અને હવે તે આગામી ઓગસ્ટ પહેલાં શરુ થવાની સંભાવનાં નહીંવત્ત હોવાનું મનાય છે.

### રેપર બાદશાહ પર બેવડી આફત

# લૉરેન્સ બિશ્નોઇ ગેંગે આપી જાનથી મારી નાખવાની ધમકી

## દેશભરમાં 'ટટીરી' ગીતનો વિરોધ થયા બાદ બાદશાહે એક વીડિયો જાહેર કરીને માફી માંગી હતી

**મુંબઈ, તા.15**

હિન્દી અને હરિયાણવી ગીતો માટે જાણીતા સિંગર બાદશાહની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. એક તરફ 'ટટીરી' ગીત વિવાદમાં હરિયાણા પોલીસ તેમની ધરપકડ કરવાની તૈયારીમાં છે, ત્યાં બીજી તરફ લોરેન્સ બિશ્નોઈ ગેંગે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપીને સનસનાટી મચાવી દીધી છે.

પાણીપતમાં થયેલા ફાયરિંગની ઘટનાની જવાબદારી સ્વીકારતા



બિશ્નોઈ ગેંગે સોશિયલ મીડિયા પર એક નોટ જાહેર કરી છે. આ નોટમાં રનદીપ મલિક અને અનિલ પંડિત (USA) ના નામે બાદશાહને સીધી ચેતવણી આપવામાં આવી છે. નોટમાં લખ્યું છે કે, "સિંગર બાદશાહ, તેં હરિયાણાની સંસ્કૃતિને બગાડવાનો પ્રયત્ન કર્યો છે. ૨૦૨૪માં તારા ક્લબમાં તને ટ્રેલર બતાવ્યું હતું, હવે પછી સીધી તારા કપાળમાં ગોળી મારીશું." ગેંગે પાણીપતમાં હવાલા કારોબાર સાથે જોડાયેલી એક ઓફિસ પર થયેલા ફાયરિંગની જવાબદારી પણ લીધી છે અને ચેતવણી આપી છે કે આ તો માત્ર ટ્રેલર છે. બાદશાહ અત્યારે તેમના હરિયાણવી ગીત 'ટટીરી' (Tatiri) ને કારણે કાયદાકીય કુંડાળામાં ફસાયા છે. હરિયાણા મહિલા આયોગના અધ્યક્ષ રેણુ ભાટિયાએ પોલીસને આદેશ આપ્યો છે કે જો બાદશાહ તપાસમાં સહયોગ ન આપે તો તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે. આયોગે જરૂર પડે બાદશાહનો પાસપોર્ટ જપ્ત કરવાની પણ સૂચના આપી છે જેથી તેઓ દેશ છોડીને ભાગી ન શકે. દેશભરમાં આ ગીતનો વિરોધ થયા બાદ બાદશાહે એક વીડિયો જાહેર કરીને માફી માંગી હતી. તેમણે કહ્યું હતું કે, "હું પોતે ગર્વ અનુભવતો હરિયાણવી છું અને મારો ઈરાદો હરિયાણાના કોઈ બાળક કે મહિલાનું અપમાન કરવાનો ક્યારેય નહોતો." જોકે, માફી માંગ્યા છતાં મહિલા આયોગ અને હવે ગેંગસ્ટર ગેંગ તરફથી તેમને કોઈ રાહત મળતી જણાતી નથી.

### આમિરની કો સ્ટાર અભિનેત્રીનું દર્દ છલકાયું

# દંગલના સેટ પર જ શૂટિંગ વચ્ચે ખેંચ આવી ગઈ હતી : ફાતિમા સના

## એક્ટ્રેસે કહ્યું કે, ખેંચ આવી અને મેં કહ્યું ના, ના, કંઈ નહીં બધું ઠીક થઈ જશે.' પણ પછી તે વધતું જ ગયું



**મુંબઈ, તા.15**

બોલિવૂડ એક્ટ્રેસ ફાતિમા સના શેખ જેને દંગલ (2016) થી પહેલી મોટી ઓળખ મળી હતી. તેમણે તાજેતરમાં જ ન્યુરોલોજીકલ બીમારી વિશે જાગૃતિ ફેલાવવા માટે મિર્ગી (ખેંચ આવી જવી) સાથે પોતાની લડાઈ વિશે ખુલીને વાત કરી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં એક્ટ્રેસે યાદ કર્યું કે, સેટ પર શૂટિંગ વચ્ચે મને અચાનક ખેંચ આવી જતી હતી અને કેવી રીતે મારા કો સ્ટાર આમિર ખાન અને સાન્યા મલ્હોત્રા તેમજ ક્રૂએ તે મુશ્કેલ સમયમાં મને સાથ આપ્યો હતો.

સોહા અલી ખાનના પોડકાસ્ટ પર વાત કરતા ફાતિમાએ ખુલાસો કર્યો કે, આ ઘટના અચાનક બની જ્યારે હું સેટ પર હતી, જેના કારણે મારી આસપાસના લોકો સમજી ન શક્યા કે ખરેખર શું થઈ રહ્યું છે. એક્ટ્રેસે કહ્યું કે, ખેંચ આવી અને મેં કહ્યું ના, ના, કંઈ નહીં બધું ઠીક થઈ જશે.' પણ પછી તે વધતું જ ગયું. મેં મારી આસપાસના બધાને કહ્યું કે મને ખેંચ આવવાની છે. કોઈને ખબર નહોતી કે તે શું છે. મને પણ ખબર નહોતી કે તે શું છે અને સદભાગ્યે આમિર ખાન ત્યાં હતા, સાન્યા મલ્હોત્રા ત્યાં હતા, કૃપા શંકર બિશ્નોઈ જે અમને ટ્રેનિંગ આપી રહ્યા હતા, તેઓ પણ ત્યાં હતા અને તેઓએ તરત જ ગૂગલ કર્યું, તેમને જવાબ મળ્યા, મને એક તરફ સુવડાવી અને જે જરૂરી હતું તે કર્યું. અને પછી અંતે મને લાગે છે કે એક પ્રોડક્શન હાઉસ તરીકે તેઓએ તે જાણવાની જવાબદારી પોતે ઉઠાવી કે, તે શું છે, કારણ કે મારા પર ઘણું નિર્ભર હતું, આખી ફિલ્મ હતી. આ ઘટના બાદ ફાતિમાએ જણાવ્યું કે, 'મને મેડિકલ તપાસ માટે ડૉક્ટર પાસે લઈ જવામાં આવી હતી, જેમાં MRI અને EEG જેવા ટેસ્ટ સામે હતા. બાદમાં મને મુંબઈના એક ન્યુરોલોજીસ્ટ પાસે મોકલવામાં આવી હતી અને સમસ્યાને કંટ્રોલ કરવા માટે દવા આપવામાં આવી.'

### ફિલ્મનો રનટાઈમ પણ સામે આવ્યો

# 'ધુરંધર : ધ રિવેન્જ' રિલીઝ પહેલાં સર્ટિફિકેશન વિગતો જાહેર

## સેન્સર સર્ટિફિકેટ અનુસાર Dhurandhar: The Revengeનો રનટાઈમ લગભગ 235 મિનિટ છે, એટલે કે લગભગ ચાર કલાક લાંબી આ ફિલ્મ તાજેતરમાં આવેલી સૌથી લાંબી મેઈનસ્ટ્રીમ કમર્શિયલ ફિલ્મોમાંની એક બની શકે છે....

**મુંબઈ, તા.15**

ડિરેક્ટર Aditya Dhar ની ફિલ્મ Dhurandhar: The Revenge 19 માર્ચે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મના પ્રીવ્યૂ શો 18 માર્ચે યોજાશે અને હાલમાં તેની એડવાન્સ બુકિંગ પણ શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન ફિલ્મના સર્ટિફિકેશન અને રનટાઈમ વિશેની વિગતો સામે આવી છે.

મીડિયા રિપોર્ટ મુજબ, ફિલ્મને આયરિશ સેન્સર બોર્ડ દ્વારા '18' (એડલ્ટ્સ માટે) સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે.



આ પહેલા ફિલ્મ Dhurandhar (2025) ને પણ રિલીઝ સમયે 'A' રેટિંગ આપવામાં આવી હતી. સેન્સર સર્ટિફિકેટ અનુસાર Dhurandhar: The Revenge નો રનટાઈમ લગભગ 235 મિનિટ છે. એટલે કે લગભગ ચાર કલાક લાંબી આ ફિલ્મ તાજેતરમાં આવેલી સૌથી લાંબી મેઈનસ્ટ્રીમ કમર્શિયલ ફિલ્મોમાંની એક બની શકે છે.

પહેલી ફિલ્મ Dhurandhar નો રનટાઈમ લગભગ 214 મિનિટ હતો, જ્યારે સીક્વલ તેની કરતાં લગભગ 30 મિનિટ વધુ લાંબી છે. રિપોર્ટ મુજબ ફિલ્મની ભારતમાં એડવાન્સ બુકિંગ દ્વારા લગભગ 31.9 કરોડ રૂપિયા (ગ્રોસ) સુધીની કમાણી થઈ ગઈ છે. સાથે જ અંદાજ છે કે ઉત્તર અમેરિકા બોક્સ ઓફિસ પર ફિલ્મ પોતાના પ્રથમ વીકએન્ડમાં લગભગ 4.05 મિલિયન અમેરિકન ડોલર સુધીની કમાણી કરી શકે છે.

# વિદેશી રોકાણકારોએ 15 દિવસમાં ભારતીય બજારમાંથી ₹52,704 કરોડ પાછા ખેંચ્યા: ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલ 100 ડોલર અને રૂપિયો 92 ના સ્તરને પાર પહોંચ્યો

**મુંબઈ, તા.15**

ભારતીય શેરબજારમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટ (FPIs)નું વેચાણ સતત ચાલુ છે. માર્ચના શરૂઆતના બે અઠવાડિયામાં વિદેશી રોકાણકારોએ ઘરેલુ ઈક્વિટી બજારમાંથી 52,704 કરોડ રૂપિયા પાછા ખેંચ્યા છે. આ વેચાણ એવા સમયે થયું છે, જ્યારે મિડલ ઈસ્ટમાં તણાવ વધી રહ્યો છે અને ક્રૂડ ઓઈલ 100 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે.



આ પહેલા ફેબ્રુઆરી મહિનામાં FPIs એ બજારમાં 22,615 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જે છેલ્લા 17 મહિનાનું સૌથી ઊંચું સ્તર હતું. પરંતુ માર્ચની શરૂઆતથી જ વિદેશી રોકાણકારો દરેક ટ્રેડિંગ દિવસે નેટ સેલર્સ રહ્યા છે.

બજાર નિષ્ણાતોનું માનવું છે કે આ ભારે વેચવાલી પાછળ ઘણા વૈશ્વિક અને સ્થાનિક કારણો છે. એન્જલ વનના સિનિયર ફંડામેન્ટલ એનાલિસ્ટ વકારજાવેદ ખાનના મતે, પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને હોર્મુઝ રૂટમાં સપ્લાય પ્રભાવિત થવાના ડરથી બ્રેન્ટ ક્રૂડ 100 ડોલર પ્રતિ બેરલથી ઉપર ગયું છે. તેનાથી રોકાણકારોએ જોખમી એસેટ્સમાંથી પૈસા કાઢીને સુરક્ષિત વિકલ્પોમાં રોકાણ કરવાનું શરૂ કરી દીધું છે. આ ઉપરાંત, ડોલર સામે ભારતીય રૂપિયાનું 92ના સ્તરને પાર પહોંચવું અને અમેરિકી બોન્ડ યીલ્ડમાં વધારાએ પણ દબાણ બનાવ્યું છે.

જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે છેલ્લા 18 મહિનામાં ભારતીય બજારે વિકસિત અને અન્ય ઉભરતા બજારોની સરખામણીમાં ઓછું વળતર આપ્યું છે. તેમના મતે, દક્ષિણ કોરિયા, તાઈવાન અને ચીન હાલમાં ભારતની સરખામણીમાં વધુ આકર્ષક લાગી રહ્યા છે, કારણ કે તાજેતરના ઘટાડા પછી ત્યાં વેલ્યુએશન સસ્તું છે અને કોર્પોરેટ અર્નિંગની સંભાવનાઓ વધુ સારી દેખાઈ રહી છે.

વર્ષ 2025માં અત્યાર સુધી સેક્ટર-વાઈઝ જોઈએ તો IT સેક્ટરને સૌથી વધુ ફટકો પડ્યો છે.

IT સેક્ટર: લગભગ 74,700 કરોડ રૂપિયા પાછા ખેંચવામાં આવ્યા. તેનું કારણ રેવન્યુ ગ્રોથમાં ઘટાડો અને ગ્લોબલ ટેક ખર્ચમાં ઘટાડો છે.

FMCG સેક્ટર: શહેરી વપરાશમાં ઘટાડો અને માર્જિનના દબાણને કારણે 36,800 કરોડ રૂપિયાનો ઉપાડ થયો.

પાવર અને હેલ્થકેર: આ સેક્ટર્સમાં 24,000 થી 26,000 કરોડ રૂપિયાનું વેચાણ કરવામાં આવ્યું. જોકે, રોકાણકારોએ ટેલિકોમ, ઓઈલ એન્ડ ગેસ, મેટલ્સ અને કેમિકલ્સ જેવા સેક્ટર્સમાં પોતાનું રોકાણ વધાર્યું છે, જે દર્શાવે છે કે પૈસા હવે ડોમેસ્ટિક વેલ્યુ અને કોમોડિટી શેરો તરફ શિફ્ટ થઈ રહ્યા છે. વિદેશી રોકાણકારો દ્વારા ફાઈનાન્સિયલ અને બેન્કિંગ શેરોમાં કરવામાં આવેલી વેચવાલીએ આ સેક્ટરના વેલ્યુએશનને ઘણું નીચે લાવી દીધું છે. જાણકારોનું કહેવું છે કે જ્યાં વિદેશી રોકાણકારો બહાર નીકળી રહ્યા છે, ત્યાં સ્થાનિક રોકાણકારો માટે આ શેર હવે આકર્ષક કિંમતો પર ઉપલબ્ધ છે.

નિષ્ણાતોનું કહેવું છે કે જો ચોથા ક્વાર્ટર (Q4)ના પરિણામો, ખાસ કરીને બેન્કિંગ અને કન્ઝમ્પશન સેક્ટરમાં અપેક્ષા કરતાં સારા રહે છે, તો વેચવાલીની ગતિ ધીમી પડી શકે છે. પરંતુ જો ભૌગોલિક રાજકીય તણાવ વધુ વધે છે અથવા તેલની કિંમતો વધુ ઉપર જાય છે, તો બજાર પર દબાણ ચાલુ રહેશે.

વિદેશી પોર્ટફોલિયો રોકાણ (FPI) તે રોકાણ છે, જેમાં વિદેશી નાગરિકો અથવા કંપનીઓ બીજા દેશના શેરબજાર, બોન્ડ અથવા અન્ય નાણાકીય સંપત્તિઓમાં પૈસા રોકે છે. તેમના આવવા-જવાથી શેરબજારની ચાલ નક્કી થાય છે.

# ટોપ-10 કંપનીઓની વેલ્યુ ₹4.48 લાખ કરોડ ઘટી: SBI ટોપ લૂઝર રહ્યું, તેની વેલ્યુ ₹89 હજાર કરોડ ઘટી

**નવી દિલ્હી, તા.15**

માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓની વેલ્યુ ગયા અઠવાડિયાના કારોબારમાં 4.48 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. આ સમય દરમિયાન SBIની વેલ્યુ સૌથી વધુ ઘટી. SBIનું માર્કેટ કેપ 89,306 કરોડ રૂપિયા ઘટીને 9.66 લાખ કરોડ પર આવી ગયું.




HDFC બેંકનું માર્કેટ કેપ 61,715 કરોડ રૂપિયા ઘટીને 12.57 લાખ કરોડ પર આવી ગયું. જ્યારે બજાજ ફાઈનાન્સની માર્કેટ વેલ્યુ 59,082 કરોડ ઘટીને 5.32 લાખ કરોડ પર આવી ગઈ.

આ ઉપરાંત, ગયા અઠવાડિયે TCS, ICICI બેંક, ભારતી એરટેલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, LIC, ઈન્ફોસિસ અને HULનું માર્કેટ કેપ પણ ઘટ્યું છે.

માર્કેટ કેપ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર (એટલે કે, હાલમાં તેના શેરધારકો પાસે રહેલા તમામ શેર)ની વેલ્યુ છે. તેની ગણતરી કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણીને કરવામાં આવે છે.

ધારો કે... કંપની 'A'ના 1 કરોડ શેર માર્કેટમાં લોકોએ ખરીદ્યા છે. જો એક શેરની કિંમત 20 રૂપિયા હોય, તો કંપનીની માર્કેટ વેલ્યુ 1 કરોડ x 20 એટલે કે 20 કરોડ રૂપિયા થશે.

કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપની હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે.

રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તેમજ, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેના કારણે રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે.

ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડથી વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે, અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે. પરંતુ જો માર્કેટ કેપ ઘટે છે તો તેનું નુકસાન થઈ શકે છે.

# અખાતી દેશો તરફ રવાના થયેલું જાપાન તથા ચીનનું સસ્તુ સ્ટીલ ભારતમાં ડમ્પ થવા વકી....

## યુદ્ધને કારણે દેશના સ્ટીલ ઉદ્યોગને બમણો માર પડવાની ચિંતા

**મુંબઈ, તા.15**

યુદ્ધને કારણે ભારતના સ્ટીલ ઉદ્યોગને બમણો માર પડવાની ચિંતા સતાવી રહી છે. કાચા માલની કિંમતમાં વધારા ઉપરાંત સસ્તા સ્ટીલનું ડમ્પિંગ તોળાઈ રહ્યું છે.



અખાતના દેશોમાં ડિલિવરી માટે રવાના થયેલા જાપાન, ચીન તથા એશિયનદેશોના સસ્તા સ્ટીલ હાલમાં મધદરિયે અટવાયેલા છે અને અખાતી દેશો તરફ જહાજોની અવરજવર અટકી પડી છે ત્યારે આ સ્ટીલ ભારતમાં ઠલવાવાની સ્થાનિક ઉદ્યોગને ચિંતા સતાવી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે યુદ્ધને કારણે સ્ટીલના કાચા માલના ભાવમાં પાંચ ટકા વધારો થયો છે એટલુ જ નહીં સસ્તુ સ્ટીલ દેશની બજારો તરફ વળી શકે છે.

એક અંદાજ પ્રમાણે આશરે ૧૫ લાખ ટન જેટલું સ્ટીલ દરિયામાં અટવાયેલું છે અને સ્ટીલના નિકાસકાર દેશો તેની માટે વૈકલ્પિક બજારની શોધમાં છે. ચીન તથા જાપાનના નિકાસકારો દ્વારા ભારતના ટ્રેડરોનો સંપર્ક કરવામાં આવી રહ્યો હોવાનું બજારના વર્તુળોએ જણાવ્યું હતું.

સ્ટીલ ક્ષેત્ર માટે લાઈમસ્ટોનની ઉપલબ્ધતા એક મોટી ચિંતા છે. ભારતનું સ્ટીલ ક્ષેત્ર તેની લાઈમસ્ટોન (ચૂના)ની આવશ્યકતામાંથી ૭૫થી ૮૦ ટકા જરૂરિયાત અખાત વિસ્તારમાંથી પૂરી કરે છે.


# ઘર ખરીદવાથી લઈને વિદેશમાં ફરવા સુધી... 1 એપ્રિલથી ટેક્સ સંબંધિત 7 મોટા નિયમ બદલાશે

**નવી દિલ્હી, તા.15**

દેશમાં ટેક્સપેયર્સ માટે 1 એપ્રિલથી ટેક્સના નિયમોમાં ફેરફાર થવા જઈ રહ્યો છે. નાણામંત્રી સીતારમણે બજેટમાં જે એલાન કર્યા હતા તે હવે લાગુ થવા જઈ રહ્યા છે. આવી સ્થિતિમાં તમે નોકરી કરતા હોય, બિઝનેસમેન હોવ કે રોકાણકાર આ ફેરફારોની અસર તમારા ખિસ્સા અને ટેક્સ ભરવાની રીત પર પડી શકે છે. આ સાથે જ કેટલાક ખાસ લોકો માટે ઈનકમટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવી છે, જેનાથી તેમને તેમના કાગળકામ પૂર્ણ કરવા માટે વધુ સમય મળી જશે. આ ઉપરાંત સરકારે કેટલીક નવી ટેક્સ છૂટ પણ આપી છે, જેનાથી તમારો ટેક્સ ઓછો થઈ શકે છે.

જ્યારે કોઈ કંપની પોતાના જ શેર રોકાણકારો પાસેથી પાછા ખરીદે છે, ત્યારે તેને બાયબેક કહેવામાં આવે છે. પહેલાં બાયબેકમાંથી મળેલી સંપૂર્ણ રકમ ડિવિડેન્ડ માનવામાં આવતી હતી અને તેના પર તમારી ઈનકમ સ્લેબના હિસાબે ટેક્સ લાગતો હતો. પણ તેને હવે કેપિટલ ગેન માનવામાં આવશે. આનો સૌથી મોટો ફાયદો એ છે કે તમારે સમગ્ર રકમ પર ટેક્સ નહીં ચૂકવવો પડશે, પરંતુ ફક્ત એ કમાણી પર ટેક્સ આપવો પડશે જે તમે શેર વેચીને કમાયા છો. ઉદાહરણ તરીકે જો તમે શેર 100 રૂપિયામાં ખરીદ્યો અને કંપનીએ તેમને 150 રૂપિયામાં બાયપેક કર્યા, તો ટેક્સ માત્ર 50 રૂપિયાના નફા પર લાગશે.

જો તમે શેરબજારમાં ફ્યુચર્સ અને ઓપ્શન્સ (F&O)માં ટ્રેડ કરો છો, તો હવે તમારે સરકારને વધુ ટેક્સ ચૂકવવો પડશે. ફ્યુચર્સની વાત કરીએ તો પહેલા ટેક્સ 0.02% હતો, જે હવે વધીને 0.05% થઈ ગયો છે. બીજી તરફ ઓપ્શન્સ પર ટેક્સ 0.1% થી વધીને 0.15% કરી દીધો છે. હવે દરેક વાર ટ્રેડ કરતી વખતે તમને વધુ ટેક્સ લાગશે, જેનાથી તમારા નફામાં થોડો ઘટાડો થઈ શકે છે. ટ્રેડિંગમાં વધતા જોખમને કારણે સરકારે આ પગલું ભર્યું છે. પહેલાં સોવરિન ગોલ્ડ બોન્ડ (SGB) વેચવા અથવા મેચ્યોર થવા પર ટેક્સની છૂટ તમામને મળતી હતી, પરંતુ સરકારે હવે તેમાં કેટલાક ફેરફારો કર્યા છે. પહેલા તમને એ જણાવીએ કે, આમાં છૂટ કોને મળશે. જો તમે સીધા સરકાર પાસેથી બોન્ડ ખરીદ્યા છે અને મેચ્યોરિટી સુધી પોતાની પાસે રાખો છો, તો તમારે નફા પર કોઈ ટેક્સ નહીં ચૂકવવો પડશે. પરંતુ જો તમે આ બોન્ડ શેરબજારમાંથી કોઈ બીજા પાસેથી ખરીદો છો, તો હવે તેમને વેચવા પર મળેલા નફા પર તમારે ટેક્સ આપવો પડશે. આનો અર્થ એ છે કે સેકન્ડ-હેન્ડ બોન્ડ ખરીદનારાઓ માટે ટેક્સ ફ્રી વાળો લાભ હવે સમાપ્ત થઈ ગયો છે.




જો તમને શેરોમાંથી મળતા ડિવિડન્ડ અથવા મ્યુચ્યુઅલ ફંડથી થતી કમાણી પર વ્યાજનો લાભ ઉઠાવતા હતા, તો હવે તે બંધ કરવામાં આવી રહ્યું છે. પહેલાં જો તમે રોકાણ કરવા માટે પૈસા ઉધાર લીધા હોય, તો તમે તમારા રોકાણથી થયેલી કમાણીમાંથી તે લોનના 20% વ્યાજને ઘટાડી શકતા હતા. આનાથી તમારી ટેક્સેબલ ઈનકમ ઓછી થઈ જતી હતી. પરંતુ હવે આ નિયમને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે.

જો તમારી કુલ વાર્ષિક આવક કર મુક્તિ મર્યાદાથી ઓછી હોય, તો તમે TDS કપાતથી બચવા માટે ફોર્મ 15G અથવા ફોર્મ 15H ભરો છો. પહેલાં આ ફોર્મ અલગ અલગ કંપનીઓ અથવા ફંડ હાઉસને મોકલવા પડતા હતા, જે ખૂબ જ મુશ્કેલીભર્યું કામ હતું. પરંતુ હવે તમે આ ફોર્મ સીધા તમારી ડિપોઝિટરીમાં સબમિટ કરી શકો છો. કારણ કે, તમારા શેર અને મ્યુચ્યુઅલ ફંડ ડીમેટમાં હોય છે, તો એક જ જગ્યાએ આ ફોર્મ સબમિટ કરવાથી તમારી બધી સિક્યોરિટીઝ પર TDSની ઝંઝટ દૂર થઈ જશે. પહેલાં જ્યારે કોઈ એવી વ્યક્તિ પાસેથી પ્રોપર્ટી ખરીદવામાં આવતી હતી, જે ભારતની બહાર રહે છે.

## અત્યંત શક્તિશાળી હથિયાર '359' રજૂ કર્યું, રડાર વગર જ ડ્રોનને કરે છે ધ્વસ્ત

# જમીન નીચે ઈરાનનો ઘાતક ડ્રોન-મિસાઈલનો ભંડાર : અમેરિકા-ઈઝરાયલ ચિંતામાં.....

**તહેરાન, તા.06**

ઈરાને સંરક્ષણ ક્ષેત્રે એક મોટું ડગલું ભરતા પોતાનું નવું અને અત્યંત શક્તિશાળી હથિયાર '359' રજૂ કર્યું છે. આ એક 'લોયટરિંગ સરફેસ-ટુ-એર મિસાઈલ' છે, જે અગાઉની '358' મિસાઈલનું વધુ આધુનિક અને મોટું વર્ઝન માનવામાં આવે છે. આ મિસાઈલની સૌથી મોટી વિશેષતા એ છે કે તે કોઈપણ રડારની મદદ વગર દુશ્મનના ડ્રોનને શોધીને તેને હવામાં જ તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે.



છેલ્લા કેટલાક દિવસોમાં જૂની '358' મિસાઈલે અમેરિકાના અત્યાધુનિક MQ-9 રીપર અને ઈઝરાયલના હર્મિસ ૯૦૦ જેવા ડ્રોનને તોડી પાડીને દુનિયાને ચોંકાવી દીધી હતી, ત્યારે હવે '359'ના આગમનથી મધ્ય પૂર્વમાં અમેરિકન પ્રમુખ અને તેમની સેના માટે ચિંતા વધી ગઈ છે. આ મિસાઈલ એક જેટ-પાવર્ડ ઈન્ટરસેપ્ટર છે જેને સામાન્ય ટ્રક પરથી પણ લોન્ચ કરી શકાય છે. એકવાર હવામાં છોડ્યા પછી તે કોઈ ચોક્કસ વિસ્તારમાં સતત ફરતી રહે છે અને પોતે જ લક્ષ્યની શોધ કરે છે. તે કોઈ રડાર સિગ્નલ છોડતી નથી, જેના કારણે ડ્રોન ઓપરેટરને હુમલાની કોઈ પણ એલર્ટ મળતી નથી અને અચાનક ડ્રોનનો વીડિયો ફીડ બંધ થઈ જાય છે. ઈન્ફ્રારેડ સેન્સર અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ની મદદથી આ મિસાઈલ દુશ્મન ડ્રોનના સિગ્નલને ઓળખી લે છે. '359' મિસાઈલ જૂના વર્ઝન કરતા કદમાં મોટી છે, જેથી તે વધુ સમય સુધી હવામાં રહી શકે છે અને તેની રેન્જ પણ 100 કિમીથી વધુ છે. આ ટેક્નોલૉજીએ યુદ્ધની વ્યૂહનીતિ બદલી નાખી છે. જ્યાં અમેરિકાના એક MQ-9 રીપર ડ્રોનની કિંમત અંદાજે 32 મિલિયન ડૉલર છે.

## ઈરાન સામે અમેરિકાનો 'લાઇટનિંગ' પ્લાન

# હોર્મુઝ નજીક અમેરિકાએ 2500 મરીન્સ અને જેટ્સ તૈનાત કર્યા

**વૉશિંગ્ટન, તા.06**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલ સંઘર્ષ આગામી દિવસોમાં વધુ વિનાશક અને ભયાનક સ્વરૂપ ધારણ કરી શકે છે. લગભગ બે અઠવાડિયાની ભીષણ લડાઈમાં ભારે જાનહાનિ અને ભૌતિક નુકસાન બાદ, યુદ્ધ હવે નિર્ણાયક વળાંક પર પહોંચી ગયું છે. આ બગડતી પરિસ્થિતિ અને સતત વધતા જતા ખતરાને ધ્યાનમાં રાખીને, અમેરિકાએ હવે તેના ઘાતક મરીન કમાન્ડોને મેદાનમાં તૈનાત કરીને સીધો હસ્તક્ષેપ કર્યો છે.

યુએસ સૈન્યની આ સક્રિય ભાગીદારી બાદ, આશંકા વધુ તીવ્ર બની છે કે આ પ્રાદેશિક તણાવ હવે સંપૂર્ણ વૈશ્વિક લશ્કરી મુકાબલામાં ફેરવાઈ શકે છે. અમેરિકાએ તેના એમફીબીયસ સ્ટ્રાઈક ગ્રૂપ, યુએસએસ ત્રિપોલીને હોર્મુઝ સ્ટ્રેટ તરફ મોકલ્યું છે.

આ જહાજ દરિયાઈ અને જમીન બંને વાતાવરણમાં કામગીરી કરવા સક્ષમ છે. આ કાફલામાં આશરે 2,500 મરીન કમાન્ડો છે. આ સૈનિકો ભૂમિ યુદ્ધ અને ઝડપી હુમલાની કામગીરીમાં તેમના પરાક્રમ માટે પ્રખ્યાત છે. પરિણામે, એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે યુએસ હવે તેના ભૂમિ સૈનિકોને પણ સંઘર્ષમાં મોકલશે. અહેવાલો અનુસાર, મરીન કમાન્ડોની સાથે, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ (પેન્ટાગોન) 31મા મરીન એક્સપિડિશનરી યુનિટને પણ તૈનાત કરી રહ્યું છે. આ યુનિટને આશ્ચર્યજનક હુમલાઓ કરવામાં અને ઝડપી પ્રતિભાવ હુમલાઓ કરવામાં નિષ્ણાત માનવામાં આવે છે. હાલમાં, યુએસએસ ત્રિપોલી જાપાનમાં તૈનાત છે; એવી અપેક્ષા છે કે તે એક થી બે અઠવાડિયામાં યુએસ સેન્ટ્રલ કમાન્ડના ક્ષેત્રમાં પહોંચી જશે. યુએસ પહેલાથી જ પશ્ચિમ એશિયામાં 50,000 થી વધુ સૈનિકોની હાજરી જાળવી રાખે છે; આ નવી તૈનાતી તેની લશ્કરી તાકાતમાં વધુ વધારો કરશે.

## પાકિસ્તાને ઇસ્લામાબાદમાં 2 વિસ્ફોટક ડ્રોન તોડી પાડ્યા

# અફઘાનિસ્તાને પાકિસ્તાનના લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા...

**ઈસ્લામાબાદ, તા.06**

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં સુરક્ષા એજન્સીઓએ વિસ્ફોટકોથી ભરેલા બે ડ્રોન તોડી પાડ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક ડ્રોન ફૈઝાબાદ વિસ્તાર નજીક પડ્યું, જ્યારે બીજું I-9 સેક્ટરમાં તોડી પાડવામાં આવ્યું. આ પહેલા અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે અફઘાન વાયુસેનાએ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના કોહાટ ક્ષેત્રમાં સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. ખરેખરમાં પાકિસ્તાને ગુરુવારે રાત્રે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ અને કંધહારમાં હવાઈ હુમલા કર્યા હતા. તાલિબાન અધિકારીઓ અનુસાર, આ હુમલાઓમાં 6 લોકોના મોત થયા હતા અને 15 લોકો ઘાયલ થયા હતા. આ દરમિયાન



પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે ઈસ્લામાબાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ્સ સામાન્ય રીતે ચાલુ છે અને એરપોર્ટ બંધ થવાના સમાચાર ખોટા છે. તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદના જણાવ્યા અનુસાર, પાકિસ્તાને પ્રાઈવેટ એરલાઈન 'કામ એર'ના ફ્યુઅલ ડેપો પર હુમલો કર્યો હતો, જે સિવિલિયન વિમાનો અને UNના વિમાનોને પણ ફ્યુઅલ સપ્લાય કરે છે. તેમણે ચેતવણી આપી હતી કે આ હુમલાનો જવાબ આપવામાં આવશે. બીજી તરફ, પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓએ રોયટર્સને જણાવ્યું કે આ કાર્યવાહી પાકિસ્તાની તાલિબાન (TTP)ના ઠેકાણાઓ પર કરવામાં આવી છે. તાજેતરના મહિનાઓમાં દેશમાં વધતા આતંકી હુમલાઓ બાદ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે પાકિસ્તાની હુમલા કંધાર અને પક્તિકા પ્રાંતોમાં પણ કરવામાં આવ્યા. કંધાર તાલિબાન નેતાઓનો ગઢ માનવામાં આવે છે. બીજી તરફ, તાલિબાન સરકારે પાકિસ્તાનના આરોપોને નકારી કાઢ્યા છે.

## જાપાન અને સાઉથ કોરિયાએ કરી પુષ્ટિ

# યુદ્ધ વચ્ચે ઉ.કોરિયાએ બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ કરતાં પાડોશી દેશોમાં ફફડાટ...

**પ્યોંગ્યોંગ, તા.06**

એક તરફ મિડલ-ઈસ્ટમાં છેલ્લા 15 દિવસથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે, તો બીજી તરફ નોર્થ કોરિયા પણ કોઈ યુદ્ધની તૈયારીમાં હોય તેમ જણાય છે. નોર્થ કોરિયાએ શનિવારે પોતાના પૂર્વી તટથી સમુદ્ર તરફ એક મિસાઈલ છોડી છે. જેના પર પાડોશી દેશો સતત નજર રાખી રહ્યા છે.



સાઉથ કોરિયન સેના અને જાપાન સરકારે આ શંકાસ્પદ મિસાઈલ પરીક્ષણની પુષ્ટિ કરી છે. આ અગાઉ ઉત્તર કોરિયાએ 27 જાન્યુઆરીના રોજ પૂર્વી સાગર તરફ અનેક નાના અંતરની બેલેસ્ટિક મિસાઈલો છોડી હતી. ન્યૂઝ એજન્સી યોનહેપના જણાવ્યા અનુસાર, સાઉથ કોરિયાના 'જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે' માહિતી આપી છે કે, નોર્થ કોરિયાએ પૂર્વ દિશામાં એક અજ્ઞાત વસ્તુ છોડી છે. સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓએ આ લોન્ચિંગની ભાળ મેળવી લીધી છે. જાપાન સરકાર પણ સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહી છે. જાપાન તરફથી નિવેદન આવ્યું છે કે, નોર્થ કોરિયા દ્વારા છોડવામાં આવેલી વસ્તુ બેલેસ્ટિક મિસાઈલ હોઈ તેવી શક્યતા વધારે છે. જાપાનના કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે, નોર્થ કોરિયા તરફથી છોડવામાં આવેલી આ શંકાસ્પદ બેલેસ્ટિક મિસાઈલ પહેલાથી જ સમુદ્રમાં પડી ચુકી છે. નોર્થ કોરિયાનું આ હાલનું પરીક્ષણ એવા સમયે થયું છે જ્યારે સાઉથ કોરિયા અને અમેરિકા તેમનો વાર્ષિક સૈન્ય અભ્યાસ 'ફ્રીડમ શીલ્ડ' કરી રહ્યા છે. નોર્થ કોરિયા અવારનવાર આ સૈન્ય અભ્યાસોનો વિરોધ કરતું આવ્યું છે અને તેને યુદ્ધની તૈયારી માને છે.

# ફેરિયાઓ અને પાથરણાંવાળાથી ભદ્ર ફરીથી ધમધમતું થયું: AMCએ વેરિફિકેશન કરીને વ્યવસ્થા ના કરતાં ગમે તેમ બેસી ગયા, ફરી ટ્રાફિકની સમસ્યા સર્જાઈ શકે

**અમદાવાદ, તા.15**

અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાજીના મંદિર નજીક ભદ્ર પરિસરમાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને ધંધો કરવા દેવા માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. ભદ્ર પરિસરમાં કાયદેસરના ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને 21 માર્ચ સુધીમાં વેરિફિકેશન અને સર્ટિફિકેટ તપાસ કરીને નીતિ નિયમ મુજબ બેસવા માટે કહેવામાં આવ્યું છે.



પરંતુ AMC દ્વારા વેરિફિકેશન કરીને વ્યવસ્થા ના કરાતાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓ પોતે ગમે તેમ બેસીને જાતે ધંધો શરૂ કરી દીધો છે. ભદ્ર પરિસરમાં મંદિરે દર્શન કરવા આવનારા લોકો અને હેરિટેજ વિસ્તારને જાળવવા માટે ભાજપના એસ્ટેટ અને લીગલ વિભાગના ચેરમેન દ્વારા ચૂંટણી નજીક આવતાની સાથે જ ભદ્ર પરિસર મુદ્દે ઢીલુ મૂકી દેવાતાં છેવટે ભદ્ર પરિસર ધમધમતું થયું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ અને પોલીસ દ્વારા કોઈપણ પ્રકારે આ બાબતે નિયમ મુજબ તપાસ કરવામાં આવી નહીં અને જે પણ ફેરિયાઓ બેસી ગયા તેમને બેસવા દેવામાં આવ્યા હતાં. જગ્યા ફાળવી અને વ્યવસ્થિત રીતે બેસવા દેવા દેવાની સૂચના છતાં પણ ગમે તે જગ્યા ઉપર બેસી ગયા હતાં.

હાઈકોર્ટના આદેશ બાદ તાત્કાલિક ધોરણે કોઈપણ પ્રકારની કમિટીની રચના કરી નહીં અને ભદ્ર બજાર ફરીથી ધમધમતું થઈ ગયું હતું. જોકે હવે આ વિસ્તારમાં ભદ્રકાળી મંદિરે દર્શન કરવા આવનારા અને વાહનો લઈને પસાર થનારા લોકોને ચોક્કસથી તકલીફ પડી શકે છે.

લાલ દરવાજાના ભદ્ર પરિસરમાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓનો સર્વે કર્યા વિના તેમના હટાવવા બાબતે લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફરીથી 586 ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને બેસવા દેવા માટે આદેશ કર્યો છે. ત્યારે 14 માર્ચે શનિવારથી જ ભદ્ર પરિસર ફરીથી ધમધમતું થઈ ગયું હતું.

હાઈકોર્ટના આદેશને અનુસરીને AMC દ્વારા ત્રણ અધિકારી અને એક સિનિયર પોલીસ અધિકારી દ્વારા ફેરિયાઓને આપેલાં સર્ટિફિકેટની ચકાસણી કરીને ભદ્ર પરિસરમાં બેસવા દેવા માટેની પ્રક્રિયા પૂરી કરવા જણાવવામાં આવ્યું છે.

જોકે, આ પ્રકારે સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવે તે પહેલાં જ ફેરિયાઓએ ભદ્ર વિસ્તારમાં પાથરણાં પાથરીને ધંધો કરવાનું શરૂ કરી દેવાને કારણે ભારે ભીડ જોવા મળી હતી.

એક પણ ફેરિયાઓની પાસે કયા સંસ્થાના ફેરિયાઓ છે અને વ્યવસ્થિત રીતે ટ્રાફિકને અડચણરૂપ ન થાય તેમ એક જ લાઈનમાં અને પટ્ટા દોરી અને સરખી રીતે બેસવાનું હોવા છતાં પણ ફેરિયાઓ અને પાથરણાંવાળાઓ બેસી ગયા હતાં. મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ અને પોલીસ દ્વારા કોઈપણ પ્રકારે આ બાબતે ધ્યાન આપ્યું નથી. ગેરકાયદેસર રીતે બેસતા ફેરિયાઓ અને પાથરણાંવાળાઓનો અને કબજો જમાવનારા લોકો સામે કાર્યવાહીની સૂચના છતાં પણ કોર્પોરેશનને કોઈ કાર્યવાહી કરી નહીં. સૂત્રોના જણાવ્યાનુસાર, હાઈકોર્ટના આદેશને પગલે ઘણાં સમય પછી ભદ્ર વિસ્તારમાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને બેસવા દેવામાં આવશે. પરંતુ AMC રેકર્ડ પર નોંધાયેલા ફેરિયા-પાથરણાંવાળાઓની સરખામણીએ મોટી સંખ્યામાં પાથરણાંવાળાઓનો રાફડો ફાટી નીકળે તેવી શક્યતા છે અને તેના કારણે ટ્રાફિકની સમસ્યા વકરે તેવી શક્યતા છે.

વધુમાં, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના સત્તાધીશો દ્વારા AMC દ્વારા ભદ્ર વિસ્તારમાં ફેરિયાઓ અને પાથરણાવાળાને દૂર કરવા માટે દબાણની ગાડીઓ અને સ્ટાફને ખડે પગે રાખવા અને મશીનરીને કામે લગાડવાની કામગીરી કરાઈ હતી. પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષોથી પેન્ડિંગ રહેલા કેસોમાં સફળતા મેળવનારા લીગલ કમિટી અને એસ્ટેટ વિભાગના બંને ચેરમેનો ભદ્ર પરિસરના મુદ્દે નિષ્ફળ ગયા હોય તેમ લાગી રહ્યું છે.

# એરપોર્ટના એરકાર્ગો ટર્મિનલ વિસ્તારમાં આગ: કામચલાઉ કેબીનના સ્ટ્રકચરમાં લાગેલી આગના કારણે ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા

**અમદાવાદ, તા.15**

અમદાવાદ એરપોર્ટ એર કાર્ગો ટર્મિનલ વિસ્તારમાં આગ લાગવાની ઘટના બની હતી. એર કાર્ગો ટર્મિનલ વિસ્તારમાં આવેલી એક ટેમ્પરરી કેબિન સ્ટ્રક્ચરમાં આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગતા ધુમાડા આકાશમાં જોવા મળ્યા હતા. જેના પગલે તાત્કાલિક એરપોર્ટ ફાયરની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી પરંતુ એર કાર્ગો વિસ્તારમાં બનેલી ઘટનાને લઈને એરપોર્ટ તંત્ર સાવચેત થઈ ગયું હતું.



મળતી માહિતી મુજબ અમદાવાદ એરપોર્ટના એરક્રાફ્ટ મૂવમેન્ટ એરિયા બહાર આગ લાગવાની ઘટના બની હોવાને લઈને દોડધામ મચી ગઈ હતી. એરપોર્ટની જૂની ગુજસેલ બિલ્ડિંગ પાસે આગ લાગવાની ઘટના બની હતી. એર કાર્ગો નજીકના ટેમ્પરરી કેબિન સ્ટ્રક્ચરમાં આગ લાગી હતી ત્યારે હાજર CISF જવાનો અને સ્ટાફ દ્વારા તરત જ એરપોર્ટ ફાયરને જાણ કરવામાં આવી હતી. એરોડ્રોમ રેસ્ક્યુ અને ફાયર ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવાયો હતો. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી. ઘટનામાં પણ કોઈ જાનહાનિ થઈ નથી આગ લાગવા અંગે હાલ એરપોર્ટ સ્ટાફ ઓથોરિટી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના પ્રવક્તા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આજે બપોરના પોણા ત્રણ વાગ્યા આસપાસ એરપોર્ટ વિમાન મુવેમેન્ટ એરિયાની બહારના ભાગે એક કામચલાઉ કેબીનમાં આગ લાગી હતી. એરોડ્રોમ રેસ્ક્યૂ અને ફાયર ફાઈટીંગની ટીમોએ તાત્કાલીક કાર્યવાહી કરી આગ પર કાબૂ મેળવી લીધો છે. ફ્લાઈટ મુવમેન્ટ સહિત એરપોર્ટની કામગીરી સામાન્ય રહી છે કોઈ અસર થઈ નથી. ઘટનાના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

# બુલેટ ટ્રેનની 400 કિ.મી.ની સ્પીડ સાથે ભોજનનો જલસો: સ્પીડની થ્રીલ ને મુંબઈ સુધીની સફરનો અહેસાસ

**વડોદરા, તા.15**

વડોદરામાં 'ધ બુલેટ રેસ્ટોરાં' એ શોખીનો માટે એક અનોખો અને રોમાંચક સેટઅપ લોન્ચ કર્યો છે, જ્યાં ગ્રાહકો 400 કિમીની વર્ચ્યુઅલ સ્પીડ સાથે બુલેટ ટ્રેનમાં બેસીને મુંબઈ સુધીની સફરનો અહેસાસ કરી શકે છે.

આ રેસ્ટોરાંના લોન્ચિંગ સમયે ગુજરાતી એક્ટ્રેસ શ્રદ્ધા ડાંગરે મુલાકાત લીધી હતી અને આ કોન્સેપ્ટને 'પૈસા વસૂલ' ગણાવ્યો હતો. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન શરૂ થાય તે પહેલાં જ, આ રેસ્ટોરાંમાં ટ્રેનની થ્રીલ, આધુનિક ઈન્ટિરિયર અને સ્વાદિષ્ટ ભોજનનો સંગમ એકસાથે જોવા મળશે.



PM નરેન્દ્ર મોદીના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ એવા બુલેટ ટ્રેનથી પ્રેરણા લઈને વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલા સેવન સીઝ મોલમાં બુલેટ ટ્રેન રેસ્ટોરન્ટ શરૂ કરવામાં આવી છે, ગુજરાતી ફિલ્મ જગતના અભિનેત્રી શ્રદ્ધા ડાંગરના હસ્તે આજે તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ટ્રેનમાં બેસતા જ 400 કિમી સ્પીડ બુલેટ ટ્રેન જતી હોય એવો અનુભવ તમને થશે. જેના માટે બારીમાં LED સ્ક્રીન લગાવવામાં આવી છે અને તેમાં અમદાવાદથી મુંબઈના રિયલ દૃશ્યો દર્શાવવામાં આવ્યા છે. જેને શૂટ કરતા 45 દિવસનો સમય લાગ્યો હતો. આ ઉપરાંત રેસ્ટોરન્ટનું ઈન્ટિરિયર પણ લક્ઝુરિયસ છે. ધ બુલેટ રેસ્ટોરન્ટના માલિક વિજય અગ્રવાલે જણાવ્યું હતું કે, વર્ષ 2016માં કામ અર્થે ચાઈના જવાનો અવસર મળ્યો હતો. તે સમયે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરી હતી અને ત્યાર બાદ ભારત દેશના PM નરેન્દ્ર મોદીએ મુંબઈથી અમદાવાદ વચ્ચે વર્ષ 2030માં બુલેટ ટ્રેનનો પ્રારંભ થશે તેવી જાહેરાત કરી છે. જેથી મને વિચાર આવ્યો કે બુલેટ ટ્રેનમાં લોકો વર્ષ 2030માં મુસાફરી કરશે પણ તે પહેલા તેઓને બુલેટ ટ્રેનમાં બેસવા જેવો અનુભવ મળે એના માટે કંઈક કરીએ. તેઓએ વધુમાં કહ્યું કે, અમે 45 દિવસ મુંબઈથી અમદાવાદના રૂટ પર શૂટ કર્યું હતું અને તે શૂટિંગને LED સ્ક્રિન ઉપર મૂકવામાં આવ્યું છે. જેનાથી રેસ્ટોરન્ટમાં આવનાર દરેકને ટ્રેનમાં બેઠા હોય તેવું ફિલ થશે. જે માટે 3 મહિના સુધી 100 લોકોની ટીમ કામે લાગી હતી અને આ પ્રોજેક્ટને સફળ બનાવ્યો હતો.

અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારતમાં વર્ષ 2030 સુધીમાં જે બુલેટ ટ્રેન આવવાની છે, અમે તે અંગેની જરૂરી માહિતી એકત્રિત કરી હતી. એ જ માહિતીના આધારે અમે આ 'ડમી ટ્રેન' બનાવી છે, જે બહારથી જોતા તમને બિલકુલ અસલી ટ્રેન જેવો જ અનુભવ કરાવશે.

# ગુજરાત યુનિ.માં ભરતી પ્રક્રિયાના વિવાદ વચ્ચે લેખિત પરીક્ષા

## નોન ટીચિંગ સ્ટાફની 130 જગ્યા માટે હજારો ઉમેદવારોએ પરીક્ષા આપી, કહ્યું- મળતિયાઓને સેટ કરાશે તો ઘણી અસર થશે'

**અમદાવાદ, તા.15**

ગુજરાત યુનિવર્સિટીમાં લાંબા સમયથી ખાલી પડેલી નોન ટીચિંગ સ્ટાફ માટેની ભરતી પરીક્ષા યોજવામાં આવી છે. અલગ અલગ 130 જેટલી જગ્યા માટે ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જો કે તે બાદ ભરતી પ્રક્રિયામાં મળતિયાઓને સેટ કરવા માટે ગોઠવણ ચાલતી હોવાના આક્ષેપ પણ NSUI દ્વારા કરવામાં આવ્યા હતા. અનેક વિવાદો વચ્ચે આજે હજારો ઉમેદવારોએ પરીક્ષા આપી છે. સિનિયર ક્લાર્ક, જુનિયર ક્લાર્ક સહિતના પદો માટેની લેખિત પરીક્ષા યોજવામાં આવી છે. કોઈપણ વિવાદ વગર પરીક્ષા પૂર્ણ થાય અને નિષ્પક્ષ રીતે પરીક્ષાનું પરિણામ જાહેર થાય તેવી આશા સાથે ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા સમયથી નોન ટીચિંગ સ્ટાફની અલગ અલગ જગ્યાઓ ખાલી પડી હતી. જેના કારણે કામગીરી પર પણ તેની અસર જોવા



મળી રહી હતી. તેમજ લાંબા સમયથી ભરતી પ્રક્રિયા અટકી હોવાને કારણે અનેક ઉમેદવારો આ પરીક્ષાની રાહ જોઈ રહ્યા હતા. જો કે તે બાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા 130 જેટલી જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ભરતી પ્રક્રિયા જાહેર થઈ ત્યારથી જ અનેક વિવાદો પણ સામે આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલી ભરતી પ્રક્રિયામાં મળતિયાઓને સેટ કરવા ગોઠવણ ચાલતી હોવાનો NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેમજ રાતોરાત નિયમો બદલીને સબંધીઓને નોકરીમાં લાવવા પ્રયાસ થતા હોવાના પણ આક્ષેપ થયા હતા. સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરવાની માગ સાથે અનેક વખત NSUI દ્વારા વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા NSUIના તમામ આક્ષેપને નકારી દેવામાં આવ્યા હતા. જો કે લેખિત પરીક્ષા યોજાય તે પહેલા આસિસ્ટન્ટ રજીસ્ટર, ફિઝિકલ એજ્યુકેશન ડાયરેક્ટર, પીએ ટુ વીસી અને પીએ ટુ રજીસ્ટરની જગ્યા પરની ભરતી પ્રક્રિયા મુલતવી રાખવામાં આવી હતી, પરંતુ બાકીની જગ્યા માટે યુનિવર્સિટીએ નક્કી કરેલા કાર્યક્રમ મુજબ પરીક્ષા યોજવામાં આવી છે. શહેરના અલગ અલગ પરીક્ષા સેન્ટર પર હજારો ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. વિવાદોને નજર અંદાજ કરી ઉમેદવારો પરીક્ષા આપવા પહોંચ્યા હતા. પરીક્ષા સેન્ટર પર ઓરિજિનલ ડોક્યુમેન્ટની ચકાસણીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તેમજ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પણ શરૂ ગઈ હતી. વિક્રમ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા સમયથી નોન ટીચિંગ સ્ટાફની જગ્યાઓ ખાલી પડી હતી. જેથી ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી યોજાઈ હતી જેની આજે પરીક્ષા લેવાઈ રહી છે. પરીક્ષા માટે ઘણી મહેનત કરી છે અને સારી તૈયારી કરી છે. પેપર કેવું પુછાય છે તેના પર આધાર છે. ભરતીમાં વિવાદ ચાલતો હોવાનો પણ સામે આવ્યું હતું, પરંતુ એ તમામ વિવાદોને નજર અંદાજ કરીને સારી રીતે તૈયારી કરી છે. જો ભરતીમાં મળતિયાઓને સેટ કરવામાં આવે તો ઘણી અસર થઈ શકે છે. કારણ કે ઘણા વર્ષોથી પરીક્ષા માટેની તૈયાર કરતા હોઈએ છીએ. ઘણી એવી પરીક્ષા છે જેમાં આવું બનેલું પણ છે, પરંતુ સારી રીતે પરીક્ષા પૂર્ણ થઈ જાય તેવી આશા રાખીએ છીએ. ઉમેદવાર અમને જણાવ્યું હતું, નોન ટીચિંગ સ્ટાફની ભરતી માટેની આજે પરીક્ષા લેવાઈ રહી છે. તૈયારીઓ તો ઘણી સારી કરી છે. રીઝનીંગ પર સૌથી વધુ ધ્યાન આપ્યું છે. તેમજ કોમ્પ્યુટરના જે સવાલ છે તેના પર પણ વધારે ફોકસ રહેશે. મારા માટે કોમ્પ્યુટરના સવાલ અઘરા રહેવાના છે.

# ગુજરાત મેટ્રો રેલના 100 સિક્યુરિટી ગાર્ડ હડતાળ પર: પગાર, હક્ક રજા સહિતના પ્રશ્ને ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન પર વિરોધ પ્રદર્શન

**અમદાવાદ, તા.15**

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (મેટ્રો રેલવે)માં રેલવે સ્ટેશન પર સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવનારા કર્મચારીઓ આજે 15 માર્ચના રોજ બપોરે હડતાલ પર ઉતરી ગયા હતા. ઈન્કમટેક્સ નજીક ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન ખાતે 100 જેટલા સિક્યુરિટી ગાર્ડ દ્વારા ભેગા મળી વિરોધ નોંધાવ્યો હતો. સિક્યુરિટી ગાર્ડના આક્ષેપ છે કે, તેમને નક્કી કરેલા પગાર કરતા ઓછો પગાર આપવામાં આવે છે. હકની રજા આપવામાં આવતી નથી અને ઓવરટાઈમનો પણ ચૂકવતો પગાર આપવામાં આવતો નથી. જે સુપરવાઈઝરને તેમણે ફરિયાદ કરી હતી અને તેમણે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા તેમને પણ નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે જેથી તેમને નોકરીમાં પરત લેવામાં આવે અને માંગણીઓ પૂરી કરવામાં આવે તેવી માંગ સાથે વિરોધ કર્યો હતો.

અમદાવાદની લાઈફ લાઇન ગણાતી એવી મેટ્રો ટ્રેનમાં રેલવે સ્ટેશન અને અન્ય જગ્યાએ સુરક્ષા વ્યવસ્થા સંભાળતા સિક્યુરિટી



ગાર્ડોએ ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન નીચે ભેગા થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. અંદાજે 100 જેટલા ગાર્ડોએ ગૌરવ સિક્યુરિટી એજન્સી સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. પુષ્પાબેન રાજપૂત નામના મહિલા સિક્યુરિટી ગાર્ડે જણાવ્યું હતું કે, ગૌરવ સિક્યુરિટીમાં અમે નોકરી કરીએ છીએ અગાઉ અમને 496 રૂપિયા પ્રતિ દિવસના ચૂકવવામાં આવતા હતા હવે 476 રૂપિયા આપવામાં આવે છે આ બાબતે અમે અમારા સુપરવાઈઝર નીનામા સાહેબને વાત કરી હતી તેમણે ઉપરી અધિકારીને રજૂઆત કરી હતી. ઉપરી અધિકારીના રજૂઆત કરતા સિક્યુરિટી ગાર્ડનો પક્ષ કેમ લો છો એમ કહી અને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા જેથી તેમને નોકરીમાં પરત લાવવાની પણ માંગ કરી છે.

સિક્યુરિટી ગાર્ડ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ભરતી સમયે તેમને જે પગાર અને સુવિધાઓ અંગે ખાતરી આપવામાં આવી હતી, તે મુજબ સુવિધાઓ આપવામાં આવતી નથી. તેમને નક્કી કરેલા પગાર કરતાં ઓછો પગાર આપવામાં આવે છે અને ઘણી વખત પગારમાં કાપ પણ કરવામાં આવે છે. ગાર્ડોએ આક્ષેપ કર્યો કે પૂરતી રજા આપવામાં આવતી નથી અને જો કોઈ ગાર્ડ રજા માંગે તો તેને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવે છે. આ ઉપરાંત ગાર્ડોએ કહ્યું કે તેમની પાસેથી લાંબા સમય સુધી ડ્યૂટી કરાવવામાં આવે છે અને ઘણી વખત જબરદસ્તી ઓવરટાઈમ પણ કરાવવામાં આવે છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

